નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

Happy Valentine's Day

રવિવાર, 12 ફેબ્રુઆરી 2023 | મહા વદ 06, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 40 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**હજુ 60000 દટાયેલા હોવાની આશંકા**

### ભૂકંપગ્રસ્ત તૂર્કિયે અને સિરિયાની તસ્વીરો જોઈને કચ્છીમાડુઓની આંખો પણ ભીની થઈ

# મૃત્યુઆંક 30 હજાર પર પહોંચી શકે

■ કાટમાળમાં દબાયેલા હજારો જિંદગીઓને બચાવવા સમયની સાથે બાથ ભીડી રહી છે બચાવ ટુકડીઓ...

ગુજરાત | વંદન



ભારતથી હજારો કિ.મી. દૂર તૂર્કિયે અને સિરિયામાં ભીષણ અને ભયાનક ભૂકંપના દ્રશ્યો જોઈને ગુજરાત અને ખાસ કરીને કચ્છીમાડુઓની આંખો ભીની થઈ છે. કેમ કે 26,જાન્યુ.2001ના રોજ કચ્છમાં ભીષણ ભૂકંપે આવી જ તારાજી સર્જી હતી અને કાટમાળમાં હજારો જિંદગીઓ તબાહ થઈ હતી. તૂર્કિયે(જુનું નામ તૂર્કી) અને સિરિયામાં ભૂકંપથી મરનારાઓની સંખ્યા સતત વધી રહી છે અને મૃત્યુઆંક 25 હજારને પાર થતાં એવી શક્યતા છે કે, આંકડો પાર થઈને 30 હજાર પર પહોંચે તેમ માનવામાં આવી રહ્યું છે. કેમ કે ધરાશાયી થયેલી 12000 ઉંચી ઈમારતોની નીચે હજુ 60 હજાર લોકો દબાયેલા હોવાનું મનાય છે અને જેમ જેમ સમય વીતી રહ્યો છે તેમ તેમ તેમના બચવાની કે તેમને બચાવવાની તકો ઘટી રહી છે. ભારતે પણ ઓપરેશન દોસ્ત હેઠળ બચાવ ટુકડીઓ તાલીમબધ્ધ શ્વાન સાથે મોકલી છે અને ઘણાંને બચાવ્યાં છે.

સૂત્રોએ કહ્યું કે કચ્છમાં 20 હજાર કરતાં વધુ લોકો ...અનુસંધાન પેજ નં. 6 પર

**ભારતીય સેનાએ હોસ્પિટલ બનાવી** | ભારતીય સેનાએ ભૂકંપ પીડિતોની મદદ માટે તુર્કીના હેતે શહેરમાં આર્મી ફિલ્ડ હોસ્પિટલની પણ સ્થાપના કરી છે. ભૂકંપમાં ઘાયલ થયેલા લોકોને અહીં સારવાર આપવામાં આવી રહી છે. વિદેશ રાજ્ય મંત્રીએ એમ પણ કહ્યું કે ભારત તુર્કીના લોકોને શક્ય તમામ મદદ આપવા માટે તૈયાર છે.

## ભૂકંપના કાટમાળમાં જન્મેલી બાળકીનું નામ 'અયા' રખાયું

સીરિયામાં આ અઠવાડિયે આવેલા શક્તિશાળી ભૂકંપમાં હજારો લોકો માર્યા ગયા હતા. એક તરફ ભૂકંપે હજારો લોકોના જીવનને સંપૂર્ણપણે તબાહ કરી નાખ્યું હતું, તો બીજી તરફ આ દુર્ઘટનામાં એક ચમત્કાર પણ થયો હતો. કાટમાળ નીચે



દટાઈ જવા છતાં એક મહિલાએ બાળકીને જન્મ આપ્યો. મહિલાનો જીવ બચાવી શકાયો નથી, પરંતુ બાળક સંપૂર્ણપણે સુરક્ષિત છે. બાળકીનું નામ પણ હવે પડી ગયું છે. બાળકીનું નામ 'અયા' રાખવામાં આવ્યું છે. અરબીમાં તેનો અર્થ 'ઈશ્વરની નિશાની' થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'અયા'ને ભૂકંપના 10 કલાકથી વધુ સમય બાદ ગેન્ડ્રીસમાં રેસ્ક્યુ વર્કર્સ દ્વારા બચાવી લેવામાં આવી હતી. કોંક્રીટની નીચે દટાયેલું બાળક તેની માતા અફરાહ અબુ હાદિયા સાથે ગર્ભનાળ વડે જોડાયેલું હતું. બાળકીને તાત્કાલિક નજીકના શહેર આફ્રીનની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. આયાના માતા-પિતા અને તેના તમામ ભાઈ-બહેન ભૂકંપમાં માર્યા ગયા છે.

## એ માતાને સો-સો નહી પણ સમસ્ત માનવજાતની હજારો સલામ...




મા તે મા. તેની તોલે ના, ઈશ્વર ભગવાન કોઈપણ તેની બરાબરી ન કરી શકે. રામ રાખે તેને કોણ ચાખે. આ કહેવતને ચરિતાર્થ કરનાર નહી પણ હું ભલે ન રહું પરંતુ મારા ગર્ભમાં રહેલુ બાળક બચવું જોઈએ એવી એક મક્કમ મનોબળ માટે ભુકંપગ્રસ્ત સીરિયાની કાટમાળની નીચે દટાયેલીએ માતાને સલામ કરવી જાઈએ કે જેણે પોતે બચી શકે તેમ નથી એમ લાગ્યું ત્યારે પોતાના બાળકને જેમ-તેમ કરીને જન્મ આપ્યો. એ નવજાત શિશુ જ્યારે બચાવ ટુકડીના એક સભ્યને મળ્યો ત્યારે તે પણ તેને ચમત્કાર માન્યો હશે. બીજી ક્ષણે તે નવજાત શિશુને લઈને બહાર આવ્યો ત્યારે ગર્ભનાળ તેના ગળામાં વીંટળાયેલી હતી જે દર્શાવે છે કે, તેનો જન્મ હમણાં જ થયો છે. સમસ્ત દુનિયાની આ એક એવી માનવીય સંવેદનાને ઝકઝોર કરનારી ઘટના છે કે જો તેની નોંધ ન લઈએ તો અખબારી ધર્મ ચુક્યો કહેવાય.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં ભૂકંપનો મોટો આંચકો: ભૂકંપની તીવ્રતા 3.8 રિક્ટર સ્કેલ

સુરતમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે લગભગ 1 વાગ્યાની આસપાસ ભૂકંપનો



આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાને કારણે શહેરીજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી કચ્છ અને સૌરાષ્ટ્રમાં આંચકા અનુભવાયા હતા. હવે સુરતમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપની તિવ્રતા 3.8ની મપાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ સુરતથી 27 કિમી દૂર નોંધાયું હતું. સુરતમાં આવેલા ભૂકંપના આંચકાને પગલે શહેરીજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપને કારણે કોઈ નુકશાન નથી. હજુ એક દિવસ પહેલા જ કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા 3.0 નોંધાઈ હતી.

### ક્રિપ્ટોકરન્સીને લઈને G20 દેશો સાથે ચર્ચા: નાણામંત્રી નિર્મલા સીતારમણ

નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના એક નિવેદનમાં ક્રિપ્ટોકરન્સી વિશે મોટી વાત



કહી છે. નિર્મલા સીતારમણે શનિવારે કહ્યું કે ક્રિપ્ટોકરન્સીમાં ટેક્નોલોજીની વધુ ભૂમિકા છે, તેથી અમે તમામ દેશો સાથે વાત કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે કોઈ એક દેશ એકલો આ અંગે નિયમો લાવી શકે નહીં. અન્ય દેશો સાથે ચર્ચા કરવામાં આવી રહી છે કે જો ક્રિપ્ટો સંબંધિત નિયમો લાવવાના હોય તો શું કોઈ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાને અનુસરી શકાય. તેમણે કહ્યું કે G20 દેશો સાથે ચર્ચા ચાલી રહી છે.

### કર્ણાટક: બેંગલુરુમાં ISISના શંકાસ્પદ આતંકવાદીની ધરપકડ

પોલીસ અને કેન્દ્રીય એજન્સીએ કર્ણાટકની રાજધાની બેંગલુરુમાંથી એક શંકાસ્પદ આતંકવાદીની ધરપકડ



કરી છે. ISISના શંકાસ્પદ આતંકવાદીનું નામ આરિફ જણાવવામાં આવી રહ્યું છે. પોલીસ અને એજન્સીએ સંયુક્ત રીતે આ કાર્યવાહી કરી છે.રાજ્યના ગૃહમંત્રીએ પણ આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે કેન્દ્રીય એજન્સી અને પોલીસે મળીને એક શંકાસ્પદ આતંકવાદીની ધરપકડ કરી છે. શંકાસ્પદ વ્યક્તિ આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલ હોવાની માહિતી મળી છે. તેણે કહ્યું કે શંકાસ્પદ વિદેશ જવાની યોજના બનાવી રહ્યો હતો.

### વાંકી નજરે...




## અજબ જાતિની ગજબ પ્રથા: જિરાફ ડોક વાળી મહિલાઓ...!



સામાન્ય રીતે જિરાફની ડોક લાંબી હોય છે. ભારતને અડીને આવેલા મ્યાનમાર દેશમાં પ્રાચીન જાતિની મહિલાઓમાં હજુ પણ એક વિચિત્ર પરમ્પરા-પ્રથા જોવા મળે છે. તસ્વીરમાં જણાય છે તેમ આ ત્રણ મહિલાઓની ડોક સામાન્ય મહિલા કરતા ઊંચાઈમાં વધારે છે. ગળાની ફરતે ધાતુની રિંગ્સ (કોઈલ્સ) દેખાય છે. કાયન નામની આદીજાતિની મહિલાઓમાં એવી માન્યતા છે કે, ઊંચી ડોક રાખનાર મહિલાઓ પ્રત્યે પુરૂષોનું આકર્ષણ વધે છે અને સુંદરતામાં વધારો થાય છે. એટલું જ નહીં તેમની માન્યતા અનુસાર શૈતાનની ખરાબ નજરોથી રક્ષણ પણ મળે છે. આ જાતિમાં બાળકી પાંચ વર્ષની હોય ત્યારથી તેના ગળાની ફરતે ધાતુની કોઈલ્સ ભરાવી દેવામાં આવે છે, જેમ-જેમ ઉમર વધે તેમ-તેમ કોઈલ્સની સંખ્યા વધતી જાય અને છેવટે પુખ્તવયની થાય ત્યારે તસ્વીરમાં દેખાય છે એટલી કોઈલ્સ તેના ગળાની ફરતે કાયમ માટે વિંટળાઈ જાય છે.

## જમ્મુ-કાશ્મીરના 12 જિલ્લામાં હિમપ્રપાતની ગંભીર ચેતવણી



■ સ્થાનિક લોકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા કરાઈ તાકિદ

ગુજરાત | વંદન

જમ્મુ અને કાશ્મીર સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ 12 જિલ્લામાં હિમસ્ખલનની શક્યતા અંગે ચેતવણી જારી કરી છે. SDMA એ 2,000 થી 2,500 મીટરની ઉંચાઈએ આવેલા જિલ્લાઓ માટે 'મધ્યમ ભય' ચેતવણી જારી કરી છે. આ જિલ્લાઓમાં અનંતનાગ, બાંદીપોર, બારામુલ્લા, ગાંદરબલ, કુપવાડા, કુલગામ, ડોડા, કિશ્તવાડ અને પૂંચનો સમાવેશ થાય છે.

તે જ સમયે, રિયાસી, રાજૌરી અને રામબન જિલ્લામાં 'નીચા જોખમ'ના સ્તર સાથે હિમપ્રપાતની ...અનુસંધાન પેજ નં. 6 પર

## અમેરિકાના આકાશમાં દેખાઈ કાર જેવી શંકાસ્પદ વસ્તુ, ફાઈટર વિમાને તોડી પાડી

ગુજરાત | વંદન

અમેરિકન જેટે ચાઈનીઝ સ્પાય બલૂનને તોડી પાડ્યા પછી, અમેરિકન ફાઈટર પ્લેને વધુ એક નવી વસ્તુ તોડી પાડી હતી. આ શંકાસ્પદ વસ્તુ (અનઆઈડેન્ટિફાઈડ ઓબ્જેક્ટ) અલાસ્કામાં 40,000 ફૂટ ઉપર ઉડી રહી હતી. તેની સાઈઝ અગાઉના જાસૂસી બલૂન કરતા ઓછી હતી. દેખાવમાં તે નાની કાર જેવી હતી. જો કે, આ અજાણી વસ્તુનો હેતુ શું હતો તે જાણી શકાયું નથી.

વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે શુક્રવારે અલાસ્કામાં એક યુએસ ફાઈટર પ્લેન એક અજાણી વસ્તુને તોડી પાડ્યું હતું. ચીની જાસૂસી બલૂન પડ્યાના છ દિવસ બાદ જ આકાશમાં આવો જ બીજો પદાર્થ જોવા મળ્યો છે. રાષ્ટ્રપતિ જો બિડેનના આદેશ પછી તેને શૂટ-ડાઉન કરવામાં આવ્યું હતું. વ્હાઈટ હાઉસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કે તે સ્પષ્ટ નથી કે નવા ઑબ્જેક્ટનો હેતુ અથવા મૂળ શું છે, પરંતુ તે નાગરિક ઉડ્ડયન માટે ખતરો છે. આ ઑબ્જેક્ટ ગયા અઠવાડિયે યુનાઈટેડ સ્ટેટ્સ પર ફરતા વિશાળ ...અનુસંધાન પેજ નં. 6 પર

### આગામી લોકસભા ચૂંટણી-2024ને લઈને વર્તમાનમાં સર્વેનું રસપ્રદ તારણ

## હાલમાં ચૂંટણી થાય તો ભાજપને માત્ર 284 બેઠકો મળી શકે...

■ કોંગ્રેસ સહિત યુપીએને 153 બેઠકો મળવાનું અનુમાન

ગુજરાત | વંદન



તાજેતરમાં લોકસભા ચૂંટણી 2024ને લઈને સી-વોટરનો એક સર્વે બહાર આવ્યો છે. સર્વેના આંકડા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બીજેપીની ટેન્શન વધારનાર છે કારણ કે આમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહનો સૌથી મોટો જાદુ ખત્મ થઈ રહ્યો હોવાનું તારણ નિકળે છે.

વિવિધ સમયે વિવિધ એજન્સીઓ રાજકીય મોજણી હાથ ધરતી હોય છે. ઘણીવાર સત્તાપક્ષના કહેવાથી પ્રજાનું મૂડ પારખવા સર્વે થાય છે તો ઘણીવાર વિપક્ષને મૌજ આવે એવા પણ સર્વે થતા હોય છે. એક તાજા સર્વેમાં એવું રસપ્રદ તારણ બહાર આવ્યું છે કે, જો આજે લોકસભાની ચૂંટણી થાય તો ભાજપને 543માંથી 284 બેઠકો મળી શકે. ગઈ ચૂંટણીમાં ભાજપને 302 બેઠકો મળી હતી. સર્વેમાં કોંગ્રેસ અને સાથી પક્ષો માટે સત્તા મળે એવો ઈશારો નથી પણ ગઈ વખતની 91 બેઠકોમાં વધારો થઈ શકે એમ આ સર્વે કહે છે.

સર્વેમાં ભાજપનું ટેન્શન વધારતા મુદ્દાઓને સમજતા પહેલા તેના મુખ્ય તારણો જાણી લઈએ. સર્વે અનુસાર, 52 ટકા વોટ સાથે પીએમ મોદી આગામી લોકસભા ચૂંટણી માટે ટોચની પસંદગી છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## સુપ્રિમમાં 69 હજાર અને દેશભરની હાઈકોર્ટમાં 60 લાખ કેસ પેન્ડીંગ

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે માહિતી આપી હતી કે સુપ્રીમ કોર્ટમાં 69,000 થી વધુ કેસ પેન્ડિંગ છે, જ્યારે દેશની 25 હાઈકોર્ટમાં 59 લાખથી વધુ કેસ પેન્ડિંગ છે.

કાયદા મંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.સુપ્રીમ કોર્ટની વેબસાઈટની વિગતોને ટાંકીને તેમણે કહ્યું કે 1 ફેબ્રુઆરી સુધી સર્વોચ્ચ અદાલતમાં 69,511 કેસ પેન્ડિંગ હતા.

તેમણે કહ્યું કે,ફેબ્રુઆરી, 2023 સુધીમાં નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ (NJDG) પર ઉપલબ્ધ માહિતી મુજબ, દેશભરની હાઈકોર્ટમાં 59,87,477 કેસ પેન્ડિંગ છે.સિક્કિમ હાઈકોર્ટમાં સૌથી ઓછા કેસ 171 છે. રિજિજુએ જણાવ્યું હતું કે ન્યાયતંત્ર દ્વારા કેસોના ઝડપી નિકાલના ઉદ્દેશ્યથી "શ્રેષ્ઠ વાતાવરણ" પ્રદાન કરવા માટે સરકારે ઘણી પહેલ કરી છે.






### ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી

## અમારી સરકારે માત્ર પાંચ વર્ષમાં ત્રિપુરાને ઝડપી વિકાસના પાટા પર લાવી દીધું: મોદી


■ ચારે બાજુથી 'ફિર એક બાર, ડબલ એન્જિન કી સરકાર'ના જોરદાર અવાજો આવી રહ્યાં છે...

ગુજરાત | વંદન



ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી છે. સત્તાધારી પક્ષ ભાજપે પોતાનો ચૂંટણી પ્રચાર તેજ કર્યો છે. ભાજપના ઘણા મજબૂત નેતાઓ ત્રિપુરામાં પ્રચારમાં વ્યસ્ત છે. તે જ સમયે, હવે પીએમ મોદીએ પણ રેલી કરી હતી. આ દરમિયાન તેમણે વિપક્ષી પાર્ટીઓ પર આકરા પ્રહારો કર્યા હતા.

મોદીએ કહ્યું, "ત્રિપુરા ચૂંટણીની આ મારી પ્રથમ જાહેર સભા છે અને અહીં હું આટલી મોટી સંખ્યામાં જોઉં છું, જ્યાં સુધી મારી આંખો દેખાય છે ત્યાં સુધી માત્ર લોકો જ દેખાય છે. હું મારા હૃદયથી તમારી ખૂબ પ્રશંસા કરું છું." હું મારી લાગણી વ્યક્ત કરું છું. કૃતજ્ઞતા."તેમણે કહ્યું, "આ આનંદ અને ઉત્સાહ સાચે જ દર્શાવે છે કે વિકાસનું આ ડબલ એન્જિન અટકવાનું નથી. ચારે બાજુથી 'ફિર એક બાર, ડબલ એન્જિન કી સરકાર'ના જોરદાર અવાજો આવી રહ્યા છે." ...અનુસંધાન પેજ નં. 6 પર



# વીજળી બચાવવા અનોખી પહેલ: જ્યાં સુધી અજવાળુ હોય ત્યાં સુધી લાઈટો ચાલુ નહીં કરવા CMની સુચના

ગુજરાત | વંદન

રાજ્યમાં સરકારી કચેરીઓમાં વીજળીનો વેડફાટ અવારનવાર સામે આવતો હોય છે. સરકારી અધિકારીઓને જાણે કોઈ નુકસાનની ચિંતા જ ના હોય તેમ તેમના કેબિનોમાં લાઈટો અને પંખા ચાલુ હોય છે. ત્યારે હવે ખુદ મુખ્યમંત્રીએ એક એવી પહેલ કરી છે. તેમણે જ્યાં સુધી અજવાળુ હોય ત્યાં સુધી તેમની ઓફિસમાં લાઈટ ચાલુ નહીં રાખવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે અન્ય મંત્રીઓને પણ વિજળી બચાવવા અજવાળું હોય ત્યાં સુધી લાઈટો ચાલુ નહીં કરવા આદેશ કર્યો છે. તેમણે એન્ટી રૂમના વીજ ઉપકરણો પણ જાતે જ ચાલુ-બંધ કરવાનો નિર્ણય લીધો છે.હવેથી મુખ્યમંત્રી કાર્યાલયમાં વીજળીની બચત થાય તે માટે જ્યાં સુધી ઓફિસ અને કાર્યાલયમાં અજવાળું હોય એટલે કે કુદરતી પ્રકાશ આવતો હોય ત્યાં સુધી લાઈટ ચાલુ ન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. CM ભૂપેન્દ્ર પટેલે અન્ય મંત્રીઓને પણ અજવાળું હોય ત્યાં સુધી લાઈટ ચાલુ ન કરવા સૂચન કર્યું છે.

વીજળીની બચત થાય તે હેતુથી સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ સૂચન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સ્વર્ણિમ સંકુલમાં સવારે ઓફિસો શરૂ થતાંની સાથે જ લાઈટ ચાલુ થઈ જતી હોય છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આ અનોખી પહેલથી સરકારી તિજોરીનું આંશિક ભારણ ઓછું થશે અને એટલી વીજળીની પણ બચત થશે. એન્ટી રૂમમાં પણ AC સહિતના જે વીજ ઉપકરણો છે તે કોઈ બેઠા હોય કે ન હોય સતત ચાલુ રહેતા હોય છે. જેના કારણે વીજળીનો વ્યય થતો હોય છે.

# રાજ્યમાં 10 માર્ચથી તુવેર, ચણા-રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે: સરકારની જાહેરાત

ગુજરાત | વંદન

ગુજરાતમાં આગામી તા.10મી માર્ચથી તા. 7મી જૂન 2023 દરમિયાન તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે. તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વર્ષ 2022-23 માં એડવાન્સ એસ્ટીમેટ મુજબ તુવેરનું 2.10 લાખ હેકટર, ચણાનું 7.31 લાખ હેકટર તથા રાઈનું 3.21 લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે.



રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ 2022-23 માં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી માટે ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફતે નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર તા. 01-02-2023થી ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. જે આગામી તા.28-02-2023 સુધી ચાલુ રહેશે. તા. 07-02-2023 સુધીમાં તુવેર પાકમાં કુલ 1,431 ચણા પાકમાં 1,16,127 તથા રાયડા પાકમાં 949 ખેડૂતોએ નોંધણી કરાવી છે. રાજ્ય સરકાર દ્વારા આગામી તા.10-03-2023 થી તા.07-06-2023 દરમિયાન ટેકાના ભાવે ખરીદી કરાશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી ચાલુ વર્ષ 2022-23માં તુવેર પાકનો ટેકાનો ભાવ રૂ.6600 પ્રતિ કિવન્ટલ, ચણાનો રૂ.5335 પ્રતિ કિવન્ટલ તથા રાઈનો ભાવ રૂ. 5450 પ્રતિ કિવન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. તુવેરની ખરીદી 135 કેન્દ્રો, ચણાની ખરીદી 187 કેન્દ્રો અને રાઈની ખરીદી 103 કેન્દ્રો પરથી કરાશે. વર્ષ 2022-23 માં એડવાન્સ એસ્ટીમેટ મુજબ તુવેરનું 2.10 લાખ હેકટર, ચણાનું 7.31 લાખ હેકટર તથા રાઈનું 3.21 લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે. અને તા.10મી માર્ચથી તા. 7મી જૂન 2023 દરમિયાન તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે.

# કેન્દ્ર સરકાર દ્વારા હજ કમિટીના ક્વૉટા માં વધારો

ગુજરાત | વંદન

લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ હવે કેન્દ્ર સરકારે હજ કમિટિના ક્વૉટામાં વધારો કર્યો છે. નવી હજ પોલીસી - ૨૦૨૩ અંતર્ગત હવે કુલ ક્વૉટામાંથી હજ કમિટીનો ક્વોટા 70 ટકાથી વધારીને 80 ટકા કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યને પણ દર વર્ષે ક્વૉટામાં વધારો મળશે, જેથી ગુજરાતના હજ અરજદારોને તેનો લાભ મળશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા VIP ક્વોટા પણ બંધ કરાતા એ ક્વૉટાથી પણ સામાન્ય હજ અરજદારોને સીધે-સીધો ફાયદો થશે, તેવું ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષએ જણાવ્યું હતું.

હજ-2023ની તમામ માહિતી અને સૂચનાઓ હજ કમિટી ઓફ ઈન્ડિયા-મુંબઈની વેબસાઈટ https://www.hajcommittee.gov.in ઉપર મૂકવામાં આવશે. આ ઉપરાંત વધુ જાણકારી માટે ગુજરાત રાજ્ય હજ સમિતિની વેબસાઈટ https://haj.gujarat.gov.in અને https://www.gujarathajhouse.inની મુલાકાત લેવા જણાવાયું છે.

## બે લાખ વિદ્યાર્થીઓને મળશે લાભ

# તેજસ્વી છાત્રાઓ માટે રાજ્યમાં બનશે 400 જ્ઞાનસેતુ ડે સ્કૂલ

ગુજરાત | વંદન

આગામી દસ વર્ષમાં સરકારી શાળાઓ માટેનો સરકારી શાળામાં મળતા શિક્ષણ પ્રત્યેનો અભિગમ અને જોવાનો દ્રષ્ટિકોણ ધરમૂળ થી બદલાય તો નવાઈ નહી. સરકારી શાળાઓ એટલે થર્ડ ક્લાસ હોય છે એ હવે કદાચ ભૂતકાળ બને એવા દિવસો આવી ગયા છે. ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક ક્રાંતિ માટે એક મહત્વનો નિર્ણય કરાયો છે. જે અનુસાર રાજ્યમાં ધોરણ 6 થી 12ના શિક્ષણ માટે જ્ઞાનસેતુ ડે સ્કૂલ બનાવવામાં આવશે. હાલ રાજ્યમાં 400 જેટલી આવી સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.



આ જ્ઞાન સેતુ શાળાનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યની સરકારી અને ગ્રાન્ટ એડ શાળામાં ભણતા બે લાખ તેજસ્વી વિદ્યાર્થીઓને ઓળખી કાઢીને તેમને ગુણવત્તા યુક્ત સ્કૂલિંગ પ્રદાન કરવાનો છે. દરેક તાલુકામાં એક તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં ઓછામાં ઓછી આવી એક શાળા શરૂ કરવા માટેની તૈયારી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. જેના આયોજન મુદ્દે આજે ગાંધીનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે મંત્રી કુબેર ડીંડોરના અધ્યક્ષ સ્થાને એક વિશેષ બેઠક મળી હતી.

આ જ્ઞાન સેતુ શાળાઓએ - શ્રેષ્ઠ ખાનગી શાળાઓ સમકક્ષ બને તેવો શિક્ષણ વિભાગનો પ્રયાસ રહેશે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકાશે. શ્રેષ્ઠ ખાનગી શાળાઓની આધુનિક ભૌતિક સુવિધાઓ, અનુભવ અને નિપુણતાનો ઉપયોગ કરવામા આવશે. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ધોરણ 1 થી 5ના સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાના બાળકો જ આ શાળામાં પ્રવેશ માટે અરજી કરી શકશે અને તેમાં પ્રવેશ માટે ખાસ કોમન પ્રવેશ પરીક્ષા લેવામા આવશે.

# રાજ્ય સરકાર વર્તમાન બજેટ સત્રમાં મેડિકલ યુનિવર્સિટી વિધેયક રજૂ કરશે

ગુજરાત | વંદન

ગુજરાત સરકાર આવતી 23 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન મેડિકલ યુનિવર્સિટી વિધેયક રજૂ કરશે. છેલ્લા 15 વર્ષથી ગુજરાત સરકાર આ બિલ લાવવા તૈયાર હતી પરંતુ અમુક ટેક્નિકલ કારણોસર તેમ થઈ શક્યું ન હતું. આરોગ્ય વિભાગ અને કાયદા વિભાગે સંયુક્તરીતે બિલની તૈયારી કરી લીધી છે.

મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના થતાની સાથે જ રાજ્યની મેડિકલ, ડેન્ટલ, પેરામેડિકલ, નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતની કોલેજો તેના નિયમન હેઠળ આવશે. જે રીતે જીટીયુ ટેક્નિકલ અભ્યાસક્રમનું નિયમન કરે છે તે રીતે મેડિકલ યુનિવર્સિટી મેડિકલ સેવા સંલગ્ન અભ્યાસક્રમોનું નિયમન કરશે .

મેડિકલ અને પેરા મેડિકલ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમ નક્કી કરવાની સત્તા પણ આ નવી યુનિવર્સિટીના હાથમાં રહેશે તથા પરીક્ષા લેવાની જવાબદારી પણ નિભાવશે.

# કલોલમાં સામે આવી રીક્ષા ચાલકની ઈમાનદારી

ગુજરાત | વંદન

કલોલમાં રીક્ષા ચાલકની ઈમાનદારી સામે આવી છે. કલોલમાં રિક્ષામાં બેસેલ મહિલા પર્સ લેવાનું ભૂલી જતા ઈમાનદાર રીક્ષા ચાલકે મહિલાને શોધીને તેનું પર્સ પરત કર્યું હતું. રીક્ષા ચાલકની ઈમાનદારી જોઈને મહિલાએ તેને બક્ષિસ પેટે ભેટ આપી હતી.

કલોલમાં જૈન સમાજનો પ્રોગ્રામ આવેલા શ્રદ્ધાળુ સુમંગલાબેન નિરંજનભાઈ શાહ રિક્ષામાં બેઠા હતા અને ઉતાવળમાં મહિલા તેમનું પર્સ રિક્ષામાં જ ભૂલી ગયાં હતાં. આ પર્સમાં મહિલાના ડોક્યુમેન્ટ, મોબાઈલ સહિત 10,000 રૂપિયા રોકડા હતા. પણ રીક્ષા ચાલક રાજેશભાઈ પરમાર મહિલાને શોધતા શોધતા આવ્યા હતા અને મહિલાને શોધીને તેમનું પર્સ પરત કરવામાં આવ્યું હતું. રાજેશભાઈ પરમારની આ પ્રકારની ઈમાનદારી જોઈને મહિલા સુમંગલાબેન ગદગદીત થઈ ગયા હતા, અને તેમના મોઢામાંથી એક જ શબ્દ નીકળ્યો હતો કે હજુ પણ ઈમાનદારી મરી પરવારી નથી.

## આરોપીને રિવોલ્વર ખરીદવા માટે સંપર્ક કરાવ્યો હતો

# મર્ડર કેસમાં ફરાર વચેટિયોને LCBએ એસટી ડેપો પાસેથી ઝડપી પાડ્યો

ગુજરાત | વંદન

ગાંધીનગર સેક્ટર 10 બિરસા મુંડા ભવન ખાતે ઈન્દ્રોડાના યુવકની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓને પકડીને જેલ હલાવે મોકલી દીધા હતા. પરંતુ મુખ્ય આરોપીને રીવોલ્વર ખરીદવા માટે સંપર્ક કરાવનાર વચેટીઓ બનાવ બાદ ફરાર થઇ ગયો હતો. જેને એલસીબીની ટીમે એસટી ડેપો પાસેથી ઝપડી લીધો હતો.

મળતી માહિતી મુજબ ગત 26 સપ્ટેમ્બર 2022ના રોજ સવારના સમયે ઈન્દ્રોડા ગામના વચલાવાસમા રહેતો કિરણજી વિરાજી મકવાણા (ઠાકોર) તેની સાઈકલ લઈને નોકરી આવવા નિકળ્યો હતો.

યુવક નવા સચિવાલયમા ગૃહ વિભાગમાં હંગામી પટાવાળા તરીકે નોકરી કરતો હતો. જે બિરસામુંડા ભવન આગળથી બીજ નિગમ તરફ જતા રસ્તા તરફ આગળ જતો હતો. ત્યારે જ જમીન વિકાસ નિગમ પાસે જ એક પલ્સર બાઈક ઉપર આવેલા બે હત્યારાએ દેશી કટ્ટામાંથી (બંદૂક) લઈને આવ્યા હતા અને યુવક કિરણને બરડાના જમણા ભાગ ઉપર ગોળી મારી દીધી હતી, જેમા તેનુ મોત થયુ હતુ.

એલસીબી પીઆઈ એચ.પી.પરમારની ટીમના પીએસઆઈ કે.કે.પાટડીયા સહિત કામગીરી કરી રહ્યા હતા. જેમા એએસઆઈ હરદેવસિંહ અને સજ્જાદહુસૈનને બાતમી મળી હતી કે,આ બનાવમાં ગોઝારીયામા રહેતા જીતેન્દ્ર કિરીટભાઈ પટેલને રીવોલ્વર ખરીદવા માટે મધ્ય પ્રદેશના વ્યક્તિનો સંપર્ક કરાવનાર જયંતિભાઇ ઉર્ફે જયંતીલાલ ઉદારામ પુરોહિત (જોશી) હાલમાં ગાંધીનગર એસટી ડેપો ખાતે આવ્યો છે. ત્યારે પોલીસે બાતમી મુજબના સ્થળે પહોંચી આરોપીને ઝડપી લઈને કાર્યવાહી કરી હતી.

# BSFકેમ્પમાં રહેતી મહિલાને પતિની ગેરહાજરીમાં અન્ય વ્યક્તિ સાથે વાત કરવી ભારે પડી

ગુજરાત | વંદન

ચિલોડા પાસેના બીએસએફ કેમ્પમાં રહેતી મહિલાને પતિની ગેરહાજરીમાં અન્ય યુવક સાથે વાત કરવી ભારે પડી ગઈ છે. એક જ લાઈનમાં રહેતા હોવાથી યુવક અવાર નવાર ઘરે આવતા પરિચય થયો હતો અને બાદમાં વિડીયો કોલ ઉપર વાતચિત કરી હતી. જે વાતચિત સેવ કરીને મહિલાના પતિને મોકલવાની ધમકી આપી રુપિયા 4.50 લાખ પડાવી લીધા હતા. જ્યારે બ્લેકમેઈલ કરવામાં આવતા મહિલાએ ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ ચિલોડા પાસેના બીએસએફ કેમ્પસમાં રહેતી આશરે 32 વર્ષિય મહિલા તેના પતિ અને બાળકો સાથે રહેતી હતી. જ્યારે તેના પતિની જાન્યુઆરી 2021માં યુપીમાં બદલી થઈ હતી. ત્યારે બાળકોનો અભ્યાસ ચાલતો હોવાથી પતિ સાથે ગઈ ન હતી. તે સમયે કેમ્પમાં મહિલાના મકાનની લાઈનમાં રહેતો જગદીશ નામનો શખ્સ પતિની ગેરહાજરીનો લાભ લેવા આવન જાવન કરતો હતો.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# હે તંદુરી રોટી, વંદન તુઝે કોટી કોટી, સરકાર કી બાત ખોટી રે ખોટી..!




**ભોપાલ**, ઈન્દોર, જબલપુર અને ગ્વાલિયર. આ ચાર શહેરો છે મધ્યપ્રદેશના. આ ચાર શહેરોમાં તંદૂર રોટીના શોખીનોને હાઈવે ઢાબા, હોટેલ, લોજ વગેરેમાં તંદુરી રોટી નહીં મળે. ના..ના.. તંદુરમાં કોઈ ખામી નથી કે તંદુરી રોટીમાં પ્રોટીન નથી એવુ કાંઈ નવુ સંશોધન થયું નથી પણ રાજ્ય સરકારને એમ લાગ્યું કે આ ચાર શહેરોમાં તંદુરી રોટી બનાવવા ભટ્ટીમાં જે કોલસાનો ઉપોયગ થાય છે તેમાંથી નિકળતો ધૂમાડો આખા આકાશમાં પ્રદૂષણ ફેલાવે છે...એટલે આ ચાર શહેરોમાં નો તંદુર..નો તંદુરી રોટી...!

વાયુ પ્રદૂષણ રોકવુ જોઈએ અને રોકાવવુ જોઈએ પણ તેના માટે તંદુર ભટ્ટી એક માત્ર જવાબદાર ચે એમ જો માનીએ તો એ તંદુરી રોટી અને તેને પ્રેમથી ચાવનારા સ્વાદના રસિયાઓ સાથે ઘોર અનયાય છે. મધ્યપ્રદેશના આ શહેરોમાં રીક્ષામાંથી ધૂમાડો નિકળતો હશે...કારખાનાઓમાંથી પણ ઝેરી વાયુ ફેલાતુ હશે, ડિઝલિયા ટ્રકો ધૂમાડો ઓકતા હશે તો એના ઉપર પ્રતિબંધ મૂકીએ તો આકાશ સાફ સુથરા હો જાયેંગા..આકાશ નીલા... નીલા.. હો જાયેગાં અને ગાઈશું-નીલા આસમાં સો ગયા...

કહીં ઐસા તો નહીં કી મધ્યપ્રદેશના સીએમ મામાજી એટલે કે શિવમામાજીએ આ ચાર શહેરોની મુલાકાત લીધી હોય અને તંદુર તથા તંદુરી રોટી નહીં ગમી હોય એટલે ફરમાન બહાર પાડ્યું હોય- સુનો...સુનો..સુનો..જબલપુરવાસીઓ...આજ સે તંદુરી રોટી નહીં બનેગી...!? શિવ સરકારનો તંદુરવાળો પ્રતિબંધ તંદુરી રોટી સાથે બહોત ના ઈન્સાફી હૈ...સોરી તંદુરી રોટી..વંદન તુઝે કોટી કોટી...સરકાર કી બાત ખોટી રે ખોટી..!

### પૂર્વ જજે વિદેશમંત્રીનું "પેપર" ફોડ્યું- તેમના બીજા પત્ની જાપાનીઝ છે...! યાકાહોમા...કોનાકોમા સાયોનારા...!!

સરકારમાં સૌને જાણ હતી પણ સામાન્ય લોકોને ખબર નહોતી કે આપણાં વિદેશમંત્રી એસ.જયશંકરના પત્ની જાપાનીઝ છે. તેમનુ નામ ક્યોકો છે. વિદેશ મંત્રી બન્યા પહેલા તેઓ વિદેશમાં ભારતના ઉચ્ચ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ 6 જુદી જુદી ભાષાઓ જાણે છે જેમાં એક જાપાનીઝ પણ છે. બતાતે ચલે કી એસ. જયશંકરને ગુજરાતમાંથી ચૂંટીને રાજ્યસભામાં મોકલ્યા છે..




તેમના પત્ની જાપાનીઝ છે એવુ જાહેર કોણે કર્યું...? ના રાહુલ ગાંધીએ કે મહુવા મોઈત્રાએ નહીં પણ સુપ્રિમ કોર્ટના જજોની બનેલી કોલેજિયમ દ્વારા વાત બહાર લાવવામાં આવી. કઈ રીતે...કઈ રીતે..? કોલેજિયમે એડવોકેટ સૌરભ કૃપાલને જજ બનાવવા ભલામણ કરી. સરકારે ગુપ્ત રિપોર્ટ ચાંકીને કહ્યું કે સૌરભ સમલૈંગિક છે અને તેમનો પાર્ટનર વિદેશી છે તેથી ભારતની સંપ્રભુતા પર ખતરો હોઈ શકે...

કોલેજિયમે વળતો સીધો ઘા ન માર્યો. પણ પૂર્વ જજ દિપક મહેતાએ જાહેર કર્યું- એમ તો તમારા વિદેશમંત્રી એસ.જયશંકરના બીજી પત્ની જાપાનીઝ છે..( તો શું તેનાથી ભારતના સાર્વભૌમત્વ પર અસર નહીં થાય..?)

એસ. જયશંકરે તેનો કોઈ ખુલાસો કર્યો નથી અને કદાજ કર્યો હોય તો તેઓ જે 6 ભાષા જાણે છે તેમાંની એક હંગેરિયન ભાષામાં કર્યો હશે...?! સાર એ છે કે સંભવિત જજોની કે મંત્રીઓની આવી બાબતો સાર્વજનિક ન થાય તો ગુડ..ગુડ...

### જંત્રી વધે.. ? વધે...! રેપોરેટ વધે...? વધે...! દૂધના ભાવ વધે...? વધે..! દહીંના ભાવ વધે...? વધે..માખણના ભાવ વધે...? વધે..! ઘીના ભાવ વધે..?

ઘીના ભાવ પણ વધ્યા છે...! અલબત દૂધના ભાવ ગુજરાતમાં નથી વધ્યા પરંતુ દહીં-માખણ-ઘીના ભાવ વધ્યા છે. અને કેમ ન વધે..બેઠકો વધે તો ભાવ તો વધે જ. જંત્રી 100 ટકા વધી અને બિલ્ડરોએ કાગારોળ મચાવી. સીએમને મળ્યા. 100 ટકા નહીં 50 ટકા કરો..પણ સીએમએ કહ્યું કે જે છે તે છે-કોઈ ફેરફાર નહીં..



એટલુ સારૂ છે કે ગુજરાતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ મે મહિના પછી વધ્યા નથી અને ઘટ્યા પણ નથી. અંગદના પગની જેમ અડીખમ...જો કે બીજા રાજ્યોમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટી રહ્યાં છે પણ ગૂર્જરધરામાં નહીં. ભલે ન ઘટે પણ વધતા નથી ને...યે ક્યા કમ હૈ...? કોઈ લૌટા દે ઈસકે બીતે હુયે દિન..કૌન સે...? 65 રૂપિયે લિટર પેટ્રોલ વાલે...! પગલા ગયે હો કા...!!

-પ્રવીણ ઘમંડે

# સત્ર પહેલા ધારાસભ્યોને સંસદીય પ્રણાલી, વિસ્તારના પ્રશ્નો અંગે અપાશે તાલીમ





■ 15 - 16 ફેબ્રુઆરીએ 2 દિવસીય તાલીમ શિબિરનું આયોજન

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા સત્ર પહેલા રાજ્યના તમામ ધારાસભ્યને સંસદીય પ્રણાલી અને વિસ્તારના પ્રશ્નો અંગે તાલીમ આપવામાં આવશે. વિધાનસભામાં આગામી 15 - 16 ફેબ્રુઆરીએ 2 દિવસીય તાલીમ શિબિર યોજાશે. જેમાં વિવિધ વિષયના નિષ્ણાંતો દ્વારા ધારાસભ્યોને તાલીમ આપવામાં આવશે. તો સાથે નવા ધારાસભ્યોની બે દિવસીય તાલીમ શિબિરનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ પણ યોજવામાં આવશે. જેમાં લોકસભાના સ્પીકર ઓમ બિરલા ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે.આ ઉપરાંત ગુજરાતના લોકસભા અને રાજ્યસભાના તમામ સાંસદો, રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીઓ, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને રાજકીય પક્ષોના આગેવાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે.

## આમ જુઓ તો બિલ્ડરોને જંત્રી વધવાથી સીધી રીતે કોઈ નુકશાન છે જ નહીં: એક દલીલ

# સરકારે જંત્રીમાં દર વર્ષે માપસરનો વધારો થાય એવી એક ફોર્મ્યુલા બનાવવી જોઇએ

■ એક સાથે 100 ટકા વધારાથી ગ્રાહક પર બોજ આવશે, તબક્કાવાર હોય. તો બધાને સાનુકળ રહેશે

ગુજરાત | વંદન

આજકાલ ગુજરાતમાં રાજ્ય સરકારે જંત્રી વધારી દીધી તેને મામલે હોબાળો મચ્યો છે. ખાસ કરીને બિલ્ડરો દ્વારા હોહા કરવામાં આવી છે. જંત્રી એ કોઈ પણ વિસ્તારનો જમીન કે મકાનનો લઘુતમ ભાવ દર્શાવે છે.

બિલ્ડરો હોહા કરે તે સ્વાભાવિક છે. તેનું કારણ એ છે કે તેઓ જે મકાનો બાંધે છે તેની લઘુતમ કિંમતમાં વધારો થઈ જાય અને તો તે મકાનોની માંગ ઘટી જાય અને તો બિલ્ડરોના નફામાં ધોવાણ થાય. વળી, તેઓ જમીનોના સોદા કરે તો તેમાં વધુ સ્ટેમ્પ ડ્યુટી ભરવાની થાય. પણ એ નુકસાન તો તેઓ મકાનોના ભાવ વધારીને ગ્રાહકો પાસેથી વસૂલ કરી લે.

આમ જુઓ તો, બિલ્ડરોને જંત્રી વધવાથી સીધી રીતે કોઈ નુકસાન છે જ નહિ. જંત્રી વધે તો ગ્રાહકે જ વધારે સ્ટેમ્પ ડ્યુટી ભરવાની થાય છે.

સવાલ એ છે કે જો જમીનોના ભાવ અને રેતી, સિમેન્ટ, ઈંટ, લોખંડ કે લાકડાં સહિતની બધી જ બાંધકામ સામગ્રીના ભાવ વધતા હોય તો જંત્રી કેમ ન વધે? જંત્રી પણ વધે જ. સરકારે ૧૧ વર્ષે જંત્રી વધારી છે. એટલે ત્યાં સુધી તો તે સ્થિર હતી. બતાવો તો ખરા કે બાંધકામની કઈ ચીજના ભાવ આટલાં વરસ સ્થિર રહ્યા હતા?



મને તો એમ લાગે છે કે જેટલા પ્રમાણમાં જથ્થાબંધ ભાવાંક વધે એટલે કે જેટલો ફુગાવાનો દર વધે એટલી જંત્રી દર વર્ષે વધવી જ જોઈએ. સરકારે દર વર્ષે માપસરનો વધારો જંત્રીમાં થાય એની એક ફોર્મ્યુલા બનાવી દેવી જોઈએ. જંત્રી શા માટે સ્થિર રહે એ મને સમજાતું જ નથી. શું બિલ્ડરો એમ કહેવા માગે છે કે જંત્રીમાં ક્યારેય વધારો થવો જ ના જોઈએ? જો ના, તો અત્યારે વધારો થયો તેનો વિરોધ શા માટે?

હા, જંત્રી વધશે તો સરકારની સ્ટેમ્પ ડ્યુટીની આવક વધશે. કારણ કે નીચી જંત્રીએ મકાનો ખરીદનાર ગ્રાહકો નીચો ભાવ બતાવીને ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરતા રહ્યા છે. હવે જો જંત્રી વધે તો જમીન અને મકાનોના સોદા નવા ઊંચા ભાવે થાય અને સરકારને સ્ટેમ્પ ડ્યુટીમાં વધુ આવક થાય. તો એમાં ખોટું શું છે?

સરકારે ૨૦૨૨-૨૩માં સ્ટેમ્પ ડ્યુટીની આવક બજેટમાં રૂા.૧૨૮૯૫ કરોડ અંદાજી છે. હવે તેમાં ખાસ્સો વધારો થઈ શકે છે. કશો વાંધો નહિ. જેઓ રૂા.૫૦ લાખનું મકાન ખરીદતા હોય તેઓ રૂા.૫૦,૦૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વધુ ભરે તો એ પેટમાં દુ:ખે તેવી વાત છે જ નહિ.

સવાલ એ છે કે સરકાર જે આવક કરે છે તેમાંથી કેવી રીતે ખર્ચ કરે છે. બિલ્ડરો અને તેમનાં મંડળો એના પર ધ્યાન આપે તો વધુ સારું. જેમ કે, કોઈ પણ બાંધકામ ઉપર બિલ્ડરો બે ટકા સેસ બાંધકામ કામદારોના કલ્યાણ માટે આપે છે. એમાં ત્યારે રૂા. ૪૦૦૦ કરોડ ભેગા થયા છે. આ રકમ માત્ર બિલ્ડરોએ જ આપી છે. પણ એ કેવી રીતે અને કેટલી ખર્ચાય છે તેની તેઓ સહેજ પણ ચિંતા કરતા નથી.

સરકાર જંત્રી વધારવાની બાબતમાં સાચી છે. જો એમાં ક્યાંય અસંગતતા કે ગૂંચવાડા હોય તો તે દૂર થવા જોઈએ. પરંતુ સરકારે બિલ્ડરોના દબાણ હેઠળ ઝૂકવું જોઈએ નહિ.

### અમદાવાદના IAPના રાષ્ટ્રીય સંમેલનમાં વર્ચ્યુલી જોડાયા મોદી

# ફિઝિયોથેરેપિસ્ટ મુશ્કેલ સમયમાં ‘સિમ્બલ ઓફ હોપ’ બન્યા છે: PM

■ દેશ એક મજબૂત સોશિયલ સિક્યોરિટી નેટવર્ક તૈયાર કરી રહ્યું છે...

ગુજરાત | વંદન




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શનિવાર સવારે અમદાવાદના એક કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા વર્ચ્યુલ હાજરી આપી હતી. અમદાવાદના ઈન્ડિયન એસોસિએશન ઓફ ફિઝિયોથેરેપિસ્ટ્સના 60મા રાષ્ટ્રીય સમ્મેલનના ઉદ્ઘાટન સમારોહને મોદીએ સંબોધિત કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે દુખાવો, ઈજા, યુવા, ખેલાડી, વૃદ્ધ હોય કે ફિટનેસના ચાહક ફિઝિયોથેરેપિસ્ટ દરેક પરિસ્થિતિમાં દરેક ઉંમરના લોકોના સહયોગી બનીને તેમની તકલીફ દૂર કરે છે. ફિઝિયોથેરેપિસ્ટ મુશ્કેલ સમયમાં ‘સિમ્બલ ઓફ હોપ’ બન્યા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ઈન્ડિયન એસોશિયેશન ઓફ ફિઝિયોથેરેપિસ્ટની 60મી રાષ્ટ્રીય કોન્ફરન્સ માટે આપ તમામને શુભકામનાઓ. મને ખુશી છે કે મેડિકલ ફિલ્ડમાં આટલા પ્રોફેસર એક સાથે ભેગા થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે ફિઝિયોથેરેપિસ્ટ પ્રોફેશનલ રીતે માન્યતા આપવામાં આવી છે. તેમણે કહ્યું કે સરકારે ફિઝિયોથેરેપિસ્ટને આયુષ્માન યોજના સાથે જોડયા છે.

વડાપ્રધાન મોદીએ આગળ જણાવ્યું કે, જ્યારે કોઈ વ્યક્તિ અચાનક ઈજાગ્રસ્ત થાય છે તો તેમના માટે માત્ર ફિઝિકલ ટ્રોમા જ નથી હોતા તેઓ એક મેન્ટલ ટ્રોમામાં પણ હોય છે. ફિઝિયોથેરેપિસ્ટસ સારવાર સાથે હિંમત પણ આપે છે. ઘણીવાર મને તમારી પાસેથી પ્રેરણા મળે છે.વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આયુષ્માન ભારત યોજના હોય કે સરકારની સોશિયલ સિક્યોરિટી સ્કીમ અનુસાર દેશ એક મજબૂત સોશિયલ સિક્યોરિટી નેટવર્ક તૈયાર કરી રહ્યું છે. આજે તેના કારણે દેશનું ગરીબ અને મધ્યમ વર્ગ મોટા સપનાઓ જોવાનું સાહસ કરી રહ્યું છે. આપણા દેશમાં ગરીબોને એક સપોર્ટની જરુર છે. સરકારે અનેક અભિયાનો દ્વારા ગરીબોને સપોર્ટ કર્યો છે.

નોંધનીય છે કે, કોરોના સંક્રમણ દરમિયાન અને તેનાથી ઉભર્યા બાદ પીડિતો માટે ફિઝિયોથેરેપી ખૂબ જ લાભદાયી માનવામાં આવે છે. પરંતુ કોરોના મહામારીના આ સમયમાં ફિઝિયોથેરાપિસ્ટની સેવા મળવી ઘણી મુશ્કેલ થઈ હતી. જેના કારણે કોરોનાથી સાજા થયા બાદ દર્દીઓને માનસિક અને શારિરીક રીતે સ્વસ્થ થવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## ગુજ.યુનિ.ના વિદ્યાર્થીઓને નીતિ આયોગમાં કામ કરવાની તક મળી

ગુજરાત | વંદન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જેના અધ્યક્ષ છે તેવા નીતિ આયોગમાં ગુજરાત યુનિવર્સિટીના ચાર વિદ્યાર્થીઓને કામ કરવાની તક મળી છે. ગુજરાત માટે અને તેમાંય ગુજરાત યુનિવર્સિટીએ ગર્વ લેવા જેવી બાબત એ છે કે, હજુ સુધી રાજયની એક પણ યુનિવર્સિટીને આ પ્રકારની તક મળી નથી. એટલે ગુજરાત યુનિવર્સિટી રાજ્યની પહેલી એવી યુનિવર્સિટી બની જેના વિદ્યાર્થીઓને નીતિ આયોગમાં અલગ અલગ વિષય પર માસ્ટર થીસીસ કરશે. ગુજરાત યુનિવર્સિટીમાં ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનીબીલીટી વિભાગનાં ચાર વિદ્યાર્થીઓને નીતિ આયોગના કામ કરવાની તક મળી છે.આ વિદ્યાર્થીઓ નીતિ આયોગમાં પહોંચ્યા છે. જ્યાં વિધાર્થીઓને અલગ અલગ વિષય પર કામ કરવા મળશે. સૌથી અગત્યની બાબત એ છે કે, ગુજરાત યુનિવર્સિટી રાજ્યની પહેલી એવી યુનિવર્સિટી બની જેના વિદ્યાર્થીઓને નીતિ આયોગમાં માસ્ટર થીસીસ કરવાની તક પ્રાપ્ત થઈ છે. આ અંગે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનીબિલીટી વિભાગ ડાયરેક્ટર સુધાંશુ જહાંગીરે જણાવે છે કે, દેશમાં પહેલીવાર સપ્ટેમ્બર 2021 માં ગુજરાત યુનિવર્સિટી ખાતે એમબીએ ઈન એન્ટરપ્રિન્યોરશિપ એન્ડ વેલ્યુ ચેન મેનેજમેન્ટનો કોર્ષ શરૂ કરાયો હતો.

### AMC બજેટને વિપક્ષ કોંગ્રેસે વખોડ્યું

## પ્રોપર્ટી ટેક્સમાં 300 કરોડનો વધારો પ્રજા પર બોજ : પઠાણ

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું વર્ષ 2023-24નું 9482 કરોડ રૂપિયાનું બજેટ ભાજપના સત્તાધીશોએ સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કર્યું હતું.

પ્રોપર્ટી ટેક્સ અને એન્વાયરમેન્ટ ચાર્જમાં આંશિક રાહત આપવામાં આવી છે. આ બજેટને વિપક્ષ કોંગ્રેસે પ્રજા પર બોજો ગણાવ્યો છે. ઉપરાંત કોંગ્રેસ નેતા શહેઝાદ ખાન પઠાણે જણાવ્યું કે, જો આ બજેટને રેટિંગ આપવામાં આવે તો 10માંથી 1 માર્ક મળે. વિવિધ ટેક્સના નામે પ્રજા પર 300 કરોડ રૂપિયાનો વધારાનો બોજો નાખ્યો છે.

વિપક્ષ કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આ બજેટમાં કરવામાં આવેલો પ્રોપર્ટી ટેક્સમાં વિવિધ દરોમાં વધારો તથા નવા ટેક્સની દરખાસ્તો પ્રજા ઉપર બોજો છે. કેમ કે, ગુજરાત રાજ્યની 156 સીટ જીતાડ્યા બાદ અમદાવાદ શહેરની જનતાને બોજ સમાન બજેટ ભેટ છે.

બજેટ જોતાં કોર્પોરેશન દ્વારા અપાતી સુવિધાની સરખામણીમાં વધુ હોઈ નગરજનો તે બોજો ખમી શકે તેમ નથી.

## ટિકિટ વગર મુસાફરી કરતા ચેતજો, રેલવેએ 23.23 કરોડ વસૂલ્યાં...

ગુજરાત | વંદન

અમદાવાદ રેલવે મંડળે એપ્રિલ 2022 થી જાન્યુઆરી 2023 સુધી સઘન ટિકિટ ચકાસણી કામગીરી દરમિયાન દંડની રેકોર્ડ રકમ પ્રાપ્ત થઈ હતી. અમદાવાદ મંડળ દ્વારા જાન્યુઆરી 2023 સુધી ટિકિટ ચેકિંગમાંથી 23.23 કરોડ રૂપિયા દંડ વસૂલવામાં આવ્યા છે.ટિકિટ વિના કે અનિયમિત ટિકિટ લઈને કરતા મુસાફરોને રોકવા માટે સતત સઘન ટિકિટ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે.પશ્ચિમ રેલવે દ્વારા સામાન્ય જનતાને હંમેશા યોગ્ય અને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવાની અપીલ કરવામાં આવી છે.

## 15 માર્ચથી અમદાવાદ-નાસિકની ફ્લાઈટ શરૂ થશે, પોણા બે કલાકમાં શિરડી પહોંચી શકાશે

ગુજરાત | વંદન



મહારાષ્ટ્રના નાસિકના શિરડીમાં આવેલુ સાંઈ બાબાનું મંદિર ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો નાસિક પાસે શિરડીમાં દર્શન કરવા માટે જતા હોય છે. અત્યાર સુધી ગુજરાતના ખાસ કરીને અમદાવાદના ભક્તોને શિરડીમાં દર્શન કરવા જવા માટે કાર અથવા તો ટ્રેન દ્વારા લાંબી મુસાફરી કરીને જવુ પડતુ હતુ. જો કે હવે ભક્તોને ઘણા કલાકોની લાંબી મુસાફરીમાંથી મુક્તિ મળશે. ભક્તો અમદાવાદથી માત્ર પોણા બે જ કલાકમાં જ શિરડી પહોંચી જશે.

કારણકે 15 માર્ચથી અમદાવાદથી શિરડી સાંઈબાબા દર્શનાર્થે જનાર શ્રદ્ધાળુઓ માટે ઈન્ડિગો અમદાવાદથી નાસિકની ફ્લાઈટ શરૂ કરશે. ઈન્ડિગો દ્વારા 15 માર્ચથી અમદાવાદથી નાસિકની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવામાં આવશે. જે માટે એરલાઈન્સની સિસ્ટમ પર બુકિંગ શરૂ થઈ ગયું છે. આ ફ્લાઈટનું વન-વે ફેર રુ. 3000ની આસપાસ રહેશે. નાસિકથી આ ફ્લાઈટ બપોરે 3.45 કલાકે ટેકઓફ થઈ 5.25 કલાકે અમદાવાદ આવશે, ત્યાર બાદ અમદાવાદથી ફ્લાઈટ સાંજે 5.50 કલાકે રવાના થઈ 7.15 કલાકે નાસિકમાં પહોંચાડશે. એરલાઈન કંપની આ સેક્ટર પર 73 સીટર એટીઆર એરક્રાફ્ટનો ઉપયોગ કરશે.

## રિવરફ્રન્ટ પર બન્યું મલ્ટીલેવલ પાર્કિંગ, 15મી માર્ચે ખુલ્લુ મુકાશે

1000 કાર માટેના પાર્કિંગની સુવિધા, સંપૂર્ણપણે ઓટોમેટેડ પદ્ધતિથી પાર્ક થશે વાહનો

ગુજરાત | વંદન



અમદાવાદીઓને ટૂંક જ સમયમાં શહેરના સૌથી મોટા મલ્ટીલેવલ પાર્કિંગની સુવિધા મળશે. રિવરફ્રન્ટ ઉપર અંદાજે 60 કરોડના ખર્ચે પાર્કિંગ સુવિધા તૈયાર થઈ ગઈ છે. AMC15 માર્ચે આ મલ્ટીલેવલ પાર્કિંગ ખુલ્લું મુકશે. સાબરમતી રિવરફ્રન્ટ પર આવેલા ઈવેન્ટ ગ્રાઉન્ડની સામેની બાજુ આ સ્માર્ટ પાર્કિંગની સુવિધા તૈયાર કરવામાં આવી છે. અહીં 1000 કાર માટેના પાર્કિંગની સુવિધા ઉભી કરવામાં આવી છે.

અમદાવાદના રિવરફ્રન્ટ પર 8 માળનું મલ્ટીલેવલ પાર્કિંગ શરૂ થતાં પાર્કિંગની સમસ્યાથી રાહત મળશે. આ પાર્કિંગની એક ખાસિયત એ પણ છે કે અહીં રેમ્પ નહીં હોય, સંપૂર્ણપણે ઓટોમેટેડ પદ્ધતિથી પાર્ક થશે. અહીં ઈલેક્ટ્રિક કાર માટે અલગથી પાર્કિંગની સુવિધા ઉભી કરાઈ છે. તો પાર્કિંગ ચાર્જ ઓનલાઈન અને રોકડ પણ ચૂકવી શકાશે. અટલબ્રિજ અને રીવરફ્રન્ટ ગાર્ડનને જોડતું મલ્ટીલેવલ પાર્કિંગ અમદાવાદીઓ પાર્કિંગની મોટી મુશ્કેલીને દૂર કરશે. શહેરના પાર્કિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ પાર્કિંગ વધારો કરશે.

રિવરફ્રન્ટ પર સ્થિત ઈવેન્ટ ગ્રાઉન્ડમાં અવાર નવાર રાજકીય અથવા તો અન્ય પતંગમહોત્સવ, ફ્લાવર શો સહિતના કેટલાક કાર્યક્રમો યોજાતા હોય છે. સાબરમતી નદી પર બનેલા ફૂટ ઓવરબ્રિજની પણ લોકો મુલાકાત લેતા હોય છે. ઘણાં લોકો અહીં લગ્નપ્રસંગોનું પણ આયોજન કરે છે. આ દરમિયાન પાર્કિંગની સમસ્યા ઉભી થતી હોય છે. એટલુ જ નહીં શનિવાર- રવિવાર અથવા તો જાહેર રજાના દિવસે અમદાવાદીઓ મોટી સંખ્યામાં રિવરફ્રન્ટની મુલાકાત લેતા હોય છે. ત્યારે મલ્ટિલેવલ પાર્કિંગ બની ગયા પછી શહેરીજનોએ પાર્કિંગની સમસ્યાનો સામનો નહીં કરવો પડે.

## પ્રવાસીઓના પ્રવેશની ઝડપી પ્રક્રિયા માટે એરપોર્ટ બારકોડ સિસ્ટમ કાર્યરત

ગુજરાત | વંદન



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાની મથક (અદાણી હસ્તક) ખાતે પ્રવાસીઓના સુરક્ષા ચકાસણી સહિતની પ્રવેશ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેની સવલતમાં ઉમેરો કરીને ડોમેસ્ટિક એરપોર્ટના પ્રવેશ દ્વાર ઉપર બે બારકોડ રીડર્સ સ્થાપીને કાર્યરત કરવામાં આવ્યા છે. જેનો ઉપયોગ પ્રવાસીઓની વિગતોની ઝડપી ચકાસણી માટે કરવામાં આવશે. આ પ્રવેશદ્વારો ઉપર તહેનાત સીઆઈએસએફના જવાનો મેન્યુઅલ ચેકના બદલે પ્રવાસીઓની ટીકીટ અથવા બોર્ડીંગ પાસ ઉપરના બાબરકોડનું સ્કેનિંગ કરશે.

આવી વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય ટર્મિનલ સહિતના તમામ પ્રવેશ દ્વારો ઉપર ટુંક સમયમાં સ્થાપવાનો એરપોર્ટ ઓપરેટરનો ઈરાદો છે. બારકોડ સ્કેનર ટેકનોલોજીની સ્થાપનાથી ફક્ત સુરક્ષા વ્યવસ્થામાં જ સુધારો નહી પરંતુ પ્રવાસીઓના એરપોર્ટમાં પ્રવેશની મુશ્કેલીઓનું પણ નિવારણ કરી પ્રવેશની ગતિવિધીની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરશે. એમ એક અખબારી યાદીમાં જણાવાયુ હતું.

### યુવકના ફોનમાંથી મેટા ટ્રેડર્સ-૫ નામની એપ મળી આવી

## વાડજ અર્જુન આશ્રમ પાસેથી ડબ્બા ટ્રેડીંગનો વેપલો કરતા યુવકની ધરપકડ

ગુજરાત | વંદન




વાડજ અર્જુન આશ્રમ રોડ પર પેટ્રોલિંગ દરમિયાન પોલીસે શેરબજારનું ડબ્બા ટ્રેડીંગ કરી ગેરકાયદે વેપલો કરતા યુવકને ઝડપ્યો હતો. યુવકના ફોનમાંથી મેટા ટ્રેડર્સ-૫ નામની એપ મળી આવતા વાડજ પોલીસે ડબ્બા ટ્રેડીંગ કરી દશના અર્થતંત્રને નુકશાન કરવાના ગુનાઈત કૃત્યની ફરિયાદ નોંધી કાર્યવાહી કરી હતી.

વાડજ પોલીસે ડબ્બા ટ્રેડીંગના ગુનામાં રાણીપના કાશીબા રોડ પર આવેલી રામદર્શન સોસાયટીમાં રહેતાં જયમીન કમલેશકુમાર પટેલ (ઉં,૨૯)ની ધરપકડ કરી હતી. જયમીનના મોબાઈલ ફોનમાંથી મેટા ટ્રેડર્સ-૫ નામની એપ મળી હતી. આ એપશી શેરબજાના ક્રેડીટ અને ડેબીટના સોદા યુવક કરતો હોવાનું જાણવા મળ્યું હતું. આ ગેરકાયદેસર એપ્લીકેશન દ્વારા આરોપીઓ શેર લે-વેચના સોદા કરી દેશના અર્થતંત્રને નુકશાન કરવાનું ગુનાઈત કૃત્ય આચરતા હતા. પોલીસે યુવકનો મોબાઈલ ફોન રૂ.૨૦ હજારનો જમા લઈ એપ્લિકેશન આપનાર તેમજ બનાવનાર શખ્સો અંગે જાણવાનો પ્રયાસ હાથ ધર્યો છે.પોલીસે જયમીન વિરૂદ્ધ આઈપીસીની કલમ ૪૦૬, ૪૨૦, તેમજ ધી સિક્યુરીટી કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન એક્ટ ૧૯૫૬ની કલમ ૨૩ (ઈ), (એફ), (જી), (એચ), (આઈ) તથા જુગારધારાની કલમ ૧૨ (અ) મુજબ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.


## RBL બેંકના 128 ATM સાથે ચેડાં : ભેજાબાજો ત્રણ કરોડ સેરવી ગયા

ગુજરાત | વંદન

આરબીએલ બેંક સાથે ઠગોએ ગજબ તરકીબ અજમાવી છેતરપિંડી આચર્યાની ઘટના બહાર આવી છે. ભેજાબાજ ઠગોએ દેશભરમાં આવેલા બેંકના ૧૨૮ એટીએમ મશીન સાથે ચેડાં કરી ત્રણ કરોડની રકમ સેરવી લીધી છે. સેટેલાઈટ ખાતે આવેલી આરબીએલ બેંકની બ્રાંચના એટીએમ સાથે ચેડાં કરી આરોપીઓએ જૂદી જૂદી બેંકોના એટીએમ કાર્ડનો ઉપયોગ કરી રૂ.૨.૯૦ લાખની રોકડ ઉપાડી છેતરપિંડી આચર્યાની ફરિયાદ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ ફરિયાદમાં બેંકના દેશભરમાં આવેલા ૧૨૮ એટીએમ સેન્ટર પર ચેડાં કરી આરોપીઓએ ત્રણ કરોડ ઉપાડી છેતરપિંડી આચર્યાની બાબતનો ઉલ્લેખ છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ એટીએમમાંથી પૈસા કાઢતા પણ તે રકમ જે તે બેંક ધારકના ખાતામાંથી ડેબિટ થતી ન હતી. આરોપીઓની આ કરામતનું રાજ જાણવા પોલીસ પ્રયાસમાં લાગી છે. વાસણા ખાતે રહેતાં અને સ્ટાર બજારની સામે ઈસ્કોન પાર્કમાં આવેલી આરબીએલ બેંકની શાખામાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતાં નમનભાઈ સુધાકરભાઈ કંસારાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. જે મુજબ ગત તા.૫મીના રોજ સાંજે ૫ વાગ્યે બેંકના એટીએમ મશીન પાસે બે યુવક ચેડાં કરતા જોવા મળ્યા પણ ગાર્ડ આવી જતા બંને પૈસા ઉપાડવાનો ડોળ કરી ત્યાંથી નીકળી ગયા હતા.

## વેલેન્ટાઈન ડેને અર્પણ: નેપાળી યુવક-આદિવાસી યુવતીની અનોખી પ્રેમ કહાની, રાત્રે કોર્ટ ખોલવી પડી હતી!

ગુજરાત | વંદન



પ્રેમ એ કોઈ પણ ધર્મ જાતિ કે રંગ જોતો નથી. એવું જ કંઈક અલગ પ્રેમ સુરતમાં એક નેપાળી છોકરા અને આદિવાસી છોકરીમાં જોવા મળ્યો હતો. જ્યાં છોકરાની ઉંમર છોકરીની ઉંમર કરતાં બે વર્ષ નાની હતી. તેમના પ્રેમ આગળ તો સુરત કોર્ટે રાત્રે 08:00 વાગ્યે કોર્ટના દરવાજા ખોલીને ન્યાય આપ્યો હતો. અને આ નેપાળી છોકરાને ન્યાય આપી આદિવાસી છોકરી સાથે ફરી મેળાપ કરાવ્યો હતો.

ગુજરાતમાં આ પહેલા ક્યારે પણ રાત્રે કોર્ટ ખોલવામાં આવી ન હતી. પરંતુ આ નેપાળી છોકરાને ન્યાય અપાવવા માટે સુરતના જ્યુડિશિયલ કોર્ટના જજ પ્રતિભા દેસાઈની કોર્ટના દરવાજારાત્રે 8 વાગ્યે ખુલ્યા અને 11 વાગ્યા સુધીમાં આ નેપાળી છોકરાને 20 હજારની જામીન આપી મુક્ત કરવામાં આવ્યો હતો.

સુરતની આ અનોપ પ્રેમ કહાની શરૂ થઈ હતી કડિયા કામથી જ્યાં એક 17 વર્ષના નેપાળી છોકરાને એક 19 વર્ષની આદિવાસી છોકરી સાથે પ્રેમ થયો. છોકરીની લગ્ન લાયક ઉંમર થતા છોકરીને બીજે પરણાવી દેવાના ડરથી બંને નેપાળ ભાગી ગયા. થોડા સમય નેપાળ રહ્યા બાદ નેપાળી છોકરા પર લોકલ પોલીસ નો ફોન જાય છે અને તેને આ જ છોકરી સાથે ફરી લગ્ન કરાવી આપવાની લાલચ આપી સુરત બોલાવવામાં આવે છે.

છોકરો પરત ફરે છે ત્યારે તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે છે. અને છોકરીને બળજબરીથી તેના પરિવાર સાથે મોકલી દેવામાં આવે છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**શિયાળાની વિદાય-ગ્રાહકો બાય-બાય:** ગુલાબી અને કાતિલ ઠંડીના દિવસો વસંત પંચમી બાદ વિદાય થઈ રહ્યા છે. ગરમ વસ્ત્રો વેચનારાઓ માટે પણ હવે કાંઈ વધારે ઘરાકી થાય તેમ નથી.



**કોલેજનું રંગરંગીલુ જીવન:** કોલેજોમાં વિવિધ ડેની ઉજવણી થાય છે. સેટેલાઈટ વિસ્તારમાં આવેલ નારાયણ ગુરુ કોલેજમાં ટ્રેડિશનલ ડે ઉજવણી થઈ હતી. છાત્ર-છાત્રાઓ ભાતીગળ વસ્ત્રોમાં જણાય છે.




**આઈ લવ કાંકરીયા:** એક સમયે કાંકરીયા તાળાવ આપઘાત કરનારાઓનું પ્રિય સ્થળ હતું આજે કાંકરીયાના રંગ રૂપ બદલાઈ ગયા છે. હવે કાંકરીયા એટલે હરવા-ફરવાનું મનગમતુ સ્થળ U-20ના ભાગરૂપે કાંકરીયાને નવી નજાકત મળી છે.



**ઘેલી રે ઘેલી ફ્લાવર વેલી ઈન નિકોલ:** શહેરના પૂર્વ વિસ્તાર નિકોલમાં પણ રિવરફ્રન્ટની જેમ ફ્લાવર શો નહીં પરંતુ રંગબેરંગી ફુલોની કોસમોસ ફ્લાવર વેલી બનાવવામાં આવી છે. જે આકર્ષણનું કેન્દ્ર છે.

### 500થી વધુ રાંધણગેસ બાટલા સહિત 37 લાખનો મુદ્દામાલ કબજે

## સાણંદ: આરોપીઓએ ગેસ સિલિન્ડર ભરેલો આખે આખો ટ્રક જ ચોરી લીધો

ગુજરાત | વંદન



સાણંદ પોલીસે 500થી વધુ રાંધણગેસના બાટલાની ચોરી કરનાર ટોળકીની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ આ ટોળકી શોર્ટકટમાં વધુ પૈસા કમાવા માટે ગેસ સિલિન્ડરની ચોરી કરતી હોવાની માહિતી મળી છે. પોલીસે આરોપીઓ પાસેથી 37 લાખનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે.

સાણંદ પોલીસે રાંધણગેસના બાટલાની ચોરીના મામલે અનિલ ઉર્ફે ગોવિંદ કોટેડ, કૈલાશ પરમાર, વિરેન્દ્રસિંહ અંતોલ અને ભાનુસિંહ અંતોલાની ધરપકડ કરી છે. આ આરોપીઓએ ગેસ સિલિન્ડર ભરેલો આખે આખો ટ્રક જ ચોરી લીધો હતો. ગેસ સિલિન્ડરના ભાવ વધુ હોવાથી લોકોને ઓછા પૈસામાં બ્લેકમાં આ બોટલો આપી આરોપીઓ વધુ પૈસા મેળવવાની ફિરાકમાં હતા. જોકે 500થી વધુ ગેસની બોટલો વેચે તે પહેલા જ આરોપીઓની પોલીસે ધરપકડ કરી લીધી. આરોપીઓ પાસેથી પોલીસે 500 જેટલા સિલિન્ડર, ટ્રક, બે પીકઅપ ડાલુ અને એક ગાડી મળી 37 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસ કરતા સામે આવ્યું છે કે સાણંદમાં આવેલ માધવ નગરમાં રહેલ IOCL ગેસના ગોડાઉનમાં સિલિન્ડર ભરેલો ટ્રક ચોરી થયો હતો. જે ટ્રક સાથે સિલિન્ડર ચોરી કરનાર મુખ્ય આરોપી અનિલ ઉર્ફે ગોવિંદ કોટડે હતો. જે ગોડાઉનમાં છેલ્લા 6 મહિનાથી ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. આરોપી અનિલ ગેસના સિલિન્ડર ભરેલ આખી ટ્રકની ચોરી કરી દહેગામ હિંમતનગર નજીક અવાવરું જગ્યાએ મૂકી દીધી હતી. જે પહેલાં દહેગામ નજીક વટવા ગામમાં 500 જેટલા ગેસના સિલિન્ડર ખેતરમાં ઉતારી દીધા હતા. જે ગેસના બાટલાઓ અડધી કિંમતમાં વેચી રહ્યા હતા તેવામાં સાણંદ પોલીસે માહિતી આધારે ચોરીના બાટલા સાથે ચારેય આરોપી પકડી લીધા. આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યું કે ચારેય આરોપી રાજસ્થાન વતની છે અને શોર્ટકટમાં વધુ પૈસા કમાવવા માટે ચોરી કરી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

## તોતિંગ બલૂન દ્વારા અમેરિકાની જાસુસી, ભારત રહે સતર્ક, અવળચંડા ચીનાઓનો કોઈ ભરોસો નહીં...!

ચીન અને અમેરિકા વચ્ચેનું કોલ્ડ વોર હવે હવાઈ જાસુસી સુધી પહોંચી ગયું છે. અમેરિકાના સત્તાવાળાએ તેમની હવાઈ સીમાની અંદર ઘૂસી આવેલા ચીનના વિશાળ બલૂન-ગુબ્બારો-ને ખાસ મિસાઈલ દ્વારા તોડી પાડ્યું છે. ચીને અમેરિકાની જાસુસી માટે આ બલૂન છોડ્યું હતું અને તેને કન્ટ્રોલ કરી શકાય અર્થાત તેને ગાઈડ કરી શકાય એવી ટેકનોલોજી સાથે અમેરિકામાં મોકલવામાં આવ્યું. સુપર પાવર અમેરિકાએ ચેતવણી આપ્યા વગર પાડી દીધુ. સ્વાભાવિક છે કે ચીનાઓ લાલઘૂમ થયાં. અને સ્વીકારીને લૂલો બચાવ કર્યો કે અમે તો હવામાન જાણવા માટે છોડ્યુ હતું...ભૂલથી તમારે ત્યાં આવી ગયું હશે...!




ચીનની વિસ્તારવાદી વિદેશનીતિથી ભારત સારી રીતે પરિચિત અને પિડિત છે. 1962માં ચીને ભારતની પીઠમાં ખંજર ભોંક્યું અને કેટલીય જમીનો પચાવી પાડી અને એ ભારતની જમીન ચીન પાસેથી પરત લેવાની કોઈપણ સરકારની હિંમત થઈ નથી. વર્તમાન સમયમાં પણ ચીને ફરીથી દોસ્તીનો હાથ લંબાવ્યો..આગતા સ્વાગતા અને ચાય પે ચર્ચા થયાં બાદ ચીને ફરીથી ભારતની પીઠમાં ખંજર ભોંકીને ગલવાન ઘાટીમાં આપણાં 20 સૈનિકોને હણી નાંખીને પૂરવાર કર્યું કે અમે તો એવા રે એવા...પીઠમાં ખંજૂર ભોંક્યા રે ભોંક્યા...!

મામલો થાળે પડ્યો નથી. છમકલાં ચાલી રહ્યાં છે અને ભારતે લેહ-લદાખ એલએસી ખાતે રફાલ વિમાનો ઉડાડીને ચીનાઓને કહી દીધુ કે જો હમ સે ટકરાયેંગા.. ચૂર ચૂર હો જાયેંગા..પણ માત્ર કહેવાથી નહીં ચાલે. ચીનનો કોઈ ભરોસો નથી. અમેરિકા તેને નખશીખ ઓળખે છે અને તેથી ચીનને અંકૂશમાં લેવા શરૂ થયેલી કૂટનીતિમાં આ બલૂન ચીને છોડ્યું હતું. અમેરિકા વળતો પ્રહાર કરશે પણ બલૂન ટાઈપ નહીં. પોતાની આગવી રીતે. ભારતને સંબંધ છે ત્યાં સુધી દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ...એમ ભારતે ચીન દ્વારા આપણી હવાઈ સીમામાં આવો કોઈ બલૂન-વલૂન તરતો મૂકે તો અમેરિકાની જેમ જ ઉડાવી દેવામાં શાણપણ છે. કેમ કે તેમના આ ગુબ્બારામાં હવાઈ જાસુસીના ઉપકરણો હોય છે અને તેમાં રહેલા કેમેરા દ્વારા તસ્વીરો અને ડેટા લઈને ભારતને પરેશાન કરવા માટે ઉપયોગ કરી શકે.

કોરોના ફેલાવીને ચીને દુનિયા આખીમાં તબાહી મચાવી અને હજુ પણ ચીન ફરીથી એવુ નહીં કરે તેની કોઈ ગેરંટી નથી. ચીનનો પ્રેમ સ્વાર્થનો છે. એ સ્વાર્થી પ્રેમમાં ભારત ફરીથી તણાઈ ગયું અને જે કર્યું તે સૌ જાણે છે. આપણાં સેનાના વડાએ જો કે દેશને ખાતરી આપી છે કે ચીન હોય કે નાપાક પાકિસ્તાન આપણી સેના તેમને જડબાતોડ જવાબ આપવા એલર્ટ મોડમાં હરહંમેશ તૈયાર છે. વક્ત આને પર બતા દેંગે તુઝે ઓ ચીના,, જોર કિતના બાજુએ ભારત મેં હૈ... !

**ધર્મ**

## જાનકી જયંતીઃ આ દિવસે પૂજા કરવાથી મળે છે 16 મહાન દાનનું ફળ



જાનકી જયંતીનો તહેવાર મહા વદ આઠમ તિથિએ ઉજવવામાં આવે છે. આ દિવસે માતા સીતાની વિશેષ પૂજા કરવામાં આવે છે. આ વર્ષે આ તહેવાર 14 ફેબ્રુઆરીએ છે. જાનકી જયંતીના દિવસને સીતા આઠમ નામથી પણ ઓળખવામાં આવે છે. આ દિવસ પરણિત સ્ત્રીઓ માટે ખૂબ જ વિશેષ હોય છે. જાનકી જયંતીના દિવસે પરણિત સ્ત્રીઓ તેમના પતિના લાંબા આયુષ્ય માટે માતા સીતાની પૂજા-અર્ચના કરે છે. આ દિવસને માતા સીતાના જન્મોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પરણિતા સ્ત્રીઓ તેમના ઘરની સુખ-શાંતિ અને પતિના લાંબા આયુષ્ય માટે વ્રત રાખે છે.

જાનકી જયંતીનું વ્રત સૌભાગ્યશાળી સ્ત્રીઓ તેમના પતિના લાંબા આયુષ્ય માટે રાખે છે. આ દિવસે મંદિરોમાં ભગવાન શ્રીરામ અને માતા સીતાની પૂજા માટે ભક્તોની ભીડ જોવા મળે છે. આ દિવસે જે પણ વ્યક્તિ ભગવાન શ્રીરામ અને માતા સીતાની પૂજા કરે છે તેમને સોળ મહાદાનનું ફળ અને પૃથ્વી દાનનું ફળ પ્રાપ્ત થાય છે. આ દિવસે વ્રત રાખનાર વ્યક્તિએ માતા સીતાના શુક્રમય નામ ૐ શ્રી સીતાય નમઃ નો જાપ કરવો જોઈએ. તેનાથી ખૂબ જ લાભ પ્રાપ્ત થાય છે. આ દિવસે જે વ્યક્તિ ભગવાન શ્રી રામ અને માતા સીતાની વિધિ વિધાનથી પૂજા કરે છે. તેને 16 મહાન દાનનું ફળ મળે છે. જેમાં પૃથ્વી દાનનું ફળ તથા બધા જ તીર્થનું ફળ મળે છે. માતા સીતા રાજા જનકની પુત્રી હતાં. એટલે માતા સીતાને જાનકી નામથી પણ ઓળખવામાં આવે છે.

**વાસ્તવમાં, નોટો વચ્ચે ધાતુનો દોરો નાખવાનો વિચાર 1848માં ઈંગ્લેન્ડમાં આવ્યો હતો...**

# ચલણી નાણાંનું અવનવુઃ પહેલાં સોના મહોરો.. પછી ચાંદીના સિક્કા અને હવે કાગળની નોટો..!

**બ્રિટિશ સરકારે ભારત માટે 1862માં પહેલી નોટ છાપી,જે યુકેની એક કંપની દ્વારા પ્રિન્ટ કરાઈ હતી...**

સાપ્તાહિક ગુજરાત વંદન

ભારતમાં 2016માં પહેલીવાર નોટબંધીનો અમલ થયો ત્યારે સામાન્યમાં સામાન્ય લોકોને ચલણી નોટોનું મહત્વ સમજાયુ હશે. ભારતમાં એક સમયે ચાંદીના સિક્કાનું ચલણ હતું. અને જો સુવર્ણયુગની વાત કરીએ તે એ સમયે સોનામહોરો ચલણમાં હતી. આજે પણ કોઈ ઐતિહાસિક સ્થળે ખોદકામ કરતી વખતે સોના મહોરોનો જથ્થો મળી આવે છે. સમય જતાં ચાંદી અને સોના મહોરોનું સ્થાન સામાન્ય ધાતુમાં(તાંબુ-પિત્તળ અને એલ્યુમિનિયમ)થી બનેલા સિક્કા અને ખાસ પ્રકારના કાગળમાંથી બનેલી ચલણી નોટોએ લીધુ છે. ઘણીવાર નકલી ચલણી નોટો ઝડપાતી હોય છે. તેવા સમયે તે અસલી છે કે્મ તેની ચકાસણી થાય છે.

ચલણી નોટોની અધિકૃતતા તપાસતી વખતે, તેની મધ્યમાં ધાતુની પટ્ટી ચોક્કસપણે જોવા મળે છે. દરેક વ્યક્તિ ચોક્કસપણે નોંધો વચ્ચે આ વિશિષ્ટ થ્રેડ જુએ છે. આ દોરાને નોટની વચ્ચે મૂકવો ન તો સરળ છે અને ન તો દરેક દોરાને તેની વચ્ચે મૂકી શકાય છે. નોટોમાં આ ખાસ દોરાનો ઉપયોગ કરવા પાછળ એક ખાસ કારણ અને એક ખાસ ટેકનિક પણ છે.


આપણે બધાએ પ્રિન્ટ કરન્સી એટલે કે નોટો વચ્ચેનો ખાસ દોરો જોયો જ હશે. આ થ્રેડ એક ખાસ દોરો છે અને તેને ખાસ રીતે બનાવવામાં આવે છે અને તેને નોટની વચ્ચે પણ ખાસ રીતે ફિક્સ કરવામાં આવે છે. કોઈપણ નોટની અસલિયત તપાસવામાં પણ તે સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ દોરો ધાતુનો દોરો છે. તેની પ્રેક્ટિસ સલામતીના ધોરણ તરીકે શરૂ થઈ. જો તમે જુઓ તો 500 અને 2000 રૂપિયાની નોટની અંદર તેજસ્વી ધાતુનો દોરો, તેના પર કોડ્સ પણ એમ્બોસ કરેલા છે, જેનો અર્થ છે કે તે નોટના સુરક્ષા ધોરણોને વધુ મજબૂત બનાવે છે.

વાસ્તવમાં, નોટો વચ્ચે ધાતુનો દોરો નાખવાનો વિચાર 1848માં ઈંગ્લેન્ડમાં આવ્યો હતો. તેની પેટન્ટ પણ થઈ ગઈ હતી, પરંતુ લગભગ 100 વર્ષ પછી જ તેનો અમલ થઈ શક્યો હતો. આવું એટલા માટે પણ કરવામાં આવ્યું હતું કે જેથી નકલી નોટો છાપવાથી રોકી શકાય. તમે કહી શકો કે નોટોની વચ્ચે સ્પેશિયલ થ્રેડ લગાવ્યા બાદ હવે 75 વર્ષ પૂરા થઈ રહ્યા છે.

ધ ઈન્ટરનેશનલ બેંક નોટ સોસાયટી" એટલે કે IBNS



મુજબ, "બેંક ઓફ ઈંગ્લેન્ડ" એ 1948 માં વિશ્વમાં પ્રથમ વખત નોટ ચલણની મધ્યમાં મેટલ સ્ટ્રીપ મૂકવાનું કામ કર્યું હતું. જ્યારે નોટને લાઈટ સુધી પકડવામાં આવી ત્યારે તેની વચ્ચે એક કાળી લાઈન દેખાતી હતી. એવું માનવામાં આવે છે કે આમ કરવાથી, ગુનેગારો નકલી નોટો બનાવે તો પણ તેઓ ધાતુના દોરા બનાવી શકશે નહીં. જો કે, બાદમાં નકલીઓ નોટની અંદર માત્ર એક સાદી કાળી લાઈન બનાવી લેતા હતા અને લોકોને મૂર્ખ બનાવવામાં આવતા હતા.



1984માં, બેંક ઓફ ઈંગ્લેન્ડે 20 પાઉન્ડની નોટમાં તૂટેલા ધાતુના દોરાને દાખલ કર્યો હતો, એટલે કે નોટની અંદર, આ ધાતુના દોરાને ઘણા લાંબા દાગડાઓ જોડતા હતા. પછી એવું માનવામાં આવતું હતું કે ગુનેગારો તેને જરાય તોડી શકશે નહીં. પરંતુ બનાવટીઓએ સુપર ગ્લુ વડે તૂટેલા એલ્યુમિનિયમના દોરાનો ઉપયોગ શરૂ કર્યો હતો. આ પણ મોટાભાગના નોટ લેનારાઓ માટે ઓળખવું મુશ્કેલ હતું.

જો કે, સરકારોએ પણ નકલી નોટો બનાવનારાઓ સામે સુરક્ષાના દોરો બનાવવાના મામલે હાર માની નથી. તેના બદલે, તેણે એક એવી સિસ્ટમ વિકસાવી જેમાં ધાતુને બદલે પ્લાસ્ટિકની પટ્ટીઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો. 1990 માં, ઘણા દેશોની સરકારો સાથે સંકળાયેલી કેન્દ્રીય બેંકોએ નોટમાં સુરક્ષા કોડ તરીકે પ્લાસ્ટિક થ્રેડનો ઉપયોગ કર્યો હતો. આ સાથે, દોરામાં કેટલાક છાપેલા શબ્દોનો ઉપયોગ પણ શરૂ થયો. જેની હજુ સુધી નકલ કરવામાં આવી નથી.

05, 10, 20 અને 50 રૂપિયાની નોટો પર પણ આવી જ વાંચી શકાય તેવી સ્ટ્રીપનો ઉપયોગ કરવામાં આવે છે. આ દોરો ગાંધીજીના પોટ્રેટની ડાબી બાજુએ કરવામાં આવ્યો હતો. અગાઉ, રિઝર્વ બેંક દ્વારા ઉપયોગમાં લેવાતી મેટાલિક સ્ટ્રીપમાં સાદી મેટાલિક સ્ટ્રીપ હતી, તેના પર કંઈપણ લખવામાં આવતું ન હતું. સામાન્ય રીતે, બેંકો દ્વારા ઉપયોગમાં લેવાતી મેટાલિક સ્ટ્રીપ ખૂબ જ પાતળી હોય છે, તે સામાન્ય રીતે M અથવા એલ્યુમિનિયમ અથવા પ્લાસ્ટિક હોય છે.

ભારતમાં જો કે ચલણી નોટો પર મેટાલિક સ્ટ્રીપનો ઉપયોગ ખૂબ મોડો શરૂ થયો હતો, પરંતુ જ્યારે તમે આપણા દેશની ચલણી નોટો પર આ મેટાલિક સ્ટ્રીપ જોશો તો તે બે રંગની દેખાશે. આ સોનું નાની નોટો પર ચમકતું રહે છે, જ્યારે 2000 અને 500ની નોટોની તૂટેલી પટ્ટી લીલી હોય છે. જો કે, કેટલાક દેશોની નોટો પર આ સ્ટ્રીપનો રંગ પણ લાલ છે. ભારતની મોટી નોટો પર વપરાતી ધાતુની પટ્ટી ચાંદીની છે.

આ મેટાલિક સ્ટ્રીપને ખાસ ટેકનિકથી નોટોની અંદર દબાવવામાં આવે છે. જ્યારે તમે તેમને પ્રકાશમાં જોશો, ત્યારે તમે આ સ્ટ્રીપ્સને ચમકતા જોશો. સામાન્ય રીતે વિશ્વની કેટલીક કંપનીઓ જ આ પ્રકારની મેટાલિક સ્ટ્રીપ બનાવે છે. એવું માનવામાં આવે છે કે ભારત તેના ચલણ માટે આ સ્ટ્રીપને બહારથી પણ આયાત કરે છે.

ભારતમાં ચલણી નોટ છાપવાની શરૂઆત 1862માં થઈ હતી.ત્યારે બ્રિટિશ સરકારે વર્ષ 1862માં પહેલી નોટ છાપી હતી.જે યુકેની એક કંપની દ્વારા છાપવામાં આવી હતી.

**ઑક્ટોબર 2000 માં, ભારતીય રિઝર્વ બેંકે ભારતમાં 1000 રૂપિયાની નોટ જારી કરી, જેમાં આવા થ્રેડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં હિન્દીમાં ભારત, 1000 અને RBI લખેલું હતું. હવે 2000ની નોટની ધાતુની પટ્ટી તૂટેલી છે અને તેના પર અંગ્રેજીમાં RBI અને હિન્દીમાં ભારત લખેલું છે. આ બધું રિવર્સ લખેલું છે.500 અને 100 રૂપિયાની નોટોમાં પણ સમાન સુરક્ષા ફીચર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.**

આઝાદી બાદ ચલણી નોટો ભારત સરકાર અને રિઝર્વ બેંક દ્વારા છાપવામાં આવે છે.ચલણી નોટોનું છાપકામ ફક્ત સરકારી પ્રિન્ટિંગ પ્રેસમાં કરવામાં આવે છે.દેશભરમાં ચલણી નોટો છાપવા માટે માત્ર 4 પ્રિન્ટિંગ પ્રેસ છે.જેમાં નોટ છાપવાનું કામ નાસિક, દેવાસ, મૈસુર અને પશ્ચિમ બંગાળના સાલબોનીમાં થાય છે.

ચલણી નોટોના છાપકામમાં વપરાતી શાહી સ્વિસ કંપની SICPAથી આયાત કરવામાં આવે છે.જેમાં ઈન્ટાગ્લિયો (Intaglio), ફ્લોરોસન્ટ (Fluorescent) અને ઓપ્ટિકલી વેરીએબલ શાહી (OVI)નો ઉપયોગ થાય છે.જ્યારે પણ શાહીની આયાત કરવામાં આવે ત્યારે તેની રચનામાં ફેરફાર કરવામાં આવે છે. કોઈ દેશ શાહીની નકલ ન કરી શકે તેના માટે દરવખત શાહીમાં ફેરફાર કરવામાં આવે છે.

ઈન્ટાગ્લિયો (Intaglio) શાહી ચલણી નોટ પર દેખાતા ગાંધીના ફોટાની છાપણી માટે ઉપયોગમાં લેવાય છે.ફ્લોરોસન્ટ (Fluorescent) શાહીનો ઉપયોગ ચલણી નોટ પર છાપવામાં આવતા નંબર માટે કરવામાં આવે છે.ઓપ્ટિકલી વેરીએબલ (Optically variable) શાહીનો ખાસ હેતુથી કરવામાં આવે છે.દર વખતે શાહીમાં થોડા બદલાવ કરવામાં આવે છે જેથી ચલણી નોટોની નકલ ન થઈ શકે.

ચલણી નોટો માટે ભારતમાં હોશંગાબાદમાં પેપર મિલ છે.જેમાં ચલણી નોટો અને સ્ટેમ્પ્સ માટે કાગળ બનાવવામાં આવે છે. જો કે ભારતની ચલણી નોટો માટે મોટાભાગના કાગળ જર્મની, જાપાન અને યુકેથી મંગાવવામાં આવે છે.

### 1917માં પ્રથમ વખત ચાંદીના સિક્કાનાં સ્થાને 1 રૂપિયાની નોટો આવી...

**યુદ્ધના કારણે એક સમય એવો આવ્યો કે સરકાર ચાંદીના સિક્કાને ઘાટ આપવા સક્ષમ નહોંતી.જેથી વર્ષ 1917માં પ્રથમ વખત ચાંદીના સિક્કાના સ્થાન 1 રૂપિયાની નોટે લીધું.30 નવેમ્બર 1917ના રોજ લોકોએ પ્રથમ વખત નોટ જોઈ હતી.જેના પર બ્રિટનના રાજા જ્યોર્જ પાંચનું ચિત્ર છાપવામાં આવ્યું હતું.જો કે આ નોટ છાપવાનું 1926માં બંધ કરી દેવાયું હતું.કેમ છાપકામ પાછળ ખર્ચ વધારે આવતો હતો.1940માં ફરી નોટો છાપવાનું કામ શરૂ કરાયું હતું.જે 1994 સુધી ચાલ્યું હતું. રિઝર્વ બેંક 1 રૂપિયાની નોટ સિવાય તમામ નોટને પ્રિંટ કરે છે.રિઝર્વ બેંકના જણાવ્યાં મુજબ, 200 રૂપિયાની નોટ છાપવા માટે 2.93 રૂપિયાનો ખર્ચ થાય છે.જ્યારે 500 રૂપિયાની નોટ છાપવામાં 2.94 રૂપિયનો ખર્ચ થાય છે.તો 2 હજારની નોટ છાપવા માટે 3.54 રૂપિયાનો ખર્ચ થાય છે.**



# વૈશ્વિક મહામારીમાં એક નર્સની સંઘર્ષકથા

**પુસ્તક પરિચય**




▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

આ વાર્તા છે, વીસ વર્ષની 'અનન્યા' ની. ભારતમાં કઈ પરિસ્થિતિમાં અનન્યા જીવી રહી હતી? અમેરિકા જવાની અનિચ્છા હોવા છતાં તે કેમ અમેરિકા ગઈ? અમેરિકામાં તેની સાથે એવી કઈ ઘટના બની કે જેને કારણે તેણે પાંચ વર્ષમાં જ ભારત પરત ફરવું પડ્યું? ભારત પરત ફરીને તેના પર કેવી આફતો આવી પડી? હવે અનન્યા શું આત્મહત્યા કરશે? કે પછી તેની જિંદગીમાં કોઈ નવો વળાંક આવશે? જીવનની અનેક કશ્મકશ દર્શાવતી , સંબંધોનાં નવાં પરિમાણો સ્થાપિત કરતી એક સુંદર લઘુનવલ એટલે ' અભિતપ્ત'.

સાહિત્યકાર, કવયિત્રી, શિક્ષણવિદ્, સમાજસેવિકા, પ્રખર વક્તા, નર્મદ સાહિત્ય સભાનાં ઉપપ્રમુખ તથા અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ વિજેતા લેખિકા શ્રીમતી પ્રજ્ઞા વશી નું અગિયારમું પુસ્તક એટલે ' અભિતપ્ત '. અંગત અનુભૂતિનું વર્ણન કરતાં લેખિકા લખે છે, ' દરિયો અભિતપ્ત થાય તો વાદળ બંધાય, તો વરસાદ પડે અને ધરતી લીલીછમ થાય. એક શેકાય કે તાપમાં બળે તો જ બીજાને સુખ મળે. આ લઘુનવલ ' અભિતપ્ત' માં વીસ વર્ષની નાયિકા અનન્યા કઈ રીતે અભિતપ્ત થઈ? જીવનની એરણે એ કઈ રીતે ટિપાતી રહી? એ કઈ રીતે ભારતથી અમેરિકા ગઈ અને અમેરિકાથી કોરોના સંક્રમિત થઈ પાછી ફરી? કપરા સંજોગો, જીવનભરનો સંઘર્ષ, પ્રિય વ્યક્તિ સાથેનો વિરહ અને કોરોનાનો ભોગ બનવું એ એની નિયતિ હતી? મુખ્ય નાયિકા અનન્યાની આસપાસ આ કથા વિસ્તરી રહી છે. વી. આર. ટી. આઈ. રિસર્ચ કૉલેજ, માંડવી- કચ્છ દ્વારા યોજાયેલ લઘુનવલ સ્પર્ધામાં છત્રીસ લઘુનવલોમાંથી પ્રથમ આશ્વાસન ઈનામ આ લઘુનવલને પ્રાપ્ત થયું છે મને એનો વિશેષ આનંદ છે.'

જાણીતા વિવેચક અને કવિ શ્રી રવીન્દ્ર પારેખ આ પુસ્તક પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં લખે છે,'




અભિતપ્ત એટલે દુ:ખથી ખૂબ તપેલું. સતત ભડકા વચ્ચે જ જીવવાનું આવ્યું હોય એવી વ્યક્તિને અભિત ગણી શકાય. અનન્યા એવી જ સ્ત્રી છે. પિતાની સ્વસ્થતા જળવાઈ રહે એ ગણતરીથી વીસેક વર્ષની અનન્યા બનાવટી પાસપોર્ટ પર મહંમદભાઈની મદદથી અમેરિકામાં ડૉ. ભાસ્કરને ત્યાં તેની દીકરી રિયાની દેખભાળનું કામ મેળવે છે. આ કામ તે પૂરી નિષ્ઠાથી કરે છે ને પાંચ વર્ષમાં તો તે રિયાની મા જ બની રહે છે. ડૉક્ટરની મદદથી તે નર્સિંગનું કામ પણ શીખી લે છે ને ઘરની અનિવાર્ય વ્યક્તિ બની રહે છે. પણ, તેને અમેરિકા છોડવાની ફરજ પડે છે. અહીં આખી કથા રસપ્રદ રીતે કહેવાઈ છે. વાચક તેમાં ઓતપ્રોત થાય એવું ઘણું બધું ' અભિતપ્ત' માં છે. કોરોનાની લઘુનવલ કોઈએ અમેરિકાથી શરૂ કર્યાનું આ પહેલું જ ઉદાહરણ હશે એમ હું માનું છું ને એને માટે લેખિકાને અભિનંદન આપવા ઘટે.'

ડૉ. પન્ના ત્રિવેદી આ પુસ્તકને ' ઝંઝાવાત વચ્ચે ફૂલ ' ગણાવતાં લખે છે, ' પારિવારિક વેદનાનાં ઝંઝાવાતમાં ઘેરાયેલ નાયિકા નાછૂટકે બીજા મુલકની યાત્રા ખેડે છે. પારકી બાળકીને ઉછેરવાનું કામ સ્વીકારે છે પણ એ નિમિત્તે ખરેખર તો આ સ્ત્રી માનવીય ગરિમાને જ ઉછેરે છે, સીંચે છે. કોરોનાની મહામારી દરમિયાન માણસાઈ નેવે મૂકનારા માણસો નાયિકાને ભારતની ધરતી પર ધકેલે છે. અહીં વિદેશનું સુખ ખૂંચવાઈ જવાનો રંજ નથી પણ વેદના એ હતી કે જે બાળકી સાથે તે સ્નેહનાં અતૂટ તાંતણે બંધાઈ હતી એની સાથેના વિયોગને લીધે જીવતર ટકાવી રાખવાનો એક માત્ર આધાર પણ છીનવાઈ જાય છે.

આમ છતાં, સમષ્ટિ પ્રત્યે, માનવતા પરત્વે શ્રધ્ધા ન ગુમાવતી સ્ત્રીનાં વિજયની આ કથા છે. અને આ કથાનું એક સામ્પ્રત મૂલ્ય પણ છે. આ યાત્રાની ભીતર એક આંતરયાત્રા પણ છે જેમાં આપ સહુને આવકાર છે.'

નર્મદ સાહિત્ય સભા, સુરતનાં પ્રમુખ શ્રી પ્રફુલ્લ દેસાઈ તથા ઍડવોકેટ અને વાર્તાકાર શ્રીમતી ભારતી દેસાઈએ પણ આ પુસ્તકને તેમની શુભેચ્છાઓ પાઠવી છે. કોરોનાનાં કપરાં સમયની કથા દર્શાવતી આ લઘુનવલ, જે આપણને ફરીથી આપણાં સૌનો એ કપરો સમય અને માનવતાની મહેકને યાદ કરાવી જાય છે.

**સંક્ષિપ્ત વાર્તા**

# કાંટો – ફોર્કઃ 'હા રૂથ, હું જ છું; તારો ફ્રેડી.'

**'પછી આવ્યા હિટલરના સૈનિકો અને બીજા યુવાનો સાથે તારા દાદાને પણ પકડીને લઈ ગયા.'**

સાપ્તાહિક ગુજરાત વંદન

સુંદર ફૂલોથી શણગારેલા એક નાનકડા સિનેગોગમાં લગ્નના સફેદ ડ્રેસમાં સજ્જ થઈ સૂઝન પોતાની એન્ગેજમેન્ટ રીંગને આંગળિયોથી ફેરવતી ફેરવતી ઉદાસ ચહેરે સાવ એકલી વિચારમગ્ન બેઠી હતી. બીજા હાથમાં ફૂલોનો ગુલદસ્તો પકડ્યો હતો.

'બેટા, અહીં એકલી બેઠી શું કરે છે?' સૂઝન કંઈ કહે તે પહેલાં તેને પ્રેમ નીતરતી આંખે જોતાં દાદીમાએ ઉમેર્યું, 'તું કેટલી સુંદર લાગે છે આજે!'

'તમે પણ ખૂબ સુંદર લાગો છો, દાદીમા!'

'ખુશ તો છોને?'

'હા, દાદીમા ખૂબ ખુશ છું.'

'તો પછી આ ચહેરા પર સ્મિત કેમ નથી?' સૂઝનના સુંદર મુખને ચૂમતાં દાદીમાએ પૂછ્યું.

'મને ડર લાગે છે.'

'ડર શેનો? કોલીન બહુ સરસ પુરુષ છે, તને ઘણું સુખ આપશે, પ્યાર અને જતનથી તને સંભાળશે.'

'હા પણ દાદીમા, એકવીસ વર્ષની વયે હું ઉતાવળ તો નથી કરતી ને? મા 30 વર્ષે પરણી હતી અને તમે પણ પરણ્યાં ત્યારે કંઈ નાનાં તો નહોતાં?'

'હું 28ની હતી.'

દાદીમાએ થોડીવાર મૌન રહી ઉમેર્યું, 'પણ તારા દાદા મારા પહેલા પતિ નહોતા. હું 18 વર્ષની વયે ફ્રેડીને પરણી હતી. એ મારો પહેલો પ્યાર હતો. 60 વર્ષ થયાં તો પણ અમારો એ લગ્ન દિવસ મને હજુ પણ યાદ છે. હું તારા જેવી જ સુંદર લાગતી હતી. અમે સાધારણ કુટુંબના હોવાથી આજના જેવી ઝાકઝમાળ નહોતી, પણ ખૂબ આનંદથી એ દિવસ અમે સૌએ માણ્યો હતો.'

'ખરેખર, દાદીમા? મને તો એ વાતની ખબર જ નહોતી.'

'તારે એ જાણવાની જરૂર પણ નહોતી, બેટા.'

'પછી શું થયું?'

'પછી આવ્યા હિટલરના સૈનિકો અને બીજા યુવાનો સાથે તારા દાદાને પણ પકડીને લઈ ગયા.'

બે ઘડી બન્ને સ્ત્રીઓ ઊંડા વિચારમાં ગરકી પડી.

'મેં ઘણાં વર્ષો સુધી એમની રાહ જોઈ પણ એ પાછા આવ્યા જ નહીં.'

અને દાદીમાએ પોતાની હેન્ડબેગમાંથી બે કાંટાવાળું હેન્ડલ વગરનું એક નાનકડું ફોર્ક કાઢ્યું. જ્યાંથી ફોર્ક તૂટેલું હતું ત્યાં પ્લાસ્ટિકના પીળા રંગના હેન્ડલનો થોડો ભાગ રહી ગયો હતો. દાદીમાએ સૂઝનને તૂટેલો ફોર્ક આપતાં કહ્યું, 'સૈનિકો આવ્યા ત્યારે




અમે જમતાં હતાં. ફ્રેડીએ પોતાનો ફોર્ક તોડી મને અડધો આપતાં કહ્યું હતું, 'આ સાચવીને રાખજે; તે તારા માટે ભાગ્યશાળી નીવડશે. અને થયું પણ તેમ જ. મને તારા દાદા મળ્યા અને ભલે આજે એ હયાત નથી પણ એમણે મને અત્યંત પ્રેમ કરી બહુ સુખી રાખી હતી. મારા માટે આ ફોર્ક ખરેખર ભાગ્યશાળી નીવડ્યો છે. એ હવે હું તને આપું છું, તેને સાચવીને રાખજે; તું પણ મારી જેમ સુખી થઈશ.'

'ચાલો બન્ને બહાર, બધાં વાટ જુએ છે. ગ્રુપ ફોટો પડાવવાનો છે.' દાદી-પૌત્રીના વાર્તાલાપમાં ભંગ પાડતો ફોટોગ્રાફર આવી ચડ્યો.

એકાદબે ફોટા લઈ, ફોટોગ્રાફરે કહ્યું, 'ચાલો હવે બન્ને પક્ષનાં માતાપિતા અને દાદાદાદી આવી જાઓ!'

બધાં ભેગાં થતાં હતાં તે દરમિયાન કોલીનની નજર સૂઝનના હાથમાં પકડેલા અડધા ફોર્ક ઉપર પડી. 'આ શું છે?' તેણે પૂછ્યું. 'ગુડ લક માટે દાદીમાએ મને એ આપ્યું છે.'

'ન હોય! આ જો, મને મારા દાદાએ શું આપ્યું છે.' અને કોલીને તેની પાટલૂનના ખીસામાંથી કશુંક કાઢ્યું.

અને માની ન શકતી હોય તેમ કોલીને હાથમાં પકડેલા પીળા રંગના એક નાનકડા હેન્ડલને સૂઝન સૂનમૂન બની જોઈ રહી.

ત્યાં તો વાઈન ગ્લાસ તૂટવાનો અવાજ આવ્યો. દાદીમાના હાથમાંથી એ સરકી જમીન પર ચૂરેચૂરા થઈ પડ્યો હતો.

બધાંની નવાઈ વચ્ચે દાદીમા કેટલીયે વારથી એક ખૂણામાં ચૂપચાપ બેસી રહેલા, પણ ફોટોગ્રાફરની હાકથી ઊભા થઈ બહુ ધીમે પગલે ડગમગતી ચાલે આવી રહેલા એક વૃદ્ધ પુરુષ તરફ દોડ્યાં.

'ફ્રેડી, ઓહ ફ્રેડી! ખરેખર તમે જ છો?' ફ્રેડીના ચહેરા પર હાથ ફેરવતાં આંસુ ભરી આંખોથી દાદીમા ફરી ફરી પૂછતાં હતાં.

'હા રૂથ, હું જ છું; તારો ફ્રેડી.' અને આખું કુટુંબ આ અપૂર્વ મિલનને કશું સમજ્યા વિના જોઈ રહ્યું,

અને કોલીને પીળું હેન્ડલ સૂઝને પકડેલા બે કાંટાવાળા ફોર્કમાં બરોબર ગોઠવી દઈ સૂઝનને પોતાના બાહુમાં સમાવી લીધી.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.


# જી-૨૦ સમિટના ડેલીગેટ્સ કચ્છના બન્યા મહેમાન

## સફેદ રણમાં કરી કેમલ સફારી, કચ્છી સંસ્કૃતિની ઝાંખી રજૂ કરીને સ્વાગત કરાયું

ગુજરાત | વંદન

જી-૨૦ સમિટ અનુસંધાને વિવિધ દેશના ડેલીગેટસ કચ્છના મહેમાન બન્યા છે. ત્યારે ધોરડો સફેદ રણ ખાતે કેમલ સફારી અને સાંસ્કૃતિક કાર્યક્રમની ઝાંખીઓ રજૂ કરીને તેમનું કચ્છી પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. કચ્છની સંસ્કૃતિની ઝલક સાથે અધિકારીઓને શ્વેત રણમાં મીઠેરો આવકાર આપવામાં આવ્યો હતો. ધોરડો ખાતે સફેદ રણ નિહાળવા નીકળેલા ડેલીગેટસના માનમાં વોચ ટાવરથી સનસેટ પોઈન્ટ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક રજૂ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ, વિદ્યાર્થીઓ તથા સ્થાનિક કલાકારો પોતાની કળા રજૂ કરી હતી.






**વિવિધ દેશના પ્રતિનિધિઓએ સેલ્ફી લઈને સફેદ રણની મજા માણી**

રોડના શોના લોક સંગીતમાં જોડિયા પાવા, મોરચંગ, સુરંદો, ગડા- ગમેલા, કચ્છી કાફી તેમજ કચ્છની ગ્રામીણ વેશભૂષામાં સજ્જ થયેલા કલાકારોએ કચ્છી લોક નૃત્યોને પેશ કર્યું હતું. કેમલ સફારી સાથે કચ્છની ગ્રામીણ સંસ્કૃતિને નિહાળીને ડેલિગેટસે આનંદ અનુભવ્યો હતો. સફેદ રણમાં આથમતા સૂરજની સોનેરી સંધ્યા વચ્ચે વિવિધ દેશના પ્રતિનિધિઓએ સેલ્ફી લઈને સફેદ રણની મજા માણી હતી.

### ભાજપના સાંસદ મનસુખભાઈએ CMને પત્ર લખ્યો

## નર્મદા પટમાં બેફામ ગેરકાયદે રેતી ખનનમાં મોટા રાજકીય માથાની સંડોવણીનો આક્ષેપ

ગુજરાત | વંદન



નર્મદા નદીના પટમાં બેફામ રીતે ગેરકાયદેસર રેતી ખનન ચાલી રહ્યું છે તેવા આક્ષેપ તેમજ રેતી ખનનની પ્રવૃતિઓ બંધ થાય એવી માંગ સાથે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ફરી બાંયો ઉંચકી છે. અને ગેરકાયદેસર રીતે ચાલી રહેલા રેતી ખનનના મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ફરિયાદ કરી છે. સાથે જ આ ગેરકાયદેસર રેતી ખનનના કૌભાંડમાં મોટા રાજકીય માથાઓની પણ સંડોવણી હોવાનો આક્ષેપ સાંસદ મનસુખ વસાવાએ કરતા ખળભળાટ મચી ગયો છે.

વસાવાએ સીએમને ગેરકાયદેસર ચાલી રહેલ રેતી ખનન કૌભાંડની ફરિયાદ કરતા પત્ર લખ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે- ભરૂચ, નર્મદા જિલ્લાના નર્મદા નદીના પટમાંથી અને વડોદરામાંથી મોટાપાયે ગેરકાયદેસર રેતી કાઢવામાં આવી રહી છે. નારેશ્વરની નજીક લિલોડ ગામ તથા ઓઝ ગામના સામેના કાંઠા સુધી મોટા રેતીના પાળા બનાવામાં આવ્યા છે, આવા મોટા રેતીના પાળાને લીધે નદીનો પ્રવાહ રોકાઈ જતાં લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. નદી પટમાંથી 5 મીટર ઊંડાઈએથી રેતી કાઢવાની મંજુરી સરકાર દ્વારા આપવામાં આવે છે પરંતુ આ રેતી માફીયાઓ 25થી 30 મીટર સુધી રેતી કાઢી રહ્યા છે.

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
વ્યસ્ત દિનચર્યામાં થોડો સમય સામાજિક પ્રવૃત્તિઓ માટેકાઢી શકશો, આપનું માન અને દરજ્જો વધશે. જો ઘર બદલવાની યોજના બનાવી છે તો નિર્ણય લેવા માટે અનુકૂળ સમય છે. રોકાણ સંબંધિત પ્રવૃત્તિઓ મુલતવી રાખો અન્યથા નુકશાન જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
તમારી નાણાકીય યોજનાઓને સાકાર કરવાનો આ અઠવાડિયે યોગ્ય સમય છે. રોકાણ સંબંધિત કામો માટે પણ સમય સારો ચાલી રહ્યો છે. સામાજિક પ્રવૃત્તિઓમાં તમારું નિઃસ્વાર્થ યોગદાન તમને સમાજમાં સન્માનિત કરશે. કોઈપણ ગુપ્ત બાબતો જાહેર થઈ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ)
તમારા માટે કેટલીક આદરણીય અને ધનવાન પરિસ્થિતિઓનું નિર્માણ થશે. આ લાભદાયી ગ્રહ પરિસ્થિતિનો પૂરો લાભ ઉઠાવો. તમારી વિવેકબુદ્ધિ અને આદર્શવાદ તમને ઘરમાં અને સમાજમાં સન્માન અપાવશે. બાળકના અભ્યાસમાં ધ્યાન ન આપવું તમને પરેશાન કરી શકે છે.

**કર્ક** (ડ.હ)
આર્થિક સ્થિતિ અનુકૂળ હોવાને કારણે આત્મવિશ્વાસ અને મનોબળ પણ વધશે. અનુભવી અને વરિષ્ઠ લોકો સાથે થોડો સમય પસાર કરવો જોઈએ, તેમના અનુભવો અને માહિતીમાંથી તમને ઘણી નવી વસ્તુઓ શીખવા મળશે. આ સમયે કોઈ પણ પ્રકારના ઉધાર કે રોકાણ પર ખર્ચો ન કરવો.

**સિંહ** (મ.ટ)
પેન્ડિંગ પેમેન્ટના અચાનક આવવાના કારણે અથવા કોઈ ખાસ કામ પૂર્ણ થવાના કારણે તમે તણાવમુક્ત અનુભવશો. નજીકના સંબંધીઓ સાથે ખરાબ સંબંધોમાં ફરી મધુરતા આવશે. વેપારમાં મહત્વપૂર્ણ ઓર્ડર પ્રાપ્ત થશે. પ્રોપર્ટી સંબંધિત બિઝનેસમાં સકારાત્મક પરિણામ આવશે.

**કન્યા** (પ.ઠ.ણ)
આર્થિક યોજનાઓને ફળદાયી બનાવવાનો આ યોગ્ય સમય છે. ફોન અથવા ઈમેલ દ્વારા કેટલીક મહત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત થશે, જે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. કોઈના પર વિશ્વાસ કરતા પહેલા તેના તમામ પાસાઓ વિશે વિચારી લો. તમે ભાવનાત્મક બનીને તમારું પોતાનું નુકસાન કરી શકો છો.

**તુલા** (ર.ત)
તમારા મહત્ત્વપૂર્ણ કાર્યમાં સંપૂર્ણ ઊર્જા સાથે ધ્યાન કેન્દ્રિત કરી શકશો. વિદ્યાર્થીઓને વિદેશની કોઈપણ પરીક્ષામાં સારા પરિણામ મળવાની સંભાવના છે. વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું સંપૂર્ણ ધ્યાન રાખો. બેદરકારીને કારણે કોઈ કાયદાકીય ગૂંચમાં ફસાઈ શકો છો.

**વૃશ્ચિક** (ન.ય)
આ સપ્તાહે વિચારવાનો અને આત્મમંથન કરવાનો સમય છે. કોઈ પ્રિય વ્યક્તિની મુલાકાત તમારા માટે વરદાન સાબિત થશે. જો કોઈ સ્થળાંતર યોજના બનાવવામાં આવી રહી છે તે માટે સમય યોગ્ય છે. બીજાની બાબતોમાં બિનજરૂરી દખલ ન કરો. સંજોગો સાનુકૂળ બનશે.

**ધન** (ભ.ધ.ફ)
જનસંપર્કનો વ્યાપ વધશે, તમારી સંપૂર્ણ ક્ષમતા અને સખત મહેનત તમારા કાર્યોને પૂર્ણ કરી શકશે. તમારા ગુસ્સા વાળા સ્વભાવ પર નિયંત્રણ રાખો. સંબંધી અથવા પાડોશી સાથે વાદ-વિવાદ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. વિદેશી વેપારમાં થોડી લાભદાયક સ્થિતિ સર્જાઈ રહી છે.

**મકર** (ખ.જ)
સંબંધમાં નવી શરૂઆત કરવા માટે સમય અનુકૂળ છે, ફાઈનાન્સ સંબંધિત પ્રવૃત્તિઓમાં સુધારો થશે. બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખો અને યોગ્ય બજેટ બનાવો. ભાઈ-બહેનો સાથે વિવાદ થઈ શકે છે. કોઈપણ અનિર્ણાયકતાના કિસ્સામાં વડીલોની સલાહ જરૂર લો.

**કુંભ** (ગ.સ.શ.ષ)
ઘર અને બિઝનેસ વચ્ચે યોગ્ય તાલમેલ રહેશે. સામાજિક પ્રવૃત્તિઓમાં તમારી હાજરીની ખાતરી કરો. યુવા વર્ગને તેમની મહેનતનું સારું પરિણામ મળશે. કોઈપણ ખોટી વાત પર તરત જ પ્રતિક્રિયા આપવાને બદલે તેને શાંતિપૂર્ણ રીતે સમજાવો, મીડિયા સંબંધિત પ્રવૃત્તિઓને મજબૂત કરો.

**મીન** (દ.ચ.ઝ)
તમારા વ્યક્તિત્વમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. તમારા બધા કામ સમજી વિચારીને અને શાંતિથી ઉકેલવાનો પ્રયાસ કરો. તમારા પર કોઈ આરોપ કે માન ગુમાવવા જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, કોઈપણ અયોગ્ય કામમાં રસ ન લેવો. આજનો દિવસ આર્થિક રીતે સારો છે. પરંતુ તમારી યોજનાઓ ગુપ્ત રાખવી, તમારા કાર્યમાં અવરોધો આવી શકે છે.

## દારુબંધીને લઈને કોંગ્રેસના પૂર્વ એમએલએની મુખ્યમંત્રીને સલાહ

ગુજરાત | વંદન

દારૂના જથ્થાને નાશ કરવા મામલે કોંગ્રેસના નેતા અને પૂર્વ ધારાસભ્ય લલીત વસોયાએ મુખ્યમંત્રીને પત્ર લખી આ જથ્થાની જાહેર ઓક્શનથી વહેંચી દેવ માટે અપીલ કરી છે. ગુજરાતમાં દારૂબંધી છે છતા દર વર્ષે 200 કરોડથી વધુ રકમનો વિદેશી દારુ-બીયરનો જથ્થો પોલીસ દ્વારા પકડવામાં આવે છે અને સરકાર દ્વારા તેનો નાશ કરવામાં આવે છે.



ત્યારે પકડાયેલા જથ્થા અંગે પૂર્વ ધારાસભ્ય લલીત વસોયા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી કહ્યું કે, દેશના બીજા રાજ્યોમાં દારૂબંધી નથી ત્યાં સરકારે આ પકડાયેલા દારુ-બિયર જાહેર ઓક્શનથી વહેંચી જે રકમ મળે તે પોલીસ વેલ્ફેર ફંડ અને દેશની રક્ષા કરતા શહીદ થતા ગુજરાતના જવાનોના પરિવારને મદદરૂપ થવામાં વાપરવો જોઈએ

## રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણનું કાઉન્ટડાઉન શરૂ, ૯૦% કામ પૂર્ણ

### એપ્રિલ મહિનામાં પીએમ મોદી દ્વારા લોકાર્પણ થઇ શકે...

ગુજરાત | વંદન

રાજકોટ પાસે 1400 કરોડના ખર્ચે ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવામાં આવી રહ્યું છે. હીરાસર ખાતે આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટ (Greenfield Airport) ની કામગીરીની 90 ટકા જેટલી પૂર્ણ થઇ ગઇ છે અને ટૂંક સમયમાં સંપૂર્ણ કામગીરી પૂર્ણ થઇ જશે. ત્યારે હવે રાજકોટની ભાગોળે તૈયાર થઇ રહેલા હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. આગામી એપ્રિલ મહિનામાં હિરાસર એરપોર્ટનું લોકાર્પણ થઇ શકે છે. એરપોર્ટના લોકાર્પણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવશે.



ગ્રીનફિલ્ડ એરપોર્ટનું હાલ 90 ટકા કામ પૂર્ણ થયું છે. બોક્સ લવર્ડ, રનવે, પાર્કિંગ, ટેક્સી ટ્રેક, એપ્રન અને કોમ્યુનિકેશન બિલ્ડિંગ સહિતની કામગીરી 100 ટકા પૂર્ણ થઇ ચૂકી છે. આ ઉપરાંત બાઉન્ડ્રી વોલની કામગીરી પણ 90 ટકા સુધી થઇ ગઇ છે. જમીનને સમતળ કરવાની કામગીરી પણ પ્રોગ્રેસમાં છે અને 95 ટકા જેટલી કામગીરી પૂર્ણ થઇ છે. હાલમાં એરપોર્ટના રનવે તેમજ અન્ય કામગીરીનું ટેસ્ટિંગ થઇ રહ્યું છે. કેન્દ્ર સરકારના ક્લિયરન્સ બાદ તંત્ર દ્વારા લોકાર્પણની ફાઇનલ તારીખ જાહેર કરવામાં આવશે.

થોડા દિવસ પહેલા કલેક્ટર દ્વારા એરપોર્ટની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરી સૂચનો વિવિધ વિભાગને કરવામાં આવ્યા હતા. ગત જાન્યુઆરી મહિનામાં જ કેન્દ્રીય સચિવ સહિતનો કાફલો રાજકોટ દોડી આવ્યો હતો. તો હિરાસર આંતરરાષ્ટ્રીય ગ્રીનફીલ્ડ એરપોર્ટની કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન સચિવ રાજીવ બંસલે પણ મુલાકાત લીધી હતી અને એરપોર્ટમાં ચાલતી કામગીરીની સમીક્ષા કરી હતી. હિરાસર ગ્રીનફીલ્ડ એરપોર્ટના પ્રથમ તબક્કામાં 3 કિલોમીટરના રન-વેનું કામ પૂર્ણ થઈ ગયું છે. એપ્રન, ટેક્સી વેઝની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે. રન-વે પર લેન્ડિંગ લાઈટ્સ લાગી ગઈ છે તથા ફાયર સ્ટેશનની કામગીરી પણ પૂર્ણ થવાની તૈયારીમાં છે.

## આણંદ હાઈવે પર વાહનચાલકોને લૂંટવા આવેલી પરપ્રાંતિય ગેંગ હથિયારો સાથે પકડાઈ

ગુજરાત | વંદન

હાઈવે પર અડાસ ગામ નજીક રાતના સમયે વાહનચાલકોને લૂંટવાના ઈરાદે ફરતી પરપ્રાંતની ગેન્ગને પોલીસે દબોચી લીધી હતી. સાગરિતો પાસેથી પોલીસે દેશી તમંચા, કારતૂસ સહિતના હથિયારો પણ જપ્ત કર્યા હતા. લૂંટારૂ ગેંગના બે સાગરીતને પોલીસ પકડી લીધાં હતાં. જોકે, ચાર લૂંટારૂ અંધારામાં ફરાર થઈ ગયાં હતાં. વાસદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વાસદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.સી. નાગોલ સહિતની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન અડાસ પાસે સફેદ કલરની કાર પાસે છ શખસ ઉભા રહી રસ્તા પર પસાર થતા વાહનોને હથિયાર બતાવી રોકવાની કોશીષ કરતાં હોવાની બાતમી મળી હતી. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી તુરંત સ્થળ પર પહોંચ્યાં હતાં. પરંતુ આ ગેંગને પોલીસના આગમનની ગંધ આવતી જતાં તેઓએ નાસભાગ કરી હતી. આખરે પોલીસને તેમાંથી બે શખસને પકડવામાં સફળતા મળી હતી. આ બન્ને શખસને પોલીસ મથકે લાવી પૂછપરછ કરતાં તે સંદીપ રાજેશસીંગ નરોત્તમસીંગ સીસોદીયા (ઉ.વ.32, રહે. ઉધઈ, જિ. હાથરસ, ઉત્તરપ્રદેશ) અને રવિકુમાર ઉર્ફે કુલપતિ બિજેન્દ્રસિંહ ભુપતસિંહ ચૌધરી (ઉ.વ.32, રહે. પર્વતપુરી, જયપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.


## સૌરાષ્ટ્ર-કચ્છમાંથી 148 કરોડની વિજચોરી પકડાઈ

ગુજરાત | વંદન

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં વિજચોરી સામે તવાઈ ઉતારવામાં આવી છે. નિયમિત ચેકીંગ ડ્રાઈવ છતાં વિજચોરી નિયંત્રીત થતી ન હોય તેમ છેલ્લા નવ મહિનામાં 148.29 કરોડની વિજચોરી પકડવામાં આવી છે.

પીજીવીસીએલના સૂત્રોએ જણાવ્યું કે રાજકોટ શહેરમાં સોમવારે 28.46 લાખની વિજચોરી પકડી પાડવામાં આવી હતી. 1083 વિજજોડાણ ચકાસવામાં આવ્યા હતા તેમાંથી 121માં ગેરરીતિ મળી હતી. રાજકોટ શહેરમાં એપ્રિલથી ડિસેમ્બર 2022ના નવ મહિનાના સમયગાળામાં કુલ 17.62 કરોડની વિજચોરી પકડવામાં આવી છે. આ સમયગાળા દરમ્યાન 66290 વિજજોડાણો ચેક કરવામાં આવ્યા હતા તેમાંથી 5461માં વિજચોરી પકડાઈ હતી. નવ માસના આ સમયગાળા દરમ્યાન સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં 490358 વિજજોડાણોની ચકાસણી કરવામાં આવી હતી તેમાંથી 57815 માંથી ગેરરીતિ-વિજચોરીનો પર્દાફાશ થયો હતો અને કુલ 148.29 કરોડના વિજબીલ ફટકારવામાં આવ્યા હતા.

## જૂનાગઢમાં મહાશિવરાત્રિના મેળાની તૈયારીઓ એસટીની 229 એક્સ્ટ્રા બસો દોડાવાશે



ગુજરાત | વંદન

શહેરના ભવનાથની તળેટીમાં આગામી તા. 15મીથી 18મી ફેબ્રુઆરી દરમિયાન યોજાનારા મહા શિવરાત્રિના મેળાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તૈયારીઓની સમીક્ષા કરવા માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મીટિંગ મળી હતી. શિવરાત્રિના મેળામાં ગામ-પરગામથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે. વિવિધ આશ્રમો દ્વારા ભાવિકો માટે ઉતારા અને પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શિવરાત્રિનામેળી દરમિયાન પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવશે. તેમજ મેળામાં આવનારા ભાવિકો માટે એસટી દ્વારા 229 એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે.

જનાગઢમાં ભવનાથ તળેટીમાં આગામી 15 થી18 ફેબ્રુઆરી સુધી યોજાનાર મહાશિવરાત્રી મેળામાં ભાવિકોના પરિવહન માટે જૂનાગઢ એસટી ડિવિઝન દ્વારા જુનાગઢ બસ સ્ટેન્ડ થી ભવનાથ સુધી જવા 56 મીની બસો અને ગુજરાતના વિવિધ ગામોના રૂટો પર 173 ડિલક્સ બસો મળી કુલ 229 વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, જુનાગઢના ભવનાથ શિવરાત્રીના મેળા માટે લાખો ભાવિકો આવે છે ત્યારે એસટી વિભાગીય નિયામક શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ નાયબ વિભાગીય પરિવહન અધિકારીના નિદર્શન હેઠળ અને જુનાગઢ એસટી ડેપો દ્વારા જુનાગઢના બસ સ્ટેન્ડથી ભવનાથ સુધી ભાવિકોની અવરજવર માટે 56 મીનીબસોને દોડાવવામાં આવશે. આ ઉપરાંત જૂનાગઢ થી દ્વારકા, પોરબંદર ,રાજકોટ સતાધાર ,ભાવનગર, ભુજ ,અમદાવાદ, બગસરા, સોમનાથ રાજુલા ,સાવરકુંડલા, ગોંડલ ખંભાળિયા ,જામનગર ,જામજોધપુર તાલાળા અને પરબ સહિતના વિવિધ ગામોમાં વધારાના રૂટો પર મુસાફરની અવર-જવર માટે જૂનાગઢ એસટી ડિવિઝનના જૂનાગઢ, પોરબંદર ,ઉપલેટા, કેશોદ, ધોરાજી બાંટવા ,માંગરોળ અને જેતપુર મળી કુલ 9 ડેપોમાંથી 143 અને અન્ય વિભાગમાંથી 30 મળી કુલ 173 વધારાની બસોને મુસાફરોના પરિવહન માટે જૂનાગઢ બસ સ્ટેન્ડ થી દોડાવવામાં આવશે.

## શબ્દોની સંતાકૂકડી 48 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | | ■ |
| 6 | | | | | ■ | 7 |
| 8 | | ■ | 9 | | 10 | |
| | ■ | 11 | | ■ | 12 | |
| ■ | 13 | | ■ | 14 | | ■ |
| 15 | ■ | 16 | | | ■ | 17 |
| 18 | | | ■ | 19 | | |

**ઊભી ચાવી**

(1) અદલોબદલો, આપલે [4]
(2) રાજાનાં ગુણગાન ગાનારી જાત [3]
(3) અવાજ, નાદ, સાદ [2]
(4) વિકાર કે ફેરફાર કરનારું [4]
(5) પાણી ભરવાની ચામડાની કોથળી [3]
(7) સોનારૂપાનો કસ કાઢનાર [3]
(10) વહેળો, ઝરણ [3]
(11)ચારે બાજુ [4]
(14) બ્રહ્માના માનસપુત્ર, પરમ વિષ્ણુભક્ત [3]
(15) વાંસની છછરી ટોપલી [2]
(17) વિસામો [2]

**આડી ચાવી**

(1) કોઈપણ બાબતનો નિર્ણય લેતાં પહેલાં બધી બાબતો અંગે ................ કરવો જરૂરી છે [6]
(6) અવકાશ વગરનું [5]
(8) ચાળીશ શેરનું એક વજન, કીડીને કણ અને હાથીને ..... મળી રહે છે [2]
(9) ખેંચાખેંચી, તકરાર [4]
(11)આંગણા આગળની ખુલ્લી જગ્યા, આની મદદથી બોર્ડ ઉપર લખી શકાય [2]
(12) પરુ, પસ [2]
(13) નિશા, રજની [2]
(14) ચલણી સિક્કો, ધન-દોલત [2]
(16) લખેલું ભૂંસવા માટે આનો ઉપયોગ થાય છે [3]
(18) પાણી ઠરી જતાં થાય [3]
(19) બારણે ટકોરા, સુસ્મિતા સેનની એક ફિલ્મનું નામ [3]

**શબ્દોની સંતાકૂકડી-47નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વિ | સ્ફો | 2 ટ | 3 ક | ■ | 4 આ | 5 સો |
| ર | ■ | 6 પા | પ | 7 ડ | ■ | ડ |
| 8 હ | 9 મા | લ | ■ | 10 ફો | 11 ર | મ |
| ■ | ર | ■ | 12 આ | ળ | સ | ■ |
| ■ | 13 ક | મો | દ | ■ | 15 ધા | 16 મ |
| 16 આ | ણું | ■ | 17 ત | 18 લ | ર | વા |
| ગ | ■ | 19 સો | ■ | વ | ■ | લી |

**શબ્દોની સંતાકૂકડી-48 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 50 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | 6 | | 2 | |
| 4 | 9 | | | | 8 | | 1 | |
| | 6 | | 5 | 7 | | 3 | | 9 |
| | | 3 | | | | 8 | | |
| | 4 | | 1 | | 5 | | | 7 |
| 1 | | 8 | | 6 | | | 9 | |
| | 5 | | | | | 6 | | |
| | | 2 | 3 | | | | 4 | |
| | 8 | | | 9 | | 1 | | 3 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-50નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 3 | 5 | 9 | 1 | 6 | 7 | 2 | 4 |
| 4 | 9 | 7 | 2 | 3 | 8 | 5 | 1 | 6 |
| 2 | 6 | 1 | 5 | 7 | 4 | 3 | 8 | 9 |
| 5 | 7 | 3 | 4 | 2 | 9 | 8 | 6 | 1 |
| 9 | 4 | 6 | 1 | 8 | 5 | 2 | 3 | 7 |
| 1 | 2 | 8 | 7 | 6 | 3 | 4 | 9 | 5 |
| 3 | 5 | 9 | 8 | 4 | 1 | 6 | 7 | 2 |
| 6 | 1 | 2 | 3 | 5 | 7 | 9 | 4 | 8 |
| 7 | 8 | 4 | 6 | 9 | 2 | 1 | 5 | 3 |

## ખેતીની જમીનના વર્ષો જૂના કાયદાની જોગવાઈ સામે સમય બદલાતા ઉઠતા સવાલો..

# વિચાર માંગતો મુદ્દો : ખેડૂત ડોક્ટર બની શકે, તો ડોક્ટર ખેડૂત કેમ ના બની શકે..?

ગુજરાત | વંદન

આજકાલ ગુજરાત સહિતનાં મોટા ભાગનાં રાજ્યોમાં ખેતીની જમીન અંગે એવા કાયદા છે કે જે ખેડૂત નથી તે ખેતીની જમીન ખરીદી શકે નહિ અને ખેડૂત બની શકે નહિ.

જો કે, કોઈ ખેડૂતનાં સંતાનો અને ખેડૂત પોતે પણ ડોક્ટર, વકીલ, પ્રોફેસર, શિક્ષક, અભિનેતા, અભિનેત્રી, નર્તક, કવિ, આર્કિટેક્ટ, એન્જિનિયર, આઈએએસ, કોન્ટ્રેક્ટર, મેનેજર, શેરદલાલ, દુકાનદાર, બેન્કર, સીએ, સીએસ, કંપનીઓના માલિક વગેરે બધું જ થઈ શકે છે. આ લોકો આ બધું જ થવા છતાં પણ વળી પાછા ખેડૂત રહી પણ શકે છે. તેઓ પોતાની જમીન પર જાતે ખેતી ન કરે તો બીજાની પાસે કરાવી શકે છે! તેમની પાસે પાંચ વીઘા જમીન હોય અને એમને પચાસ વીઘા જમીન બીજી ખરીદવી હોય તો ખરીદી પણ શકે છે. તેમને ગમે તેટલા મોટા ખેડૂત થવું હોય તો થઈ શકે છે. પરંતુ જે પોતે ખેડૂત નથી અને જેની પાસે ખેતીની જમીન નથી એવી વ્યક્તિને ખેતીની જમીન ખરીદવી હોય અને ખેતીનો વ્યવસાય કરવો હોય તો તે ના કરી શકે કારણ કે એનાથી ખેતીની જમીન ખરીદી શકાય નહિ એવા કાયદા છે!

આ દેશમાં આશરે પચાસ કે સો વર્ષ પહેલાં લગભગ બધા પરિવારો ખેડૂતો જ હતા. દેશ આઝાદ થયો ત્યારે આશરે ૮૨ ટકા લોકો ખેતીમાંથી રોજગારી મેળવતા હતા. પછી દુકાળ પડ્યા, શહેરો વિકસ્યાં અને ખેતી સિવાયના ઉદ્યોગ-ધંધા વિકસ્યા એટલે ઘણાએ પોતાની ખેતીની જમીનો વેચી નાખી અને તેમનાં આજનાં સંતાનો પાસે તેમના બાપદાદા ખેડૂત હતા એવા કોઈ પુરાવા પણ રહ્યા નહિ. આવી વ્યક્તિઓને ખેડૂત થતાં હવે સરકારો રોકે છે કારણ કે એવી દલીલ કરવામાં આવે છે કે હાલ જે ઓ ખેડૂતો છે તેમની જમીનો આ રીતે જેઓ હાલ ખેડૂત નથી એમની પાસે જતી રહેશે અને ખેડૂતો કોઈ અસ્કામત વિનાના થઈ જશે.

આ દલીલ તદ્દન વાહિયાત છે. વાસ્તવમાં આ સરકારો દ્વારા ખેડૂતોની કરવામાં આવતી તદ્દન બોગસ આળપંપાળ છે.

હવે નવા કાયદા અને નીતિઓ અનુસાર કોઈક કંપની ખેડૂતો પાસેથી ખેતીની જમીન ખરીદી શકે અને કંપની ખેતી કરી શકે. એને કોર્પોરેટ એગ્રિકલ્ચર કહેવામાં આવે છે. સરકારો આવી ખેતીને પ્રોત્સાહન આપી રહી છે.





વળી, ખેતીની જમીનો બિન-ખેતી (NA) તો મોટા પાયા પર થઈ જ રહી છે. એમાં ખેડૂતો જમીનો વેચી જ દે છે.

એક દાખલો આપું. હું ખેડૂત નથી. મારા પિતાજીના દાદા એક ગામમાં ખેડૂત અને પશુપાલક હતા. લગભગ ૧૨૩ વર્ષ પહેલાં સંવત ૧૯૫૬ના છપ્પનિયા દુકાળ વેળા ગામ છોડીને ખેતીની જમીન અને ઢોર, ઘર, દુકાન વગેરે વેચીને જે ભાવ મળ્યા તે લઈને વખાના માર્યા ભાગ્યા અને અમદાવાદ આવીને વસ્યા એમ મારા પિતાજી કહેતા હતા.

હ વે અ મે ખેડૂત હતા તેનો કોઈ પુરાવો છે જ નહિ. મારે જાતે ખેતી કરવી હોય તો મને સરકાર કાયદા દ્વારા ખેતીની જમીન ખરીદવાની ના પાડે છે. પણ હું જો કોઈ કંપની બનાવું અને ખેતી કરું તો હા પાડે. કોઈ કારખાનું નાખવા ખેતીની જમીન ખરીદી તેને NA કરાવું તો વાંધો નહિ. અરે, માની લો કે હું અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં એક એકર જમીન ખરીદી એ ને NA કરાવું અને એમાં નાનું મકાન બાંધીને રહું અને બાકીની જમીનમાં ખેતી કર્યા કરું તો પણ વાંધો નહિ! કમાલ છે આ તો!

ખેતીની જમીનનું બજાર બીજાં બજારોની જેમ જ મુક્ત હોય તો વાંધો શું? જે ખેડૂતને ખેતીની જમીન જેને વેચવી હોય એને વેચવા દો અને જેને ખરીદવી હોય એને ખરીદવા દો. વેચનાર અને ખરીદનાર ભાવ નક્કી કરશે. એમાં સરકારે પ્રતિબંધો મૂકવાની જરૂર શી છે?

આદિવાસી વિસ્તારોની ખેતીની જમીનના વેચાણ અને ખરીદી પર આ જ પ્રકારના પ્રતિબંધો છે. શા માટે?

હાલ જેઓ ખેડૂતો છે તેઓ ગાંડા તો નથી જ કે તેમની જમીનો ઓછા ભાવે વેચી મારે. જેઓ ખેડૂત નથી તેઓ ખેતીની જમીનો ખરીદવા નીકળે તો શક્ય છે કે માંગ વધવાને લીધે જમીનોના ભાવ વધે અને હાલ જેઓ ખેડૂત છે તેમને વધુ ભાવ મળે.

બિન-ખેડૂત વ્યક્તિગત રીતે ખેડૂત થઈ જ ના શકે એવા કાયદા તદ્દન બિન-તાર્કિક છે. જો એમ જ રાખવું હોય તો પછી જે ખેડૂત સંતાનો બીજા વ્યવસાયમાં જાય તેઓ ખેતી ના કરી શકે અને ખેડૂત ના રહી શકે એવું કરી શકાય? એવું તો થાય જ નહિ ને! ખેડૂતો કે તેમનાં સંતાનો બીજું કંઈ ન થઈ શકે, તેમણે તો ખેતી જ કરવાની, એવું થઈ શકે? ના, એવું પણ ના થઈ શકે. તો કોઈ પણ બિન-ખેડૂતને પણ ખેડૂત થવા દો ને.

- પ્રો. હેમંતકુમાર શાહ

અનુસંધાન પેજ 01 પરથી...

### મૃત્યુઆંક 30 હજાર...

માર્યા ગયા હતા. જ્યારે તૂર્કિયે અને સિરિયામાં તેના કરતાં પણ વધારે લોકો માર્યા ગયા છે. હજુ બચાવ કામગીરી ચાલી રહી છે અને અનેક માનીય સંવેદનાને હચમચાવી નાંખે એવા કિસ્સા બની રહ્યાં છે. કચ્છ ભૂકંપના કારણે તેની જગ્યાએથી ખસ્યું નથી પણ તૂર્કિયેની જમીન તેના મૂળ સ્થાનેથી 10 ફૂટ ખસી ગઇ હોવાનું પણ સેટલાઇટ ઈમેજમાં ખુલાસો થયો છે.

તુર્કીમાં આવેલા ભયાનક ભૂકંપે હજારો લોકોના જીવ લીધા હતા. અહીં બચાવ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. કાટમાળમાં દટાયેલા લોકોને શોધવાના સતત પ્રયાસો ચાલુ છે. આ દરમિયાન તુર્કીથી એક એવા સમાચાર આવ્યા છે જેને સાંભળીને દરેક ભારતીય ગર્વ અનુભવશે. વાસ્તવમાં ભારતની NDRF ટીમે કાટમાળમાંથી 6 વર્ષની બાળકીને બચાવી છે. ટીમ IND-11એ ગઝિયાંટેપ શહેરના બેરેનમાં એક બાળકીનો જીવ બચાવ્યો છે. ગૃહમંત્રી અમિત શાહે પણ આ અંગે ટ્વીટ કર્યું છે અને બચાવનો વીડિયો પણ શેર કર્યો છે. તેમણે પોતાના ટ્વીટમાં લખ્યું હતું કે આપણા NDRF પર ગર્વ છે.

### હાલમાં ચૂંટણી...

આ પછી અમિત શાહ 26 ટકા સાથે બીજા નંબર પર છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથ (25 ટકા) અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી (16 ટકા). દેશભરમાં ભારત જોડો યાત્રાનું નેતૃત્વ કરનાર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને આગામી પીએમ તરીકે 14 ટકા લોકોએ પસંદ કર્યા છે.

સર્વેમાં બીજેપીને 284 સીટો જ્યારે સાથી પક્ષોને 14 સીટો આપવામાં આવી છે. આ રીતે NDAની સીટો 298 પર પહોંચી ગઈ છે. NDAનો વોટ શેર 43 ટકા છે, જે ઓગસ્ટ 2022માં છ મહિના પહેલા કરવામાં આવેલા સર્વેના 41 કરતા 2 ટકા વધુ છે.

સીટોના આંકડાઓ પર નજર કરીએ તો એનડીએને મોટો ફટકો પડતો જોવા મળી રહ્યો છે. 2019માં એનડીએએ ભાજપના નેતૃત્વમાં 353 બેઠકો જીતી હતી. એનડીએની બેઠકોમાં ઘટાડો ભાજપની ટેન્શન વધારશે.

ઉપરાંત, કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએની બેઠકો છેલ્લી ચૂંટણીમાં 91ના બે આંકડાના આંકડાથી વધીને ત્રણ આંકડામાં થઈ ગઈ છે. યુપીએને 153 બેઠકો મળવાનું અનુમાન છે. યુપીએને 30 ટકા વોટ મળતા દર્શાવવામાં આવ્યા છે.

આ એવા આંકડા છે જે સતત ત્રીજી વખત સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહેલી ભાજપને ચિંતા કરી શકે છે, પરંતુ સૌથી મોટી ચિંતા તેના સૌથી મોટા જાદુ ખત્મ થવા પર રહેશે. સર્વેમાં કલમ 370 અને રામ મંદિર જેવા મુદ્દાઓ પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. આ બે મુદ્દાઓ પર અનુક્રમે 14 અને 12 ટકા લોકોએ મોદી સરકારને સમર્થન આપ્યું હતું. એટલે કે પીએમ મોદીને પસંદ કરનારા 52 ટકા લોકોનું હિંદુત્વના મુદ્દે એટલું જ સમર્થન છે. ભાજપ માટે આ સૌથી મોટી ટેન્શન છે.

આંકડાઓ પર નજર કરીએ તો ભાજપનો હાર્ડકોર મતદાર અને રાહુલ ગાંધીને પસંદ કરતા મતદાર લગભગ સમાન છે. રાહુલ ગાંધીને પણ 14 ટકા લોકોએ પસંદ કર્યા છે. આનો સીધો અર્થ એ છે કે વિચારધારાથી આગળ વધીને, બીજેપી પાસે મોટી સંખ્યામાં મતદારો છે જેઓ બીજી તરફ જઈ શકે છે.

આ વર્ગે પીએમ મોદીને બે વાર વોટ આપ્યો છે. આ વખતે પણ તેઓ ગુસ્સે નથી, પરંતુ તેમને બે વખત સત્તામાં જોયા બાદ તેઓ ત્રીજી વખત પરિવર્તનના મૂડમાં હોઈ શકે છે, એવી શક્યતા નકારી શકાય તેમ નથી. જો કે અહીં બોલ હવે વિપક્ષના કોર્ટમાં જાય છે. જો તે આ મતદાતા પર જીત મેળવવામાં સફળ થાય છે, તો 2024માં ભાજપ માટે મુશ્કેલ બનશે. લોકસભાની ચૂંટણીને લગભગ 400 દિવસ બાકી છે. આ દરમિયાન, ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો હાર્ડકોર મતદારો સિવાય આ મોટી સંખ્યામાં મતદારોને જીતવાનો પ્રયાસ કરશે.

### જમ્મુ-કાશ્મીરના...

ચેતવણી જારી કરવામાં આવી છે. આ જિલ્લાઓ 2,500 મીટરની ઉંચાઈ પર છે. એસડીએમએ કહ્યું કે આ વિસ્તારોમાં રહેતા લોકોએ સાવચેત રહેવું જોઈએ. આ સાથે લોકોને હિમપ્રપાતની સંભાવનાવાળા વિસ્તારોમાં જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.

અગાઉ, 5 ફેબ્રુઆરીના રોજ, હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિ જિલ્લાના લાહૌલ સબડિવિઝનમાં ચીકા નજીક હિમસ્ખલનને કારણે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) ના બે કામદારો માર્યા ગયા હતા અને એક ગુમ થયો હતો. મૃતકોની ઓળખ રામ બુદ્ધ (19) અને રાકેશ તરીકે કરવામાં આવી છે, જ્યારે ગુમ થયેલા વ્યક્તિની ઓળખ નેપાળના રહેવાસી પાસાંગ શેરિંગ લામા તરીકે થઈ છે.

જમ્મુ-કાશ્મીરના મેદાની વિસ્તારોમાં સતત વરસાદ ચાલુ છે. ગુલમર્ગ અને સોનમર્ગ સહિત કાશ્મીરના ઉપરના વિસ્તારોમાંથી તાજી હિમવર્ષા થઈ છે. ગુલમર્ગ અને સાધના ટોપના સ્કી-રિસોર્ટમાં 12 ઈંચથી વધુ હિમવર્ષા નોંધાઈ છે, જ્યારે કારગીલમાં પાંચ ઈંચથી વધુ બરફ પડ્યો છે. આ સાથે હવામાન વિભાગે શુક્રવારે પણ આખો દિવસ વરસાદની આગાહી કરી છે.

### અમેરિકાના ...

ચાઈનીઝ બલૂન કરતાં ઘણું નાનું હતું, જેને એટલાન્ટિક કિનારે યુએસ ફાઈટર જેટ દ્વારા 5 ફેબ્રુઆરીએ તોડી પાડવામાં આવ્યું હતું.

પેન્ટાગોનના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ પેટ રાયડરે જણાવ્યું હતું કે એફ-22 રેપ્ટરે ઑબ્જેક્ટને નીચે લાવવા માટે AIM-9X મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. આ જ એરક્રાફ્ટ અને દારૂગોળાનો ઉપયોગ કથિત ચીની જાસૂસી ફુગ્ગાઓને નિશાન બનાવવા માટે પણ કરવામાં આવ્યો હતો. અમેરિકી અધિકારીઓએ જણાવ્યું કે આવા ફુગ્ગા અમેરિકાના પ્રદેશો સહિત 40 થી વધુ દેશોમાં ઉડ્યા છે.

### અમારી સરકારે...

વિપક્ષ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું કે કોંગ્રેસ અને ડાબેરીઓએ ત્રિપુરાને વિકાસના મામલે પછાત કરી દીધું હતું, પરંતુ અમારી સરકારે માત્ર પાંચ વર્ષમાં ત્રિપુરાને ઝડપી વિકાસના પાટા પર લાવી દીધું છે. હિંસા અને પછાતપણું હવે ત્રિપુરાની ઓળખ નથી.

અગાઉ ત્રિપુરામાં માત્ર એક જ પક્ષને ધ્વજ ફરકાવવાની છૂટ હતી, પરંતુ આજે ભાજપ સરકારે ત્રિપુરાને ભય, ધાકધમકી અને હિંસાથી મુક્ત કરી દીધું છે. ત્રિપુરામાં પહેલા માત્ર ડાબેરી કાર્યકરોને જ સરકારી યોજનાઓનો લાભ મળતો હતો, પરંતુ હવે દરેક નાગરિકને સરકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. પોલીસ સ્ટેશનો પર પણ સીપીએમ કેડરનો કબજો હતો, પરંતુ ભાજપ સરકારે રાજ્યમાં કાયદાનું શાસન સ્થાપિત કર્યું છે.

# કોણ હતા 'સંત વેલેન્ટાઈન' જેમને પ્રેમનો મેસેજ આપવા બદલ મળ્યો હતો મૃત્યુદંડ..?

## નવી પેઢીના યુવાનો વેલેન્ટાઈનનું આખું સપ્તાહ ઉજવે છે

પ્રેમ મનુષ્ય જીવનનો આધાર છે. માનવીય લાગણીઓમાં પ્રેમને સૌથી વિશેષ લાગણી માનવામાં આવે છે. ફેબ્રુઆરી મહિનાનું બીજુ અઠવાડિયુ દર વર્ષે વેલેન્ટાઈન વીક તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. આજે 7 ફેબ્રુઆરીથી વેલેન્ટાઈન વીકની શરૂઆત થઈ ચૂકી છે.

શું છે વેલેન્ટાઈન ડે નો ઈતિહાસ?

એવું માનવામાં આવે છે કે, વેલેન્ટાઈન ડેની શરૂઆત પ્રાચીન રોમમાં થઈ હતી જ્યારે 13 ફેબ્રુઆરીથી 15 ફેબ્રુઆરી સુધી લુપકેર્લિયાનો તહેવાર ઉજવવામાં આવતો હતો. આ દિવસો દરમિયાન પુરુષો દ્વારા એક બકરી અને એક કૂતરાની બલિ આપવામાં આવતી હતી. ત્યારબાદ મહિલાઓને આ બલિ આપેલા પ્રાણીઓની ચામડી વડે મારવામાં આવતી હતી. એવું માનવામાં આવતું હતું કે, તેનાથી મહિલાઓની પ્રજનન ક્ષમતામાં સુધારો થાય છે.

આ તહેવાર દરમિયાન મેચ-મેકિંગ લોટરી પણ કાઢવામાં આવતી હતી. પુરૂષો બરણીમાંથી સ્ત્રીઓના નામ કાઢતા અને જે સ્ત્રીનું નામ બરણીમાંથી નીકળતું તેની સાથે કપલ બની જતા હતા. લુપકેર્લિયાનો તહેવાર ત્રીજી સદીમાં વેલેન્ટાઈન ડેમાં પરિવર્તિત થઈ ગયો.

સમ્રાટ ક્લોડિયસ દ્વિતીયએ સંત વેલેન્ટાઈનને ફાંસી આપવાનો આદેશ આપ્યો હતો. સંત વેલેન્ટાઈન એક પાદરી હતા. જેમણે ખ્રિસ્તી કપલને લગ્ન કરવામાં મદદ કરી હતી. સમ્રાટ ક્લાઉડિયસ દ્વિતીય પુરુષોના લગ્નની વિરુદ્ધ હતો અને તેણે આદેશ આપ્યો કે સંત વેલેન્ટાઈનનું માથું કાપી નાખો. તેમને 14 ફેબ્રુઆરીના રોજ ફાંસી આપવામાં આવી હતી. એવું પણ કહેવાય છે કે, જ્યારે સંત વેલેન્ટાઈન જેલમાં હતો ત્યારે તેમણે જેલરની અંધ પુત્રીની સંભાળ લીધી હતી અને તેને એક કાર્ડ પણ લખ્યો હતો.


सीने में राज-ए-इश्क छुपाया न जाएगा,
ये आग वो है जिसे दबाया न जाएगा.
छुप नहीं सकती छुपाने से मोहब्बत की नजर,
पड़ ही जाती है रुख-ए-यार पे हसरत की नजर.
ये इश्क नहीं आसां इतना ही समझ लीजे,
इक आग का दरिया है और डूब के जाना है.
मोहब्बत रंग दे जाती है जब दिल दिल से मिलता है,
मगर मुश्किल तो ये है दिल बड़ी मुश्किल से मिलता है.
मोहब्बत रही चार दिन जिंदगी में,
रहा चार दिन का असर जिंदगी भर.
इश्क करने वालों को दुनिया की सुध-बुध नहीं रहती-
होश वालों को खबर क्या बे-खुदी क्या चीज है,
इश्क कीजे फिर समझिए जिंदगी क्या चीज है..
इलाज अपना कराते फिर रहे हो जाने किस-किस से,
मोहब्बत कर के देखो ना मोहब्बत क्यों नहीं करते.
लुट चुके इश्क में इक बार तो फिर इश्क करो,
किस को मालूम कि तकदीर संवर भी जाए.
कभू रोना कभू हंसना कभू हैरान हो जाना,
मोहब्बत क्या भले-चंगे को दीवाना बनाती है.

જે કાર્ડ પર લખ્યુ હતું 'From Your Valentine'.

5મી સદીમાં પોપ ગેલેસિયસે લુપકેર્લિયાની મૂર્તિપૂજક વિધિઓને ગેરકાયદેસર ઠેરવી અને તેને સંત વેલેન્ટાઈન ડે સાથે જોડી દીધી. જૂનો તહેવાર નવો ઉત્સવ બની ગયો. જ્યોફ્રી ચોસર અને




વિલિયમ શેક્સપિયર જેવા લોકપ્રિય કવિઓએ પણ પ્રેમ અને જુસ્સા વિશે મધુર વાતો લખીને આ દિવસને લોકપ્રિય બનાવવાનું શરૂ કર્યું. આ કારણે સમગ્ર વિશ્વમાં પ્રેમની અભિવ્યક્તિના દિવસ તરીકે 14 ફેબ્રુઆરીની ઉજવણી શરૂ થઈ. હવે આ તહેવાર પણ બજારમાં નવી ચમક લઈને આવે છે. નવી પેઢીના યુવાનો વેલેન્ટાઈનનું આખું સપ્તાહ ઉજવે છે.






અનુસંધાન પેજ 12 પરથી...

### નવી જંત્રીના...

આગામી 15 એપ્રિલ, 2023થી અમલી કરવાનો નિર્ણય કર્યો છે. મહત્વનું છે કે, ગત 07 ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોની પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જંત્રીને લઈને જણાવ્યું હતું કે, નવો નિર્ણય ના થાય ત્યાં સુધી ડબલ જંત્રી જ ચૂકવવાની રહેશે. ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ ડેલિગેટ્સ સાથે ચર્ચા કરી છે. જંત્રી બાબતે કોઈ નિર્ણય થશે તો જાણ કરવામાં આવશે. જ્યારે જમીનનું સંપાદન થાય તે તારીખની અસરથી જંત્રી લાગુ પડે છે.

### ગુજરાતી નહીં...

બનાવી છે. જેના લીધે અનેક સ્કૂલો ગુજરાતી ભાષા ભણાવતી નથી.ગુજરાતી વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષા શીખી શકતા નથી તે કરુણ બાબત છે.

### ગુજરાત દર્શન ...

તેમાં અત્યાધુનિક પેન્ટ્રી કાર અને બે રેલ રેસ્ટોરન્ટ પણ હશે. આ ટ્રેનમાં લગભગ 156 પ્રવાસીઓ એકસાથે મુસાફરી કરી શકશે. આ ટ્રેન ગુજરાતના હેરિટેજ સ્થળો અને યાત્રાધામોની મુલાકાત લઈ જશે.ગરવી ગુજરાત ટુર પેકેજમાં પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચાંપાનેર, સોમનાથ, દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકા, અમદાવાદ, મોઢેરા અને પાટણ જેવા સ્થળો બતાવવામાં આવશે. પ્રવાસીઓ ગુરુગ્રામ, રેવાડી, રિંગાસ, ફુલેરા અને અજમેર રેલવે સ્ટેશનથી પણ આ ટ્રેનમાં મુસાફરી કરશે. IRCTCએ આ ટૂર પેકેજ માટે હપ્તામાં ચૂકવણી કરવાનો વિકલ્પ આપ્યો છે. આ માટે તમે પેમેન્ટ ગેટવેમાં EMI નો વિકલ્પ પસંદ કરી શકો છો.આ યાત્રામાં અમદાવાદનું પ્રસિદ્ધ અક્ષરધામ મંદિર, સાબરમતી મંદિર, મોઢેરાના સૂર્ય મંદિર, પાટણ સ્થિત રાણી કી વાવ, યુનેસ્કો હેરિટેજ સાઈટ, નાગેશ્વર જ્યોતિર્લિંગના પણ દર્શન કરવામાં આવશે. આ ટ્રેન શ્રેષ્ઠ સુવિધાઓથી સજ્જ છે. મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે.

### ઇન્દ્રનીલ રાજ્યગુરૂ ...

ગુજરાતમાં 2017ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન ઈન્દ્રનીલના ભાઈ પર હુમલો થયા બાદ કોંગ્રેસનુ ટોળુ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસે ધસી ગયુ હતુ. આ બનાવમાં ઈન્દ્રનીલ રાજયગુરૂ, મહેશ રાજપુત, જગદીશ રબારી, ભાવેશ બોરીચા, તુષાર પટેલ, મિતુલ દોંગા તથા હેમંત વીરડા સામેનો કેસ ચાલી ગયો હતો. આ મામલે કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આજે આ કેસમાં અદાલતે તમામને નિર્દોષ જાહેર કર્યા હતા.

### શહેરીજનોને ...

20 વર્ષથી જે પણ ટેક્સધારકને 2021 સુધીનો ટેક્સ બાકી હોય તેઓના ટેક્સની રકમમાં વ્યાજ માફી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટેક્સધારક 31 માર્ચ સુધીમાં પોતાનું બાકી ટેક્સનું બિલ ભરી દેશે, તો તેમને વ્યાજમાંથી 100 ટકા માફી આપવામાં આવશે. તેઓએ માત્ર ટેક્સની મૂળ રકમ જ ભરવાની રહેશે.

અનુસંધાન પેજ 10 પરથી...

### મતદારો વધ્યા...

મતદારોનો તહેવાર છે કારણ કે તેઓ તેમના મત દ્વારા દેશની સરકાર પસંદ કરે છે. 25 જાન્યુઆરીએ આ તહેવાર મનાવવા પાછળ એક ખાસ કારણ પણ છે. હકીકતમાં, 25 જાન્યુઆરી, 1950ના રોજ દેશમાં ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી. આ દિવસને યાદ કરવા અને ચૂંટણી પંચના સ્થાપના દિવસની ઉજવણી કરવા માટે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ દિવસે ચૂંટણી પંચ લોકોને મતદાન કરવા અને 18 વર્ષના યુવાનોને મતદાર આઈડી આપવા માટે પ્રોત્સાહિત કરે છે. અહીં એ પણ ખાસ છે કે દર વર્ષે મતદાર દિવસ પર થીમ રાખવામાં આવે છે, આ વખતની થીમ 'ચૂંટણીને સમાવિષ્ટ, સુલભ અને સહભાગી બનાવવી'. રાખવામાં આવી હતી. નોંધનીય છે કે,રાષ્ટ્રીય મતદાતા દિવસનું ઉદ્ઘાટન 25 જાન્યુઆરી, 2011ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રતિભા દેવી પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતીય લોકશાહીમાં નાગરિકોની ભૂમિકા મહત્વની છે. નાગરિકો જ સરકારને ચૂંટીને દેશની દિશા નક્કી કરે છે. આવી સ્થિતિમાં નાગરિકોને રાષ્ટ્રીય મતદાતા દિવસ પર મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવે છે.

હિમાચલ પ્રદેશ વિધાનસભાની ગયા વર્ષે યોજાયેલી ચૂંટણી દરમ્યાન ભારતના પ્રથમ મતદારનું રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાયા હતા. 106 વર્ષીય શ્યામ શરણ નેગીનું મતદાન બાદ અવસાન થયું હતું.

શ્યામ શરણ નેગી હિમાચલ પ્રદેશના કિન્નૌર જિલ્લાના કલ્પાના રહેવાસી હતા. તેમણે બે દિવસ પહેલા પોસ્ટલ બેલેટ દ્વારા વિધાનસભાની ચૂંટણી માટે પોતાનો મત આપ્યો હતો. નેગીએ પ્રથમ વખત 1951-52ની ચૂંટણીમાં ભાગ લીધો હતો, જે દેશની પ્રથમ ચૂંટણી હતી. 106 વર્ષીય શ્યામ શરણ નેગીએ તાજેતરમાં 34મી વખત મતદાન કર્યું હતું. 1951 થી 2022 સુધી તેઓ સતત મતદાન કરતા આવ્યાં હતા.

યુવતીની વાત સાંભળીને કોર્ટ પણ નવાઈ પામી, આપ્યો મોટો આદેશ

# 'જ્યારે મારા પર બળાત્કાર થઈ રહ્યો હતો, ત્યારે હું તેનો વીડિયો બનાવી રહી હતી'

■ કોર્ટે સરકારી વકીલને કહ્યું તમે વીડિયો જુઓ અને નક્કી કરો રેપની ઘટના છે કે પછી સહમતિ છે...

ગુજરાત | વંદન

ગ્વાલિયર હાઈકોર્ટે બળાત્કારના કેસની સુનાવણી દરમિયાન આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. આરોપીના જામીનનો વિરોધ કરતાં પીડિતા તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે તેણે પોતાના મોબાઈલથી પોતાના બળાત્કારનો વીડિયો બનાવ્યો હતો. આના પર આશ્ચર્ય વ્યક્ત કરતા કોર્ટે કહ્યું કે શું શક્ય છે કે જે વ્યક્તિ પર બળાત્કાર થઈ રહ્યો છે તે તેનો વીડિયો બનાવી રહ્યો છે.

કોર્ટે સરકારી એડવોકેટને કેસના તપાસ અધિકારીને સીડી સાથે બોલાવવા આદેશ કર્યો છે. તેને સાચવ્યા વિના પોલીસ દેખરેખ હેઠળ તમે જુઓ. સીડી જોયા પછી નક્કી કરો કે ખરેખર બળાત્કારની ઘટના છે કે સહમતિથી સંબંધ છે.

નોંધનીય છે, 6 ડિસેમ્બર, 2022ના રોજ એક પરિણીત મહિલાએ જિતેન્દ્ર બઘેલ વિરુદ્ધ ગ્વાલિયર જિલ્લાના બિલુઆ પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો કેસ દાખલ કર્યો હતો. જ્યારે આ મામલામાં એફઆઈઆર દાખલ કરવામાં આવી ત્યારે પીડિતાએ પોલીસને પોતાની અગ્નિપરીક્ષા જણાવી.

તેના નિવેદનમાં ઉસૈને જણાવ્યું હતું કે જ્યારે જીતેન્દ્ર તેના પર બળાત્કાર કરી રહ્યો હતો ત્યારે તે પોતે જ તેના મોબાઈલથી ઘટનાનો વીડિયો બનાવી રહ્યો હતો. મામલાની ગંભીરતા જોઈને પોલીસે કલમ 164 હેઠળ પરિણીત મહિલાનું નિવેદન નોંધ્યું હતું. તે નિવેદનમાં પીડિતાએ પોતાના મોબાઈલથી બળાત્કારનો વીડિયો બનાવવાની વાત પણ કરી હતી.


## રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કર્યો...

# ભારતીય અર્થવ્યવસ્થામાં મજબૂતીનું વલણ યથાવત રહેશે: ગવર્નર શક્તિકાંતનો દાવો

ગુજરાત | વંદન

ભારતીય રિઝર્વ બેંકે ફરી એકવાર સામાન્ય માણસને ફરી આંચકો આપ્યો છે. આરબીઆઈએ રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટ અથવા 0.25 ટકાનો વધારો કર્યો છે. આ પછી તમામ પ્રકારની લોન મોંઘી થઈ જશે. દેશમાં મોંઘવારી અંકુશમાં આવ્યા બાદ પણ RBIએ દરો વધારવાનો નિર્ણય લીધો છે. મૉનિટરી પૉલિસી પર બોલતા RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યુ કે છેલ્લા 3 વર્ષથી દુનિયાભરમાં પડકાર વધ્યા છે. પરંતુ ભારતીય અર્થવ્યસ્થામાં મજબૂતીનું વલણ યથાવત છે.

આરબીઆઈ એમપીસીથી બુધવારે વ્યાજ દરો પર પોતાનો નિર્ણય રજુ કર્યો હતો. RBI એ દરોમાં 0.25 ટકાનો વધારો કર્યો છે. RBI એ રેપો રેટ 0.25 ટકાથી વધારીને 6.50 ટકા કરી દીધો છે. તેના સિવાય MSF દર 6.5 ટકાથી વધારીને 6.75 ટકા અને SDF દર 6 ટકાથી વધારીને 6.25 ટકા કરી દીધો છે. મોંઘવારીથી ચિંતિત ભારતીય રિઝર્વ બેંકે રેપો રેટમાં 0.25%નો વધારો કર્યો છે. જેના કારણે રેપો રેટ 6.25% થી વધીને 6.50% થયો છે.



એટલે કે હોમ લોનથી લઈને ઓટો અને પર્સનલ લોન સુધીની દરેક વસ્તુ મોંઘી થઈ જશે અને તમારે વધુ EMI ચૂકવવી પડશે. મંત્રી નિર્મલા સીતારમણે 1 ફેબ્રુઆરીએ બજેટ રજૂ કર્યા બાદ MPCની આ પ્રથમ બેઠક હતી. રેપો રેટમાં સતત છઠ્ઠી વખત વધારો કરવામાં આવ્યો છે.

મૉનિટરી પૉલિસી પર બોલતા RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યુ કે છેલ્લા 3 વર્ષથી દુનિયાભરમાં પડકાર વધ્યા છે. પરંતુ ભારતીય અર્થવ્યવસ્થામાં મજબૂતીનું વલણ યથાવત છે. તેમણે આગળ જણાવ્યુ કે FY23 ના GDP ગ્રોથ અનુમાન 6.8 ટકા થી વધારીને 7 ટકા કર્યો છે. નાણાકીય વર્ષ 2024માં મોંઘવારી દર 4% થી ઊપર બની રહેશે. નાણાકીય વર્ષ 2023 માં મોંઘવારી દર 6.5 ટકા રહેવાનું અનુમાન છે.

### બેન્કિંગ સિસ્ટમમાં પર્યાપ્ત લિક્વિડિટી યથાવત

તેમણે આગળ કહ્યુ કે બેન્કિંગ સિસ્ટમમાં પર્યાપ્ત લિક્વિડિટી ચાલૂ છે. આર્થિક જરૂરતો માટે ઉચિત પગલા ઉઠાવતા રહેશે. G-SEC માર્કેટ સમય 9 AM થી 5 PM સુધી ફરી લાગૂ થશે. G-SECS લેંડિંગ અને બોરોઈંગને મંજૂરીનો પ્રસ્તાવ છે. FY23 એપ્રિલ-સપ્ટેમ્બર CAD GDP ના 3.3 ટકા હતો. FY23 ઑક્ટોબર-માર્ચમાં CAD માં નબળાઈ સંભવ છે. દેશમાં FPI માં વધારો જોવાને મળ્યો છે.

### લોન પેનલ્ટી ચાર્જ પર ગાઈડલાઈન્સ રજુ કરાશે

આરબીઆઈ ગવર્નરે આગળ જણાવ્યુ કે જુલાઈથી 6 ફેબ્રુઆરી સુધી 850 કરોડ ડૉલરના FPI ઈનફ્લો રહ્યા. તેમણે એ પણ જણાવ્યુ છે કે જલ્દી જ લોન પેનલ્ટી ચાર્જ પર ગાઈડલાઈંસ રજુ કરવામાં આવશે. ગ્રીન ડિપૉઝિટ્સની મંજૂરી પર પણ ગાઈડલાઈંસ લાવવામાં આવશે. હવે યૂપીઆઈનો વિસ્તાર ભારત આવનારા યાત્રિયો માટે પણ કરવામાં આવશે. તેમણે એ પણ જણાવ્યુ કે INVOICE ફાઈનાન્સિંગ માટે ઈંશ્યોરેંસ સુવિધા પણ શરૂ કરવામાં આવશે.

## બજારોનાં અંતરંગ

### સિમેન્ટ પરનો GST દર ઘટાડાશે: નાણામંત્રીનો સંકેત

આગામી દિવસોમાં મળનારી જીએસટી કાઉન્સીલની બેઠકમાં સિમેન્ટ પરનો ટેક્ષ ઘટાડવા પર વિચારણા થશે. નાણામંત્રી નિર્મલા સીતારામને કોફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીબીઆઈ)ની એક બેઠકને સંબોધન કરતા જણાવ્યું હતું કે હું જાણું છું કે આ માંગ લાંબા સમયની છે. હાલ સિમેન્ટ પર 28% જીએસટીનો દર લાગે છે અને બાંધકામ ઉપરાંત માળખાકીય ક્ષેત્રમાં જે વિશાળ પ્રોજેકટ છે તેમાં સિમેન્ટની આવશ્યકતા સૌથી વધુ છે. નાણામંત્રીએ જણાવ્યું કે જીએસટીનો તમારો મુદો અમો હાથ પર લીધો છે અને જીએસટીની જે ફીટમેન્ટ કમીટી છે તે તેના પર વિચારણા કરશે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી તા.18ના રોજ જીએસટી કાઉન્સીલની બેઠક મળશે.

### ટાટા સ્ટીલે ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. 2,501.95 કરોડની ખોટ નોંધાવી

મુખ્ય સ્ટીલ કંપની ટાટા સ્ટીલે ચાલુ નાણાકીય વર્ષના




ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. 2,501.95 કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી હતી. સોમવારે શેરબજારને મોકલવામાં આવેલી માહિતીમાં ટાટા સ્ટીલે કહ્યું કે ખર્ચમાં વધારાને કારણે તેના નફામાં આ ઘટાડો થયો છે. કંપનીએ ગયા નાણાકીય વર્ષ 2021-22ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. 9,598.16 કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. આ સમયગાળા દરમિયાન તેની કુલ સંકલિત આવક પણ રૂ. 60,842.72 કરોડથી ઘટીને રૂ. 57,354.16 કરોડ થઈ હતી. જોકે, સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં કંપનીનો ખર્ચ વધીને રૂ. 57,172.02 કરોડ થયો છે. એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં તેનો ખર્ચ રૂ. 48,666.02 કરોડ હતો.

### ભારતી એરટેલનો ત્રીજા ક્વાર્ટરનો નફો 91.5% વધી ₹1,588 કરોડ

ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ખાનગી ક્ષેત્રની ટેલિકોમ કંપની ભારતી એરટેલનો એકીકૃત ચોખ્ખો નફો 91.5 ટકા વધીને રૂ. 1,588 કરોડ સુધી પહોંચ્યો છે. કંપનીએ મંગળવારે એક નિવેદનમાં આની જાણકારી આપી છે. તેના નિવેદનમાં, કંપનીએ કહ્યું છે કે તેની કુલ આવક (ભારતી એરટેલ Q3 કમાણી) પણ ત્રીજા ક્વાર્ટરમાં લગભગ 20 ટકા વધીને 35,804 કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ વૃદ્ધિ કંપનીના સમગ્ર પોર્ટફોલિયોના વધુ સારા પ્રદર્શનને દર્શાવે છે.

### 1937માં ટેલીફોન વસાવો..ની જાહેરખબર...!




## એક શાયરે કહ્યું છે, 'લગેગી આગ તો આયેંગે ઘર કઈ જદ મેં, યહાં પે સિર્ફ હમારા મકાન થોડી હૈ...'



# અદાણી ગ્રુપમાં લાગ્યા છે દુનિયાભરના અમીરોના પૈસા

## અદાણીના 'ઘર' માં આગ લાગશે તો ઘણાંના 'ઘર' પણ ઝપેટમાં આવશે

ગુજરાત | વંદન

અદાણી ગ્રુપ માર્કેટ કેપની દ્રષ્ટિએ થોડા સમય પહેલા દેશની સૌથી મોટું કોર્પોરેટ હાઉસ બની ગયું હતું. ગ્રુપના ચેરમને ગૌતમ અદાણી ગત વર્ષે સપ્ટેમ્બરમાં દુનિયાના બીજા સૌથી મોટા ધનવાન બની ગયા હતા. ગ્રુપની કંપનીઓના શેર રોકેટની સ્પીડથી ભાગી રહ્યા હતા અને દુનિયાભરના ઘણા અબજપતિઓએ વહેતી ગંગામાં હાથ ધોયા હતા. પરંતુ, 24 જાન્યુઆરીએ અમેરિકાની શોર્ટ સેલિંગ ફર્મ હિન્ડનબર્ગ રિસર્ચએ અદાણી ગ્રુપની દુનિયા હચમચાવી નાખી.

ગ્રુપના શેરમાં સાત દિવસમાં 60 ટકા સુધીનો ઘટાડો આવ્યો છે. અદાણી ગ્રુપની માર્કેટ કેપ 100 અબજ ડોલરથી વધુ ઘટી ચૂકી છે. તેના શેર્સમાં ઘટાડાની અસર એ થઈ કે, માર્કેટ કેપની દ્રષ્ટિએ ભારત પાંચમા નંબરેથી છઠ્ઠા નંબરે ખસકી ગયું છે. રોકાણકારોમાં હડકંપ મચ્યો છે. તેઓ ફાઈનાન્શિયલ એડવાઈઝર્સ અને લીગલ એક્સપર્ટ્સની સલાહો લેવા દોડી ગયા છે. અદાણી ગ્રુપમાં ઘણી વિદેશી કંપનીઓનું પણ રોકાણ છે. તેમાં દુનિયાના બે સૌથી અમીર પરિવાર પણ સામેલ છે. સારી વાત એ છે કે, સંકટના આ સમયમાં તે અદાણી ગ્રુપની સાથે મજબૂતીથી ઊભા છે. પરંતુ અદાણી ગ્રુપનું સંકટ વધતું જશે તો ગ્લોબલ રોકાણકારો પર પણ તેની અસર પડશે. શાયર રાહત ઈન્દોરીના શબ્દોમાં કહીએ તો, 'લગેગી આગ તો આયેંગે ઘર કઈ જદ મેં, યહાં પે સિર્ફ હમારા મકાન થોડી હૈ...'

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસના શેર્સમાં એક વર્ષમાં 1600 ટકાથી વધુનો ઉછાળો આવ્યો અને ડિસેમ્બરમાં તે પીક પર પહોંચી ગયો હતો. એ રીતે ગ્રુપની બીજી કંપનીઓના શેર્સ પણ રોકેટ ઝડપે વધ્યા. હિન્ડનબર્ગ રિસર્ચના ગત સપ્તાહે આવેલા એક રિપોર્ટમાં દાવો કરાયો હતો કે, વધુ પડતી લોન અને શેર્સમાં ગરબડના કારણે અદાણી ગ્રુપના શેર્સમાં તેજી આવી. તેમાં કહેવાયું છે કે, અદાણી ગ્રુપ દાયકાઓથી ખુલ્લેઆમ શેર્સમાં ગરબડ અને અકાઉન્ટ ફ્રોડમાં સામેલ રહ્યું છે. જોકે, અદાણી ગ્રુપે આ રિપોર્ટને ખોટો જણાવતા તેને ભારત વિરુદ્ધ ષડયંત્ર જણાવ્યું હતું.

### ઈઝરાયલમાં પણ અદાણીનું રોકાણ

અદાણીએ તાજેતરમાં જ ઈઝરાયલના બીજા સૌથી મોટા પોર્ટ હાઈફાને ખરીદ્યું છે. તેમાં ઈઝરાયલનું Gadot Group તેમનું પાર્ટનર છે. એ જ રીતે અબુ ધાબીની કંપની ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કંપની (International Holding Co.)એ અદાણી ગ્રુપની કંપનીઓમાં બે અબજ ડોલરનું રોકાણ કર્યું છે. IHCનો મોટાભાગનો હિસ્સો રોયલ ગ્રુપ પાસે છે, જે શેખ તહનૂનની કંપની છે. તેઓ યુએઈના નેશનલ સિક્યોરિટી એડવાઈઝર અને દુનિયાના સૌથી અમીર પરિવારનો હિસ્સો છે. હિન્ડનબર્ગનો રિપોર્ટ આવ્યા પછી IHCએ અદાણી ગ્રુપ પર વિશ્વાસ વ્યક્ત કરતા અદાણી એન્ટરપ્રાઈઝિસના એફપીઓમાં 40 કરોડ ડોલરનું રોકાણ પણ કર્યું હતું. જોકે, અદાણી ગ્રુપે આ એફપીઓ પાછો ખેંચી લીધો છે અને IHCને રૂપિયા પાછા આપી દીધા છે.

અદાણી ગ્રુપની કંપનીઓમાં દુનિયાભરના ઘણા અમીરોનું રોકાણ છે. પરંતુ ગ્રુપની કંપનીઓમાં અચાનક શરૂ થયેલા સેલિંગથી આ લોકોનું રોકાણ ખતરામાં પડી ગયું છે. બ્લૂમબર્ગના એક રિપોર્ટ મુજબ, તેમાં મલેશિયાના સૌથી અમીર શખશ, શિપિંગ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા એક ટાયકૂન અને દુનિયાના બે સૌથી અમીર પરિવાર સામેલ છે. ડેટા સેન્ટર સર્વિસિંગ, પેકેજ્ડ ફૂડથી લઈને પોર્ટ મેનેજમેન્ટ સુધીમાં આ લોકોએ અદાણી ગ્રુપની સાથે પાર્ટનરશિપ કરી છે. આ પોર્ટનરશિપના દમ પર અદાણી ગ્રુપે તાજેતરના વર્ષોમાં ઘણા ક્ષેત્રોમાં પોતાનો વિસ્તાર કર્યો છે. તે ટાટા ગ્રુપ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને પછાડી દેશનું સૌથી મોટું કોર્પોરેટ ગ્રુપ બની ગયું હતું. સપ્ટેમ્બર 2022માં તેની માર્કેટ કેપ 22.25 લાખ કરોડ એટલે કે લગભગ 260 અબજ ડોલર સુધી પહોંચી ગઈ હતી.

મલેશિયાના સૌથી અમીર શખસ અને હોંગકોંગમાં રહેતા રોબર્ટ કુક (Robert Kuok) અદાણીના સૌથી જૂના પાર્ટનરમાંથી એક છે. તેમની કંપની વિલ્મર ઈન્ટરનેશનલ (Wilmar International)ની અદાણી વિલ્મરમાં અડધી ભાગીદારી છે. ફોર્ચ્યૂન બ્રાન્ડથી તેલ, ખાંટ અને બીજી પ્રોડક્ટ્સ બનાવતી આ કંપનીની માર્કેટ વેલ્યુ 6.7 અબજ ડોલર છે. આ કંપનીમાં વિલ્મર ફૂડ એક્સપર્ટાઈઝ આપે છે, જ્યારે અદાણી ગ્રુપ લોજિસ્ટિકનું કામ સંભાળે છે. હિન્ડનબર્ગનો રિપોર્ટ આવ્યા પછી વિલ્મરે આ સપ્તાહે જ કહ્યું હતું કે, તે અદાણી ગ્રુપને સપોર્ટ ચાલુ રાખશે.

### વોલમાર્ટથી લઈને CMA CGM સુધીનું છે રોકાણ

દિગ્ગજ રિટેલ કંપની વોલમાર્ટ (Walmart)નું પણ અદાણી ગ્રુપની કંપનીઓમાં રોકાણ છે. વોલમાર્ટનો માલિકી હક દુનિયાના બીજા નંબરનો સૌથી અમીર વોલ્ટર




પરિવાર પાસે છે. વોલમાર્ટે થોડા વર્ષો પહેલા ભારતની ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ (Flipkart) ને ખરીદી હતી. 2021માં ફ્લિપકાર્ટએ પોતાની સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે અદાણી લોજિસ્ટિક (Adani Logistics)ની સાથે હાથ મિલાવ્યો હતો. અદાણી ગ્રુપ મુંબઈથી એક ડેટા સેન્ટર ચલાવી રહ્યું છે અને તેનો એક હિસ્સો ફ્લિપકાર્ટને લીઝ પર આપવાનો છે. ત્યારે અદાણી ગ્રુપે કહ્યું હતું કે, આ પાર્ટનરશિપથી 2500 લોકોને રોજગારી મળશે. વર્જિનિયાની ડેટા સેન્ટર સર્વિસીઝ કંપની EdgeConneXએ ભારતમાં એક ગીગાવોટની ડેટા સેન્ટર કેપેસિટી બનાવવા માટે અદાણી ગ્રુપની સાથે જોઈન્ટ વેન્ચર બનાવ્યું હતું. જોકે, તેમાં કેટલું રોકાણ થશે, તેનો ખુલાસો કરાયો નથી. EdgeConneXના ચીફ માર્કેટિંગ ઓફિસર ફિલિપ મારાન્જેલાનું કહેવું છે કે, હિન્ડનબર્ગના આરોપો છતાં જોઈન્ટ વેન્ચર પર કોઈ અસર નહીં પડે. એ જ રીતે દુનિયાની બીજી સૌથી મોટી કન્ટેનર શિપિંગ કંપની CMA CGMએ અદાણી ગ્રુપની સાથે 2017માં 15 વર્ષ માટે એક ડીલ કરી હતી. આ ડીલ મુંદ્રા પોર્ટ પર એક ટર્મિનલને ચલાવવા માટે હતી. CMA CGMનો મોટાભાગનો હિસ્સો ફ્રાન્સના રોડોલ્ફ સાડે (Rodolphe Saade) અને તેમના પરિવાર પાસે છે.

## 50 અબજ ડોલરનો હાઈડ્રોજન પ્રોજેક્ટ હતો

# હિન્ડેનબર્ગ ઇફેક્ટ: ફ્રાન્સની કંપનીએ અદાણીમાં રોકાણ માટે કહ્યું-નો પ્લીઝ

ગુજરાત | વંદન

જ્યારથી અમેરિકી રિસર્ચ ફર્મ હિન્ડનબર્ગ દ્વારા અદાણી જૂથની કંપનીઓના શેરોની કિંમતને લઈને ખુલાસો કરાયો છે ત્યારથી અદાણી ગ્રૂપની હાલત દયનીય થઈ ગઈ છે. તેની અનેક કંપનીઓના શેરોમાં મોટાપાયે કડાકો બોલાયો છે. આ દરમિયાન તેને મળેલા કેટલાક મોટા પ્રોજેક્ટ અને કોન્ટ્રાક્ટ તથા ટેન્ડરો પણ રદ થવાના અહેવાલ આવ્યા હતા. આ બધા વચ્ચે ફ્રાન્સની એક કંપનીએ પણ અદાણી ગ્રૂપના માલિકને વધુ એક માઠા સમાચાર મોકલ્યા છે.

માહિતી અનુસાર ફ્રાંસની એક કંપનીએ અદાણી ગ્રૂપ સાથે કરેલી ભાગીદારી હેઠળ પ્રસ્તાવિત મૂડીરોકાણની યોજના હાલ અટકાવી દેતા રોકાણ કરવાની ના પાડી દીધી છે. ફ્રાન્સની ટોટલ એનર્જી કંપનીએ અદાણી ગ્રૂપના 50 અબજ ડોલરના હાઈડ્રોજન પ્રોજેક્ટમાં પ્રસ્તાવિત મૂડીરોકાણ કરવાની યોજના બનાવી હતી જે હવે પડતી મૂકવાનો નિર્ણય લીધો છે.

આ મામલે કંપનીના ચીફ એક્ઝિક્ટિવ પેટ્રિક પોયે જણાવ્યું કે, અમેરિકાની હિંડનબર્ગ રિસર્ચના ગૌતમ અદાણી અને તેમની માલિકીની કંપનીઓ પર કરેલા ગંભીર આક્ષેપને હાલ રોકાણ અટકાવી

### ફ્રાંસની સૌથી મોટી ઓઇલ -ગેસ કંપની છે ટોટલ એનર્જીસ





ટોટલએનર્જી એ ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના બિઝનેસમાં સૌથી મોટા વિદેશી રોકાણકારો પૈકીનું એક છે અને તેણે અગાઉ અદાણી ગ્રૂપના રિન્યુએબલ એનર્જી વેન્ચર, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને સિટી ગેસ યુનિટ, અદાણી ટોટલ ગેસ લિમિટેડમાં હિસ્સો ખરીદ્યો હતો. જૂન 2022 ની જાહેરાત મુજબ, ટોટલએનર્જીસ અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં 25 ટકા ઈક્વિટી શેરહોલ્ડિંગ ખરીદવાની હતી. આ કંપની અદાણી ગ્રૂપની કંપની છે જે ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમમાં 10 વર્ષમાં 50 અબજ ડોલરનું મૂડીરોકાણ કરી રહી છે. ટોટલએનર્જીસ એ ફ્રાંસની સૌથી મોટી ઓઈલ અને ગેસ કંપની છે, જે અદાણી ગ્રીન એનર્જી લિમિટેડમાં 19.75 ટકા હિસ્સો ખરીદવાની પહેલા લિક્વિફાઈડ

# DTH રિચાર્જની કિંમતો ટૂંક સમયમાં વધી શકે

ગુજરાત | વંદન

ટીવી જોવું ટૂંક સમયમાં મોંઘુ થવા જઈ રહ્યું છે.એક રિપોર્ટ અનુસાર, ડાયરેક્ટ-ટુ-હોમ અથવા DTH સેવા ટૂંક સમયમાં મોંઘી થવા જઈ રહી છે.એટલે કે મોંઘવારીનો માર ડીટીએચ ગ્રાહકોને પણ પડશે. નવો ટેરિફ ઓર્ડર 3.0 ગ્રાહકોને અસર કરશે.જોકે, ભાવ એક સાથે વધારવામાં આવશે નહીં.

અહેવાલ મુજબ, DTH ઓપરેટરો બ્રોડકાસ્ટર દ્વારા વધારેલા ભાવને ગ્રાહકો સુધી પહોંચાડી શકે છે.રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે



કે DTH સેવાની કિંમત એક જ વારમાં વધારવામાં આવશે નહીં, તેને તબક્કાવાર જાહેર કરવામાં આવશે. રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે એકસાથે કિંમતમાં વધારાને કારણે ગ્રાહકો પરેશાન થઈ શકે છે. આ કારણોસર તેને તબક્કાવાર બહાર પાડવામાં આવશે. ગ્રાહકના બિલમાં 25 થી 50 રૂપિયાનો વધારો જોવા મળી શકે છે.

## દેશના 238 શહેરોમાં 5જી સેવાઓ હાલમાં કાર્યરત

ગુજરાત | વંદન

ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સએ દેશમાં 1લી ઓક્ટોબર 2022થી 5G સેવાઓ પ્રદાન કરવાનું શરૂ કર્યું છે. 31મી જાન્યુઆરી 2023 સુધીમાં, 238 શહેરોમાં 5G સેવાઓ શરૂ કરવામાં આવી છે જે તમામ લાયસન્સ સેવા વિસ્તારોમાં વિતરિત કરવામાં આવી છે. તેમ રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણે લોકસભામાં જણાવ્યું હતું.

એક સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, સરકારે રોલઆઉટ જવાબદારીઓ દ્વારા દેશના વિવિધ ભાગોમાં 5G સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે એક રોડમેપ સ્થાપિત કર્યો છે.

# ભારતમાં ઉદ્યોગપતિ હોવું એ ગુનો છે ?

ગુજરાત | વંદન

જજમેન્ટલ ન હોવાને કારણે હું અદાણી-અંબાણી કે અન્ય કોઈનો બચાવ નથી કરી રહ્યો, પરંતુ મને લાગે છે કે ભારતમાં વ્યવસાય ચલાવવો અથવા ઉદ્યોગસાહસિક બનવું એ ગુનો છે. અદાણી સાચા હશે કે ખોટા એ ખબર નથી, પરંતુ આપણી માનસિકતા કેવી ખોટી અને ગુલામીભરેલી છે એની વાત કરવી છે.આપણને શીખવવામાં આવ્યું કે માત્ર ઈમ્પોર્ટેડ વસ્તુઓ જ સારી છે. આપણે ક્યારેય આપણા પોતાના બિઝનેસ-મેન અને ઉદ્યોગસાહસિકોની કદર કરી નથી. આજે પણ આપણી IIM, XLRI, IBS સહિતની મેનેજમેન્ટ સ્કૂલોમાં આપણે માર્ક, બિલ, એલોન વગેરેનો કેસસ્ટડી ભણાવીએ છીએ;



પરંતુ MTR, હલ્દીરામ, પોલાર, ખેતાન અને બીજું ઘણું બધું બનાવનારને ક્યારેય ભણાવતા નથી. આપણે પતંજલિ માટે રામદેવની મજાક કરીએ છીએ, પણ જોલ્નસન અને જોલ્નસનનાં વખાણ કરીએ છીએ, જેનું ઉત્પાદન કેન્સરનું કારણ બને છે અને તે સાબિત થયું છે.

આપણે અદાણી, અંબાણી, ટાટા વગેરેની ટીકા કરીએ છીએ કારણ કે આપણને ક્યારેય આપણા પોતાના સંપત્તિસર્જકોની કદર કરવાનું શીખવ્યું નથી. જ્યારે કોઈ બાબત તરફ આંગળી ચીંધીએ, ત્યારે પાછું વળીને જોવાની જરૂર છે કે આપણે આપણા સંપત્તિસર્જકો સાથે કેવો વ્યવહાર કર્યો છે. સૌથી નિંદનીય અને દુર્ભાગ્યપૂર્ણ બાબત તો એ છે કે આપણે ત્યાં કેટલાક લોકો આ દુ:ખદ ઘટનાનો આનંદ માણી રહ્યા છે અને એ કૌભાંડ સાબિત થાય એની પ્રાર્થના કરી રહ્યા છે ! હું એવા કોઈ દેશને જાણતો નથી જે ક્યારેય બિઝનેસ સામ્રાજ્યના નુકસાનની ઉજવણી કરતો હોય ! આપણે આપણા જ લોકોની સફળતાની કદર કરવાનું શીખ્યા નથી. અંબાણી અથવા અદાણી જેવા ધનાઢ્ય લોકો અંગત ઉપયોગ માટે પથારીની નીચે નાણાનો સંગ્રહ કરતા નથી. તેઓ બિઝનેસ કરીને નાગરિકોને લાભ આપે છે, કર્મચારીઓને નોકરી આપે છે, સરકારને કર ચૂકવે છે.આવો, આપણે સખત પરિશ્રમ અને પરાક્રમ કરનાર આપણા સાહસિકોને બિરદાવીએ. શા માટે આપણે એમને હંમેશા હલકી ગુણવત્તાવાળા જ માની લઈએ છીએ અને તેમની સ્વીકૃતિ કે માન્યતા માટે પશ્ચિમના દેશોના સર્ટિફિકેટને મહત્ત્વ આપીએ છીએ ?

આખી સિસ્ટમ જ એવી છે. રાજકારણી હોય, નોકરિયાતો હોય કે સામાન્ય લોકો હોય, સહુ ઉદ્યોગપતિઓ વિશે નકારાત્મક વિચારે છે, તેમ છતાં એ લોકો જોખમ લઈને વિવિધ ઉત્પાદનો કરે છે,દેશમાં નોકરીઓ - આવક પેદા કરે છે અને દેશનો વિકાસ કરે છે. આપણે ટીકાખોર બનવાને બદલે ગુણગ્રાહી નહીં બનીએ તો આપણા જ હાથે આપણું નુકસાન કરતા રહીશું.

(સોશિયલ મીડિયામાંથી)

# હવે ATM મશીનમાંથી નીકળશે સિક્કા, દેશના 12 શહેરમાં થશે શરૂઆત

ગુજરાત | વંદન

અત્યારસુધી ATMમાંથી Currency Note જ નીકળતી હતી પણ, હવે ATMમાંથી સિક્કા પણ નીકળશે. બુધવારે ત્રણ દિવસીય RBI MPC ની બેઠક પછી ગવર્નર શક્તિકાંત દાસે સતત છઠ્ઠીવાર રેપોરેટમાં વધારો કરવાની જાહેરત સાથે QR Based Coin Vending Machinesના પાઈલટ પ્રોજેક્ટને લોન્ચ કરવાની જાહેરાત કરી છે.

### બેન્ક એકાઉન્ટમાંથી ડેબિટ થશે રૂપિયા


આ Coin Vending Machinesથી કોઈ પણ ગ્રાહક પોતાના UPI એપ દ્વારા મશીન ઉપર લગાવેલાં QR Code સ્કેન કરવા માટે સિક્કા કાઢવા માટે સક્ષમ હશે. જેટલી કિંમતના સિક્કા ગ્રાહક કાઢશે તે રજિસ્ટર્ડ બેન્ક એકાઉન્ટથી તે રકમ ડેબિટ થઈ જશે. બિલકુલ સરળ પ્રોસેસથી જે રીતે તમે AYMમાં જઈને Debit Card દ્વારા નોટ કાઢવામાં આવે છે તે આ મશીનથી તમે QR Code સ્કેન કરી સિક્કા કાઢી શકશો. અત્યારે 12 શહેરમાં તે શરૂ થશે આ પાયલટ પ્રોજેક્ટની સફળતાના આધારે વિસ્તાર કરવામાં આવે છે.

### સુભાષ ચંદ્ર બોસનો કર્યો ઉલ્લેખ

RBI ગવર્નરે એવું પણ કહ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થા (Indian Economy) પાછળ ત્રણ વર્ષમાં ઘણાં મોટા ઝટકા સામે સફળતાપૂર્વક સામનો પહેલાં કરતાં વધુ મજબૂત થઈ છે. દુનિયાએ પણ સ્વીકાર્યું છે અને પ્રસંશા કરી છે. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું કેસ મને અહીં નેતાજી સુભાષ ચંદ્ર બોઝના શબ્દો યાદ આવી રહ્યા છે. ભારતની નિયતમાં તમારો વિશ્વાસ ક્યારેય ના ગુમાવશો.

### UPI દ્વારા નીકળશે સિક્કા

RBI ગવર્નર શશિકાંત દાસએ જણાવ્યું કે, કેન્દ્રિય બેન્ક QR આધારિત વેન્ડિંગ મશીનનો પાઈલોટ પ્રોજેક્ટ (Pilot Project) લોન્ચ કરશે. જેનો હેતુ સિક્કાની ઉપલબ્ધતાને વધારવાની છે. તેનમણે જણાવ્યું કે, રિઝર્વ બેન્ક શરૂઆતના તબક્કામાં આ દેશના 12 શહેરમાં શરૂ કરશે. આ QR Code બેસ્ડ વેન્ડિંગ મશીનોનો ઉપયોગ UPI દ્વારા કરવામાં આવશે.



# ભણવામાં મન ન લાગતું હોય તો આટલું કરો, પછી જુઓ બદલાવ...

કેટલાક લોકો એવા હોય છે કે તેઓ જ્યારે પણ ભણવા બેસે ત્યારે તેઓનું મન ભણવામાં લાગતું નથી. પણ લોકોનું માનવું છે કે આની પાછળ પણ કેટલાક કારણ છે અને ભણવામાં ધ્યાન કેન્દ્રીત થાય તે માટે પણ કેટલાક સ્ટેપ્સ છે જેને અનુસરવા જોઈએ.

## વિદ્યાર્થીઓ માટે અભ્યાસ ટિપ્સ

### એક રુટીન બનાવો...

તમારે તમારા જીવનના દરેક કાર્ય માટે એક રૂટિનનું પાલન કરવું જોઈએ તે તમારા કાર્યને સક્ષમ બનાવશે. અભ્યાસ માટે પણ એક રૂટિન સેટ કરો. આમ કરવાથી તમને ધીમે-ધીમે અભ્યાસની આદત પડી જશે અને તમને કંટાળાજનક નહીં લાગે.

### આમ કરવાથી તમને લખવું ગમશે...

કેટલાક લોકો માટે વાંચવું કંટાળાજનક હોય છે. વાંચવું ત્યારે વધુ કંટાળાજનક લાગે છે જ્યારે વાંચવાનું મન ન હોય. આવા સમયે તમારે થોડું ક્રિએટિવ બનવાની જરૂર છે. હાઈલાઈટરનો ઉપયોગ કરો, જેલ પેન, રંગબેરંગી પેનનો ઉપયોગ કરો. આ તમને લખવા તરફ આકર્ષિત કરશે.

### વાતાવરણ તૈયાર કરો...


એક લોકેશન શોધો જ્યાં બેસીને તમને વાંચવું ગમે છે. ત્યાં તમારા સ્ટડી ટેબલને યોગ્ય રીતે ગોઠવો. તમારી નોટબુક, પાઠ્ય પુસ્તકો, સાધનોને યોગ્ય રીતે ટેબલ પર ગોઠવો. બધું જ વ્યવસ્થિત કર્યા પછી તમારું અભ્યાસ કરવાનું મન થશે.

### અભ્યાસની આ રીતો સમજો...

જો તમારે અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો તમારે જાણવું જોઈએ કે તમને કેવી રીતે અભ્યાસ કરવો ગમે છે. આ બધું જાણવા માટે તમારે પ્રયોગ કરવો પડશે. શોધી કાઢવું પડશે કે તમને ઓડિયો સાંભળીને અભ્યાસ કરવો ગમે છે કે નોટ્સ બનાવીને કે વીડિયો જોઈને.

# સિંગલ છો તો આ રીતે સેલિબ્રેટ કરો વેલેન્ટાઈન ડે, જોરદાર મજ્જા આવશે

વેલેન્ટાઈન ડેને લઈને દરેક કપલ ખૂબ જ એક્સાઈટેડ હોય છે, પરંતુ સિંગલ લોકોની વાત કરીએ તો એ લોકોને ઈચ્છે તો પણ વેલેન્ટાઈન ડેને સેલિબ્રેટ કરી શકતા નથી. આમ, જો તમને પણ આ સમસ્યા છે તો આ આર્ટિકલ ખાસ તમારી માટે છે. તમે સિંગલ છો અને વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરવા ઈચ્છો છો તો આ આઈડિયા તમારા માટે સૌથી બેસ્ટ છે. આ રીતે તમે વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરશો તો તમને જોરદાર મજ્જા આવશે અને હંમેશ માટે યાદગાર બની રહેશે. તો જાણો સિંગલ લોકો કેવી રીતે વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરશો. વેલેન્ટાઈન ડે સામાન્ય રીતે કપલ્સ અને રિલેશનશિપને જોડીને સેલિબ્રેટ કરવામાં આવે છે, પરંતુ તમે સિંગલ છો તો આ રીતે પણ આ દિવસની ઉજવણી કરી શકો છો.



### ફેમિલી પિકનીક પ્લાન કરો

ફેમિલી સાથે વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરવાનો એક બેસ્ટ ઓપ્શન છે. એવામાં તમે વેલેન્ટાઈન ડે પર પરિવારની સાથે પિકનિક પ્લાન કરી શકો છો. આ સાથે જ વેલેન્ટાઈન ડેના દિવસે તમે ફેમિલી સાથે બહાર ફરવા જાવો અને આ દિવસની ઉજણવી કરો.

### ટ્રિપ પ્લાન કરો

વેલેન્ટાઈન ડેને યાદગાર બનાવવા માટે તમે કોઈ પણ સારા ડેસ્ટિનેશનની પસંદગી કરી શકો છો. આ ટ્રિપ તમે સોલો પણ કરી શકો છો. પરંતુ તમને એકલા ફરવાનું ગમતુ નથી તો તમે ફેમિલી તેમજ ફ્રેન્ડ્સ સાથે કોઈ મસ્ત જગ્યા પર જઈને આ દિવસની ઉજવણી કરી શકો છો. કપલ કરતા પણ તમારા માટે આ દિવસ યાદગાર બની રહેશે.

### ફ્રેન્ડ્સ સાથે સેલિબ્રેટ કરો

મિત્રની સાથે મળીને પણ તમે વેલેન્ટાઈન ડેને સેલિબ્રેટ કરી શકો છો. ફ્રેન્ડસ સાથે તમે મુવી જોવા જઈ શકો છો તેમજ બીજી અનેક રીતે એન્જોયમેન્ટ કરી શકો છો. આ દિવસે તમે ફ્રેન્ડ્સ સાથે અલગ-અલગ ગેમ રમીને પણ એન્જોય કરી શકો છો.

### શોપિંગ કરીને એન્જોય કરો

વેલેન્ટાઈને ડેને યાદગાર બનાવવા માટે તમે શોપિંગ પણ કરી શકો છો. આ એક તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. આ દિવસે પોતાના માટે સમય કાઢીને તમે શોપિંગ કરવા જાવો છો તો મજ્જા પડી જાય છે.

# ઘરે આવેલા મહેમાનો માટે આ રીતે બનાવો ટેસ્ટી ચીલી ચીઝ નાન.......

હોટલમાં અનેક પ્રકારની નાન મળે છે. નાન અને પંજાબી સબ્જી ખાવાની મજા કંઈક અલગ જ આવે છે. નાન તમે સરળતાથી ઘરે પણ બનાવી શકો છો. એમાં પણ ખાસ કરીને વાત કરવામાં આવે તો ચીલી ચીઝ નાન દરેક લોકોને પસંદ હોય છે. ચીલી ચીઝ નાન તમે સરળતાથી ઘરે બનાવી શકો છો. તમારા ઘરે કોઈ મહેમાન આવે છે અને તમે આ નાન બનાવો છો તો ખાવાની મજા પડી જાય છે. આ નાન મોટા લોકોની સાથે-સાથે નાના બાળકોને પણ ખૂબ ભાવે છે. તો જાણો ઘરે કેવી રીતે બનાવશો ચીલી ચીઝ નાન.



### ચીલી ચીઝ નાનની સામગ્રી

1.5 કપ મેંદો
1/2 કપ પાણી
1/4 કપ દહીં
સ્વાદઅનુસાર મીઠું
1/2 ચમચી ખાંડ
1 ચમચી બેકિંગ સોડા
2 ચમચી તેલ
1 ચમચી ચીલી ફ્લેક્સ
તાજી કોથમીર
2 લીલા મરચાં, બારીક સમારેલા
2 ચમચી બટર, પીગળેલું
1/2 કપ મોઝેરેલા ચીઝ, છીણેલું
ચીલી ચીઝ બનાવવાની રીત

ચીલી ચીઝ નાન બનાવવા માટે સૌથી પહેલા એક મિક્સર બાઉલ લો અને એમાં દહીં નાંખો. આ દહીંમાં ખાંડ, બેકિંગ સોડા, ચપટી મીઠું નાખીને મિક્સ કરી લો. આ બધી જ વસ્તુઓને બરાબર ફેંટી લો. ચમચીની મદદથી હવે દહીંને સારી રીતે ફેટી લો. હવે દહીંમાં મેંદો નાંખો અને મિક્સ કરી લો. જરૂર મુજબ ગરમ પાણી નાંખીને મિક્સ કરી લો અને લોટ બાંધી લો. બે કલાક માટે લોટને ઢાંકીને મુકી રાખો.

હવે એક બાઉલ લો અને એમાં છીણેલું ચીઝ, ઝીણી સમારેલી ડુંગળી અને સમારેલા લીલા મરચા નાખીને બધી જ સામગ્રીઓને સારી રીતે મિક્સ કરી લો. પછી સ્વાદ મુજબ મીઠું નાખો. હવે મેંદાનો લોટ લો અને એના ગુલ્લા બનાવી લો.

પછી રોટલી થોડી વણો અને એમાં વચ્ચે સ્ટફિંગ ચમચીની મદદથી ભરી લો. હવે ચારે બાજુથી બંધ કરી દો. નાન વણ્યા પછી ઉપરથી કોથમીર એડ કરો. પછી ફરીથી વણી લો.

ત્યારબાદ એક નોનસ્ટિક પેન લો અને એને મીડિયમ ગેસ પર ગરમ કરવા માટે મુકો. પેન ગરમ થઈ જાય એટલે પાણી છાંટી લો અને નાનની એક બાજુ પાણી લગાવી દો. પાણી વાળી સાઈડથી તવા પર શેકી લો. થોડીવાર શેક્યા બાદ હવે પેન સહિત નાને પલટીને ગેસની સીધી ઝાર પર શેકો. જે બાદ બનીને તૈયાર થઈ જશે ટેસ્ટી ચીલી ચીઝ નાન.



# તમારા વેલેન્ટાઈન ડેના લુકને ખાસ બનાવવા માટે પસંદ કરો આવી નેલ આર્ટ

લુકને આકર્ષક અને સ્ટાઈલિશ બનાવવા માટે, ખાસ કરીને નેલ આર્ટને બહુ પસંદ કરવામાં આવે છે. અહીં જણાવેલ ડિઝાઈન અનુસાર તમે ઘરે જ નેલ આર્ટ કરી શકો છો. આપણે સૌ ઈચ્છતા હોઈએ છીએ કે આપણે ખૂબજ સુંદર લાગીએ અને આ માટે આપણે અવનવી નેલ ટ્રીટમેન પણ કરાવતા હોઈએ છીએ. નેટ ટ્રીટમેન્ટમાં પેડીક્યોર સિવાય આપણે લેટેસ્ટ ડિઝાઈન અને થીમ પ્રમાણે નેલ આર્ટ પણ કરાવતા હોઈએ છીએ. હવે વેલેન્ટાઈન ડે બહુ નજીક છે ત્યાં આ દિવસે આપણે લુકને સ્ટાઈલ કરવાનું પસંદ કરીએ છીએ. સ્ટાઈલિંગમાં આજકાલ નેલ આર્ટનું ચલણ બહુ વધી રહ્યું છે. આજે અમે તમને બતાવશું નેલ આર્ટની કેટલીક એવી સ્ટાઈલિશ ડિઝાઈન, જેનાથી નખની સાથે-સાથે તમારો આખો હાથ બહુ સુંદર લાગશે.

### ગોલ્ડન કલર બો નેલ આર્ટ

ગોલ્ડન કલર તમને બેહદ રૉયલ લુક આપવામાં મદદ કરે છે. જો તમે શિમર નેલ આર્ટ કરાવવા પસંદ કરતા હોવ તો, આ પ્રકારની ગોલ્ડન કલરની શિમર બો ડિઝાઈનવાળી નેલ આર્ટ કરાવી શકો છો. તેને કરવા માટે તમે સેલો ટેપનો ઉપયોગ કરી શકો છો.

### લેસ ડિઝાઇન બો નેલ આર્ટ

દેખાવમાં બોલ્ડ અને સ્ટાઈલિશ, પરંતુ આ પ્રકારની નેલ આર્ટ કરાવવી ખૂબજ સરળ છે. તેને બનાવવા માટે તમે ટૂથપિક, દોરો અને અલગ-અલગ પ્રકારના નેલ કલરનો ઉપયોગ કરી શકો છો.

### પેસ્ટલ કૉલર બો નેલ આર્ટ

જો તમે સટલ અને સોફ્ટ નેલ આર્ટ ડિઝાઈન પસંદ કરતા હોવ તો આ પ્રકારની નેલ આર્ટ તમારા માટે એકદમ પરફેક્ટ રહેશે. ઉલ્લેખનિય છે કે, આ પ્રકારની નેલ આર્ટ કરાવવા માટે તમને ટેપ અને નેલ કલરની જરૂર પડશે.

### 3 ડી લુક બો નેલ આર્ટ

આજકાલ 3 ડી નેલ આર્ટ ખૂબ પસંદ કરવામાં આવે છે. ઉલ્લેખનિય છે કે, આ પ્રકારની નેલ આર્ટ કરાવવા માટે તમને અલગ જ પ્રકારની એક્સેસરી ખરીદવાની જરૂર પડશે અને તેને ચોંટાડવા માટે નેલ ગ્લૂનો ઉપયોગ કરવાનો રહેશે.

### સટલ બો ડિઝાઇન નેલ આર્ટ

જો તમે સિંગલ કલરની નેલ આર્ટ કરાવવા ઈચ્છતા હોવ તો, આ પ્રકારની બો ડિઝાઈન તમે પસંદ કરી શકો છો. સાથે-સાથે તમે ઈચ્છો તો માત્ર એક નેલને અલગ લુક આપી શકો છો અને તેના પર શિમર કે નેલ સ્ટીકરનો ઉપયોગ કરી શકો છો.

# મેગી મસાલામાંથી બનાવો ક્રિસ્પી અને મસાલેદાર મખાના સ્નેક્સ

જો તમને કંઈક સ્વાદિષ્ટ ખાવાની ઈચ્છા હોય તો તમે મેગી મસાલામાંથી બનાવેલ આ સ્વાદિષ્ટ નાસ્તો બનાવી શકો છો. એકવાર બનાવો, મન થશે વારંવાર ખાવાનું. મેગી મસાલા માત્ર મેગીનો જ સ્વાદ વધારે છે એવું નથી, અનેક વાનગીઓનો સ્વાદ પણ વધારે છે. એટલે જ બજારમાં અલગથી મેગી મસાલો પણ મળે છે અને તેનું બહુ વેચાણ પણ થાય છે. જોકે મોટાભાગના લોકો તેનો ઉપયોગ મેગી મસાલા શાક બનાવવા માટે જ કરે છે. પરંતુ આ વખતે તમે તેમાંથી એક સ્વાદિષ્ટ નાસ્તો બનાવો અને આખા પરિવારને ખવડાવો, સૌ ખુશ-ખુશ થઈ જશે. તમે મેગી મસાલાની મદદથી મખાના બનાવી શકો છો. ઉલ્લેખનિય છે કે, મખાના ખૂબજ સ્વાદિષ્ટ હોય છે અને તેને અલગ-અલગ રીતે ખાઈ શકો છો. તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોવાની સાથે-સાથે એન્ટીઑક્સિડેન્ટ પણ હોય છે. એટલે જ, તેમાંથી બનેલ નાસ્તો પૌષ્ટિક અને શરીર માટે ફાયદાકારક હોય છે. તો ચાલો જોઈએ તેની સરળ રેસિપી અહીં.



### મેગી મખાના મસાલા Recipe Card

- આ રીતે બનાવો મેગી મખાના મસાલા નાસ્તો.
- Total Time : 15 min
- Preparation Time : 5 min
- Cooking Time : 10 min
- Servings : 4
- Cooking Level : Medium
- Course: Snacks
- Calories: 125
- Cuisine: Indian
- Author: Shadma Muskan

### સામગ્રી

- 100 ગ્રામ - મખાના
- 1 ચમચી - દેશી ઘી
- 1 પેકેટ - મેગી મસાલા

### બનાવવાની રીત

- મખાના બનાવવા માટે એક બાઉલમાં 100 ગ્રામ મખાના લો.
- ત્યારબાદ ગેસ પર એક પેન ગરમ કરવા મૂકો અને તેમાં દેશી ઘી લો.
- ત્યારબાદ તેમાં મેગી મસાલા નાખીને બે મિનિટ માટે ચઢવો.
- ઘીમાં મસાલા મિક્સ કર્યા બાદ તેમાં મખાના નાખો અને બરાબર મિક્સ કરી લો.
- બસ તૈયાર છે તમારો મખાનાનો સ્વાદિષ્ટ નાસ્તો, જેને તમે સ્ટોર કરીને ગમે ત્યારે ખાઈ શકો છો. બસ સ્ટોર કરવા માટે એરટાઈટ કંટેનરનો જ ઉપયોગ કરવો.


### સ્ટેપ બાય સ્ટેપ

- Step 1 | મખાના નાસ્તો બનાવવા માટે એક બાઉલમાં 100 ગ્રામ મખાના લો.
- Step 2 | ત્યારબાદ ગેસ પર એક પેન ગરમ કરો અને દેશી ઘી ગરમ કરો તેમાં.
- Step 3 | ઘીમાં મસાલો મિક્સ કર્યા બાદ તેમાં મખાના નાખો અને સરખી રીતે મિક્સ કરી દો.
- Step 4 | બસ તૈયાર છે તમારો મખાનાનો નાસ્તો, જેને તમે એરટાઈટ ડબ્બામાં સ્ટોર કરીને પણ ખાઈ શકો છો.

# લગ્ન માટે ડ્રિમ ડેસ્ટિનેશન શોધી રહ્યાં છો?, તો આ 5 પ્લેસ બેસ્ટ પ્લેસ લગ્નને બનાવશે યાદગાર


લગ્ન માટે દરેક લોકો પહેલાંથી જ કપડાં, ડેકોરેશન, પ્લેસ અને ડિશ અંગે પહેલાંથી જ નક્કી કરતાં હોય છે. ગમે તેમ કરીને આ અવસરને લોકો ખાસ બનાવવા માગે છે. હવે મોટાભાગના લોકો ડ્રિમ ડેસ્ટિનેશન વેડિંગ ની ઈચ્છા પણ રાખે છે. ડેસ્ટિનેશન વેડિંગ માટે કોઈ શાનદાર લોકેશન પસંદ કરવું જરૂરી છે. એવામાં લોકો ઘણીવાર વેન્યૂ પસંદ કરવા અંગે કન્ફ્યૂઝ હોય છે. ત્યારે અમે તમને દેશના 5 બેસ્ટ વેડિંગ ડેસ્ટિનેશન અંગે જણાવીએ.

### જોધપુર, રાજસ્થાન




શાહી અંદાજમાં લગ્ન કરવા માટે રાજસ્થાનના જોધપુરમાં વેડિંગ પ્લાન કરવો બેસ્ટ હોય છે. તો, જોધપુરમાં સ્થિત મહેરાનગઢ કિલ્લાને બેસ્ટ રોયલ વેડિંગ સ્પોટ તરીકે માનવામાં આવે છે. લગ્નને યાદગાર બનાવવા માટે જોધપુર બેસ્ટ ઓપ્શન છે.

### શિમલા, હિમાચલ પ્રદેશ




હિમાચલ પ્રદેશના શિમલાને પહાડોની રાણી પણ કહેવામાં આવે છે. આમ તો શિમલા નામનો દેશ ફેમસ ટ્રાવેલ સ્પોર્ટ્સમાં સામેલ છે. ઘાટીમાં લગ્ન કરવા માટે શિમલાને પસંદ કરવું પરફેક્ટ હોઈ શકે છે. શિમલામાં ડેસ્ટિનેશન વેડિંગ માટે ઘણાં શાનદાર મેરેજ હોલ આવેલાં છે.

### ઉદયપુર, રાજસ્થાન



ડ્રિમ ડેસ્ટિનેશન વેડિંગનો ઉલ્લેખ થાય ત્યારે મોટા ભાગના લોકોના મનમાં ઉદયપુર અંગે વિચાર આવે છે. સરોવરનું શહેર કહેવાતા ઉદયપુરને ઈસ્ટનું વેનિસ પણ માનવમાં આવે છે. જેને લીધે ઉદયપુર ઘણી હોલિવૂડ અને બોલિવૂડ સેલેબ્સનું ફેવરિટ વેડિંગ ડેસ્ટિનેશન પણ છે.

### આગ્રા, ઉત્તર પ્રદેશ



આગ્રાનું નામ આખી દુનિયામાં જાણિતું છે. તાજ મહેલની સામે લગ્નના સાત ફેરા ફરવા માટે કપલ્સ માટે બેસ્ટ અનુભવ સાબિત થઈ શકે છે. એવામાં ડ્રિમ ડેસ્ટિનેશન વેડિંગ પ્લાન કરવા માટે કપલ આગ્રા પસંદ કરી શકે છે.

### ગોવા



દરિયા કિનારે વેડિંગ એન્જોય કરવા માટે તમે ગોવા પસંદ કરી શકો છો. ગોવાનું નામ મોટાભાગના કપલ્સનું ડ્રિમ ડેસ્ટિનેશ વેડિંગમાં સામેલ છે. તો ગોવામાં દરિયા કિનારે પ્રીવેડિંગ ફોટોશૂટ કરાવવું પણ બેસ્ટ એક્સપિરિયન્સ સાબિત થઈ શકે છે.

# ઋષભ પંત ઠીક થઈ જાય એટલે જોરથી એક તમાચો મારીશ: કપિલ દેવ



ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન કપિલ દેવે ટીમના વિકેટકિપર-બેટર ઋષભ પંતને જોરથી તમાચો મારવાની વાત કહી છે. પંત અત્યારે હોસ્પિટલમાં દાખલ છે અને ઝડપથી સાજો થઈ રહ્યો છે. રુડકીમાં 30 ડિસેમ્બરની સવારે થયેલા અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી જે પછી તેને હોસ્પિટલમાં દાખલ કરાયો છે. કપિલ દેવે પંતને લઈને કહ્યું કે હું તેને બહુ જ પ્રેમ કરું છું. હું ઈચ્છું છું કે તે ઝડપથી સાજો થઈ જાય અને તે જેવો ઠીક થશે કે હું તેની પાસેથી જઈને થપ્પડ મારીશ કેમ કે તેણે પોતાનું બિલકુલ ધ્યાન રાખ્યું નથી. તેની ઈજાને કારણે આખી ટીમનું કૉમ્બિનેશન બગડી ગયું છે એટલા માટે હું તો એમ જ કહીશ કે તે ઝડપથી ઠીક થઈ જાય. જો કે તેના પર મારો ગુસ્સો પણ છે એટલા માટે થપ્પડ તો જરૂર મારીશ.કપિલે આગળ કહ્યું કે, પંત માટે આશીર્વાદ અને પ્યાર-મોહબ્બત...ભગવાન તેને ઝડપથી સાજો કરી દે અને ત્યારપછી મા-બાપની ફરજ હોય છે કે સંતાન ભૂલ કરે તો તેને થપ્પડ મારે... બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતને પંતની કમી પડશે કેમ કે ટેસ્ટ ક્રિકેટમાં તે અલગ જ રમત રમી રહ્યો હતો.

## પંત ઝડપથી થઈ રહ્યો છે રિકવર: પોતે જ તસવીર શેયર કરી આપ્યા ગુડન્યૂઝ

ઋષભ પંતે સોશ્યલ મીડિયા પર પોતાની રિકવરીને લઈને એક પોસ્ટ શેયર કરી છે. પંતને એક પોસ્ટ અપલોડ કરી છે જેમાં અમુક બિલ્ડિંગ જોવા મળી રહી છેઅને તે તાજી હવામાં શ્વાસ લઈ રહ્યો છે. ચાહકો પંતની આ પોસ્ટથી અત્યંત ખુશખુશાલ થઈ ગયા છે. ભારતીય ટીમ માટે પણ આ સારા સમાચાર છે. પંતે લખ્યું કે મેં ક્યારેય વિચાર્યું નહોતું કે બસ બહાર બેસવા અને તાજી હવામાં શ્વાસ લેવાની તક મળશે. આ પહેલાં પંતે તસવીર શેયર કરીને પોતાની સર્જરી અંગેની માહિતી ચાહકોને આપી હતી..


# ઓસ્ટ્રેલિયા: T20નો સૌથી સફળ કેપ્ટન એરોન ફિન્ચે લીધી નિવૃતિ

■ ફિન્ચે 2021માં ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવી હતી

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયાની T20 ટીમના કેપ્ટન એરોન ફિન્ચે તમામ પ્રકારના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તે પહેલા જ ટેસ્ટ અને વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો હતો અને હવે તેણે ટી-20માંથી પણ નિવૃત્તિની જાહેરાત કરી છે. ફિન્ચ ઓસ્ટ્રેલિયાનો સૌથી સફળ T20 કેપ્ટન રહ્યો છે. તેમના નેતૃત્વમાં કાંગારૂ ટીમે વર્ષ 2021માં પ્રથમ વખત T20 વર્લ્ડ કપ જીત્યો હતો. એરોન ફિન્ચે 76 ટી-20 અને 55 વનડેમાં ઓસ્ટ્રેલિયન ટીમનું સુકાન સંભાળ્યું હતું.

ફિન્ચે કુલ 254 આંતરરાષ્ટ્રીય મેચ રમી જેમાં પાંચ ટેસ્ટ, 146 વનડે અને 103 ટી20 મેચ સામેલ છે. ફિન્ચે તેની નિવૃત્તિ વિશે કહ્યું, "હું એ સમજીને કે હું 2024માં આગામી T20 વર્લ્ડ કપ સુધી રમીશ નહીં, હવે પદ છોડવાનો અને ટીમને તે ટુર્નામેન્ટ માટે યોજના બનાવવા અને અમલ કરવા માટે સમય આપવાનો યોગ્ય સમય છે." હું એ પણ કહેવા માંગુ છું. મારી આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાન મને ટેકો આપનાર તમામ ચાહકોનો ખૂબ ખૂબ આભાર."



જાન્યુઆરી 2011માં ઈંગ્લેન્ડ સામેની T20 મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો ત્યારથી, ફિન્ચે 8,804 રન બનાવ્યા છે, જેમાં 17 ODI સદી અને બે T20 સદી સામેલ છે. ફિન્ચે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વન-ડેમાંથી નિવૃત્તિ લીધી હતી, પરંતુ તેણે ટી-20માં ઓસ્ટ્રેલિયાની કેપ્ટનશિપ ચાલુ રાખી હતી. જો કે ફિન્ચના નેતૃત્વમાં કાંગારૂ ટીમ ઘરઆંગણે સતત બીજી વખત T20 વર્લ્ડ કપ જીતી શકી નથી. ફિન્ચે આ ટૂર્નામેન્ટમાં તેની છેલ્લી મેચ રમી હતી અને તેણે 63 રન બનાવ્યા હતા. જોકે, પ્રથમ મેચમાં મળેલી હારને કારણે આ ટીમ સેમીફાઈનલમાં પહોંચી શકી ન હતી.

વર્ષ 2020માં ફિન્ચ પુરુષોમાં ટી20 ક્રિકેટર ઓફ ધ યર પણ બન્યો હતો. તેણે 2018માં હરારેમાં ઝિમ્બાબ્વે સામે માત્ર 76 બોલમાં 172 રનની ઈનિંગ રમી હતી અને T20માં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ બનાવ્યો હતો. તેની શાનદાર ઈનિંગ્સમાં 10 સિક્સ અને 16 ફોરનો સમાવેશ થાય છે. તે જ સમયે, 2013 માં, તેણે સાઉથમ્પટનમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ 63 બોલમાં 156 રન બનાવ્યા હતા. તે સમયે તે સૌથી મોટી T20 ઈનિંગ્સ હતી અને હાલમાં તે ત્રીજા નંબર પર છે.

### ઓસી.બીજી ઈનિંગમાં 91 રનમાં જ ઓલઆઉટ

# નાગપુર ટેસ્ટ ભારતનો એક ઈનિંગ અને 132 રને વિજય

ગુજરાત | વંદન



ભારતીય ટીમ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 4 મેચની બોર્ડર-ગાવસ્કર શ્રેણીની પ્રથમ ટેસ્ટ નાગપુરમાં રમાઈ હતી. આજે મેચનો ત્રીજો દિવસ હતો. ભારતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચ એક ઈનિંગ અને 132 રને જીતી લીધી છે. ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ રેન્કિંગમાં નંબર-1 ઓસ્ટ્રેલિયાને ખરાબ રીતે હરાવ્યુ હતું. ઓસ્ટ્રેલિયાની ટીમ બીજી ઈનિંગમાં 91 રનમાં જ ઓલઆઉટ થઈ હતી. ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગમાં રવિચંદ્રન અશ્વિને 5 વિકેટ લીધી. ભારતે સીરીઝની પહેલી મેચ 3 દિવસમાં જીતી લીધી હતી.

આ પહેલા મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ ઈનિંગમાં 177 રનમાં ઓલઆઉટ થઈ હતી. ઓસ્ટ્રેલિયાની પહેલી ઈનિંગમાં ભારતના સ્પિનર રવિન્દ્ર જાડેજાએ 5 વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાની પહેલી ઈનિંગના જવાબમાં ભારતે પહેલી ઈનિંગમાં 400 રન બનાવ્યા હતા. ભારત તરફથી કેપ્ટન રોહિત શર્માએ શાનદાર સદી ફટકારી હતી. ભારતની પહેલી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાના સ્પિનર ટોડ મર્ફીએ તેના પહેલી જ મેચમાં 7 વિકેટ ઝડપી હતી. ભારતે ઓસ્ટ્રેલિયા પર 223 રનની લીડ બનાવી હતી જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ 91 રનમાં જ ઓલઆઉટ થઈ હતી.

**ટેસ્ટ ચેમ્પિયનશિપ માટે આ શ્રેણી મહત્વપૂર્ણ**

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતીય ટીમની નજર ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પર ટકેલી છે.

# અશ્વિને ટેસ્ટ મેચમાં રચ્યો ઈતિહાસ, સૌથી ઝડપી 450 વિકેટ લેનાર બીજો બોલર બન્યો

■ અનિલ કુંબલેને પાછળ છોડી દીધો

ગુજરાત | વંદન

રવિચંદ્રન અશ્વિને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ નાગપુર ટેસ્ટમાં એક વિકેટ લઈને ઈતિહાસ રચ્યો છે. તેણે એલેક્સ કેરીને ક્લીન બોલિંગ કરીને તેની 450મી ટેસ્ટ વિકેટ લીધી. આ મેચમાં તેણે આ વિકેટ લઈને એક એવું કારનામું કર્યું હતું જેમાં ભારતના મુખ્ય વિકેટ લેનાર અનિલ કુંબલે પણ તેની પાછળ ગયા છે. જ્યારે મુથૈયા મુરલીધરન પછી, તે આ કારનામું કરનાર વિશ્વનો બીજો બોલર બની.

સૌથી ઝડપી 450 વિકેટ ઝડપનાર ભારતીય બનવાનો રેકોર્ડ અશ્વિનના નામે છે. તેણે પોતાની 89મી મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. જ્યારે અનિલ કુંબલેએ 93મી મેચમાં આવું કર્યું હતું. દુનિયાની વાત કરીએ તો શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી મુથૈયા મુરલીધરન 80 મેચમાં આવું કરીને ટોચ પર છે. આ સિવાય અશ્વિન 3000 ટેસ્ટ રન અને 450 વિકેટ પોતાના નામે કરનાર પ્રથમ એશિયન ક્રિકેટર પણ બન્યો છે.



રવિચંદ્રન અશ્વિન ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનાર બીજા નંબર બોલર છે. વિકેટના મામલે તે ફક્ત અનિલ કુંબલેથી પાછળ છે. દુનિયાની વાત કરીએ તો તે સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનાર 9મો બોલર છે. અત્યાર સુધીમાં તેણે 452 વિકેટ લીધી છે અને તે ઓસ્ટ્રેલિયાના નાથન લિયોનને પાછળ છોડી શકે છે જેણે વર્તમાન શ્રેણીમાં 460 વિકેટ લીધી છે. આ યાદીમાં મુથૈયા મુરલીધરન 800 વિકેટ સાથે ટોચ પર છે અને 708 વિકેટ સાથે બીજા ક્રમે દિવંગત શેન વોર્ન છે.


**ટેસ્ટમાં 450 વિકેટ લેનાર સૌથી ઝડપી બોલરો...**

1. મુથૈયા મુરલીધરન - 80 મેચ
2. રવિચંદ્રન અશ્વિન - 89 મેચ
3. અનિલ કુંબલે - 93 મેચ
4. ગ્લેન મેક્ગ્રા - 100 મેચ
5. શેન વોર્ન - 101 મેચ

# ગજબ બેઈજ્જતી હૈ યાર ! 48 કલાકમાં એક જ ટીમ સામે બબ્બે વખત પરાજય

ગુજરાત | વંદન

સાઉથ આફ્રિકા ટી-20 લીગની પહેલી સીઝનમાં અવનવા કારનામા જોવા મળી રહ્યા છે. આ ટૂર્નામેન્ટમાં પાર્લ રોયલ્સની ટીમ 48 કલાકમાં બબ્બે વખત હારી છે. આશ્ચર્યની વાત એ છે કે આ બન્ને હાર પ્રિટોરિયા કેપિટલ્સ નામની ટીમે જ આપી છે. પ્રિટોરિયા કેપિટલ્સ વતી બેટિંગ કરતાં રાઈલી રુસોએ ધમાકેદાર બેટિંગ કરી હતી જેના દમ પર પ્રિટોરિયાએ પહેલાં સેમિફાઈનલમાં પાર્લ રોયલ્સને 29 રને હરાવ્યું છે. પ્રિટોરિયા કેપિટલ્સ સામે પાર્લ રોયલ્સની બે દિવસમાં સળંગ બીજી હાર છે પરંતુ આ હાર પહેલી હાર કરતાં વધુ કડવી છે કેમ કે પહેલી હાર બાદ તેના સેમિફાઈનલમાં પહોંચવાના પરિણામ પર ફરક પડ્યો નહોતો પરંતુ હવે સેમિફાઈનલમાં પહોંચીને હારવાને કારણે તેનું ફાઈનલનું સ્વપ્ન તૂટી ગયું છે.



પ્રિટોરિયા કેપિટલ્સે પહેલાં બેટિંગ કરતાં 20 ઓવરમાં આઠ વિકેટે 153 રન બનાવ્યા હતા. જવાબમાં પાર્લ રોયલ્સ 19 ઓવરમાં 124 રન બનાવીને ઢેર થઈ ગઈ હતી. પ્રિટોરિયાની જીતમાં સૌથી વધુ યોગદાન રુસોનું રહ્યું જેણે માત્ર 41 બોલમાં 56 રન બનાવ્યા હતા. આ 56 રન બનાવવા માટે તેણે ક્રિઝ ઉપર 56 મિનિટ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે રાઈલી રુસોએ ગત વર્ષે ઑક્ટોબરમાં ઈન્દોરના ગ્રાઉન્ડ પર બેટથી તોફાન મચાવ્યું હતું. તેણે સાત ચોગ્ગા અને આઠ છગ્ગાની મદદથી માત્ર 48 બોલમાં આફ્રિકા વતી ધમાકેદાર સદી બનાવી હતી.


# વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ જૂન 7થી 11 દરમિયાન ઓવલમાં રમાશે

ગુજરાત | વંદન

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના બીજા તબક્કાની ફાઈનલ ઈંગ્લેન્ડના ઓવલ મેદાન પર 7 થી 11 જૂન દરમિયાન રમાશે. ICCએ આ મેચની તારીખો જાહેર કરી દીધી છે. વરસાદ કે અન્ય કોઈ કારણસર રમત બરબાદ થાય તો 12 જૂનને રિઝર્વ ડે તરીકે રાખવામાં આવ્યો છે. છેલ્લી ફાઇનલમાં મેચનું પરિણામ રિઝર્વ ડે પર જ આવ્યું હતું. ટેસ્ટ ચેમ્પિયનશિપની પ્રથમ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડે ભારતને આઠ વિકેટે હરાવ્યું હતું. આ મેચ ઈંગ્લેન્ડના સાઉથમ્પટનમાં રમાઈ હતી.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલ મુજબ ઓસ્ટ્રેલિયા અને ભારતની ટીમો ફાઈનલમાં પહોંચવા માટે પ્રબળ દાવેદાર છે. જો કે દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકાની ટીમો પણ ફાઈનલની રેસમાં છે, પરંતુ આ બંને ટીમોનો ફાઈનલમાં પહોંચવાનો રસ્તો ઘણો મુશ્કેલ છે. બોર્ડર ગાવસ્કર ટ્રોફી કે જે આવતી કાલ 9 ફેબ્રુઆરીથી ભારતમાં શરુ થવા જઈ રહી છે. તેનું પરિણામ શું આવે તે પરથી નક્કી થશે કે ઓસ્ટ્રેલિયા સામે આ ફાઈનલમાં કોણ રમશે. જો ભારત આ સિરીઝ હારશે તો ફાઈલનમાં પહોંચવું મુશ્કેલ છે.

ફાઈનલમાં પહોંચવા માટેના ભારતના સમીકરણો શું છે?



વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચમાં પહોંચવા માટે ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયા સામેની ચારમાંથી ઓછામાં ઓછી ત્રણ મેચ જીતવી પડશે. જો ટીમ ઈન્ડિયા સિરીઝમાં ત્રણથી ઓછી ટેસ્ટ જીતે છે તો ફાઈનલમાં પહોંચવાની શક્યતા તો રહેશે જ, પરંતુ મુશ્કેલીઓ વધી જશે. ત્યારબાદ તેણે શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકાના પરિણામો પર નિર્ભર રહેવું પડશે.

જો શ્રીલંકાની ટીમ ન્યૂઝીલેન્ડમાં તેમની બંને ટેસ્ટ જીતી લે છે, તો ભારતે 61.11 ટકાના આંક પર શ્રીલંકાથી આગળ રહેવા ઓસ્ટ્રેલિયા સામે ત્રણ ટેસ્ટ જીતવી પડશે. જો શ્રીલંકા બેમાંથી વધુમાં વધુ એક મેચ જીતી શકે છે, તો ભારતને કાં તો કોઈપણ માર્જિનથી શ્રેણી જીતવી અથવા 2-2થી ડ્રોની જરૂર છે. જો બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 1-1થી ડ્રોમાં સમાપ્ત થાય છે, તો ભારતની સફર 55.09 ટકાના સ્કોર સાથે સમાપ્ત થઈ શકે છે. દક્ષિણ આફ્રિકા વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણી 2-0થી જીતીને આગળ વધી શકે છે. આ સાથે જ શ્રીલંકાને પણ તક મળશે.

# ક્રિકેટ પહોંચ્યુ નાસામાં ! સ્પેસ સેન્ટરમાં અમેરિકી ટૂર્નામેન્ટનું થશે લોન્ચિંગ...

ગુજરાત | વંદન

અમેરિકાની મેજર લીગ ક્રિકેટ (એમએલસી) 19 માર્ચે હ્યુસ્ટન સ્થિત નાસા સ્પેસ સેન્ટરમાં લોન્ચ થશે. જૂલાઈમાં રમાનારી છ ટીમોની ફ્રેન્ચાઈઝી આધારિત ટી-20 ટૂર્નામેન્ટમાં ન્યુયોર્ક, વોશિંગ્ટન ડીસી, ડલાસ, સૈન ફ્રાન્સીસ્કો, લૉસ એન્જલ્સ અને સિએટલની એક-એક ટીમ રમશે. ટૂર્નામેન્ટની પહેલી સીઝન 18 દિવસ સુધી ચાલશે જે ડલાસ અને મૉરિસવિલેના એમએલસી ગ્રાઉન્ડ પર રમાશે.ક્રિકબઝના અહેવાલ પ્રમાણે મેજર ક્રિકેટ લીગની પહેલી સીઝનમાં દરેક ટીમ પાંચ લીગ મેચ રમશે. એક ટીમના પર્સમાં અંદાજે 6 કરોડ રૂપિયા હશે. આ સાઉથ આફ્રિકાની લીગ અને યુએઈની લીગ જેવી જ હશે.ટૂર્નામેન્ટનું આયોજન એવા સમયે થશે જ્યારે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) એ ફ્યુચર ટુર પ્રોગ્રામ (એફટીપી)માં ઈંગ્લેન્ડ,



ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, શ્રીલંકા, પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની કોઈ ટૂર્નામેન્ટ જાહેરકરી નથી આવામાં દુનિયાભરના ક્રિકેટરો આ લીગમાં જોવા મળી શકે છે.

ટૂર્નામેન્ટના ડાયરેક્ટર જસ્ટિન ગેલેએ કહ્યુ કે મેજર લીગ ક્રિકેટના પહેલાં સત્રમાં દુનિયાભરના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ રમતા જોવા મળશે. હ્યુસ્ટન સ્થિત સ્પેસ સેન્ટરમાં 19 માર્ચે ડ્રાફ્ટ કાર્યક્રમ બાદ વધુ વિગતો જાહેર કરાશો. મેજર લીગ ક્રિકેટની એક ટીમમાં સાત વિદેશી ખેલાડીઓ રાખવાને મંજૂરી અપાઈ છે.

# અકસ્માતના 44 દિવસ બાદ પહેલીવાર પંતે માંડ્યું પગલું: ચાહકો થયા ભાવુક

ગુજરાત | વંદન

ભયાનક માર્ગ અકસ્માતમાં માંડ માંડ બચેલો ટીમ ઈન્ડિયાનો સ્ટાર વિકેટકિપર-બેટર ઋષભ પંત ઝડપથી રિકવર થઈ રહ્યો છે. મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં પોતાની સફળ સર્જરી બાદ તેણે સોશ્યલ મીડિયા પર પોતાની તસવીર પોસ્ટ શેયર કરી છે. આ તસવીરમાં તે લાકડીના સહારે ચાલવાની કોશિશ કરતો જોવા મળી રહ્યો છે. આવું પહેલીવાર બન્યું છે જ્યારે પંત અકસ્માત બાદ પોતાના પગ ઉપર ઉભો થયો છે પરંતુ અત્યારે તે કોઈની મદદ વગર ચાલી શકતો નથી એટલા માટે જ તે લાકડક્ષના સહારે ઉભો થવાની કોશિશ કરી રહ્યો છે. પંતે પોતાની તસવીર શેયર કરતાં લખ્યું કે એક કદમ આગળ, એક કદમ મજબૂત, એક કદમ શ્રેષ્ઠ...તેની આ તસવીર જોઈને ચાહકોએ રીતસરના ભાવુક બની જઈને પ્રેમ લૂંટાવ્યો છે.



**હાલમાં જ બન્યો છે Pak ટીમનો સિલેક્ટર**

# પાક.ના પૂર્વ બેટ્સમેન કામરાન અકમલે ક્રિકેટમાંથી લીધી નિવૃત્તિ

ગુજરાત | વંદન

પાકિસ્તાનના વિકેટ કીપર બેટ્સમેન કામરાન અકમલે મંગળવારે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તાજેતરમાં, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ તેને રાષ્ટ્રીય પસંદગી સમિતિનો ભાગ બનાવ્યો છે. અકમલે પસંદગીકાર બન્યા બાદ હવે નિવૃત્તિની જાહેરાત કરી છે. અકમલ લાંબા સમયથી ટીમની બહાર ચાલી રહ્યો હતો.અકમલે મંગળવારે મીડિયાને જણાવ્યું હતું કે તે તાત્કાલિક અસરથી ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે કારણ કે તેણે કોચિંગને પણ વ્યવસાય તરીકે સ્વીકાર્યું છે. તેણે કહ્યું- મને નથી લાગતું કે કોચિંગ પસંદ કર્યા પછી અને પસંદગીકાર બન્યા પછી તમે ક્રિકેટ રમવા પર ધ્યાન આપી શકશો. અકમલ 2009માં T20 વર્લ્ડ કપ જીતનાર પાકિસ્તાની ટીમનો પણ ભાગ હતો.



અકમલનું નામ રાષ્ટ્રીય પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવ્યું છે અને તે પોતાની નવી ભૂમિકા પર સંપૂર્ણ ધ્યાન આપવા માંગે છે. કામરાન અકમલે 2017 સુધી પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કામરાન અકમલને પાકિસ્તાન સુપર લીગની ફ્રેન્ચાઈઝી પેશાવર ઝાલ્મીએ ટૂર્નામેન્ટની આઠમી સિઝન માટે બહાર કરી દીધો છે. મીડિયા સાથે વાત કરતા અકમલે પોતાના નિર્ણયની જાણકારી આપી. અકમલે કહ્યું, 'એ નિશ્ચિત છે કે પીસીબીમાં નવી ભૂમિકાઓને કારણે હું હવે ક્રિકેટ રમી શકીશ નહીં. મને નથી લાગતું કે જ્યારે તમે કોચિંગમાં આવશો અથવા રાષ્ટ્રીય પસંદગીકાર બનશો ત્યારે તમે રમવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

# વિમેન્સ IPL: જામનગરના બે સહિત 409 ખેલાડી ઉપર થશે લાખો-કરોડોનો વરસાદ

ગુજરાત | વંદન

વિમેન્સ આઈપીએલ માટે ખેલાડીઓની હરાજી 13 ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજાશે. કુલ 409 ખેલાડી ઉપર 90 સ્થાન માટે બોલી લાગશે. આ ટૂર્નામેન્ટમાં ભારત સહિત દુનિયાભરના ખેલાડીઓ સામેલ છે. લીગના તમામ 22 મેચ 4થી 26 માર્ચ સુધી મુંબઈમાં રમાશે.

સૌરાષ્ટ્ર માટે ગૌરવ લેવાની બાબત એ છે કે આ હરાજીમાં જામનગરના બે મહિલા ખેલાડી જયશ્રી જાડેજા (બેટર) અને નેહા ચાવડા (ઑલરાઉન્ડર)ને સ્થાન મળ્યું છે મતલબ કે ફ્રેન્ચાઈઝીઓ આ ખેલાડીને ખરીદીને પોતાની ટીમમાં સામેલ કરી શકે છે. આ બન્ને ખેલાડીઓની બેઝ પ્રાઈઝ 10 લાખ રૂપિયા નક્કી કરવામાં આવી છે.

આ ટૂર્નામેન્ટમાં સામેલ થનારા તમામ ખેલાડીઓનું લિસ્ટ ક્રિકેટ બોર્ડ દ્વારા જારી કરી દેવામાં આવ્યું છે જેમાં સૌથી વધુ બેઝ પ્રાઈસ 50 લાખ રૂપિયા છે. 24 ખેલાડીઓએ આ બેઝ પ્રાઈસ માટે પોતાનું નામ રજિસ્ટર કરાવ્યું છે મતલબ કે તેમની હરાજી 50 લાખ રૂપિયાથી શરૂ થશે. 10 ભારતીય ખેલાડીઓ આ બેઝ પ્રાઈસમાં સામેલ છે તો 14 વિદેશી ખેલાડીઓ એવા છે જેમણે પોતાની કિંમત 50 લાખ રૂપિયા નક્કી કરી છે.




ભારતીય ખેલાડીઓમાં હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, દીપ્તી શર્મા, રેણુકા સિંહ, જેમિમા રોડ્રિગ્સ, શૈફાલી વર્મા, પૂજા વસ્ત્રાકર, ઋચા ઘોષ, સ્નેહ રાણા અને મેઘના સિંહ એવા ખેલાડી છે જેમણે પોતાની મુળ કિંમત 50 લાખ રૂપિયા નક્કી કરી છે. આ ઉપરાંત ઑસ્ટ્રેલિયાની એશલે ગાર્ડનર, એલિસ પેરી, મેગ લૈનિંગ, એલિસા હિલી, જેસ જોનાસેન, ડાર્સી બ્રાઉન, ઈંગ્લેન્ડની સોફી એક્લેસ્ટોન, નેટ સાઈવર-બ્રન્ટ, ડૈની વ્યાટ, કૈથરીન સાયવર-બ્રન્ટ, ન્યુઝીલેન્ડની સોફી ડિવાઈન, આફ્રિકાની સિનાલો જાફ્તા, વિન્ડિઝની ડિયાન્ડ્રા ડૉટિન અને ઝીમ્બાબ્વેની લોરિન ફિરી એવી ખેલાડી છે જેમણે પોતાની બેઝ પ્રાઈસ 50 લાખ રૂપિયા નક્કી કરીને રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

કુલ 409 ખેલાડીઓના નામ શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી 246 ભારતીય છે. ભારતીયોમાં સૌથી વધુ 21 ખેલાડી કર્ણાટક અને 20 મહારાષ્ટ્રના છે. જ્યારે સૌરાષ્ટ્રના બે, ત્રિપુરા, બિહાર, જમ્મુ-કાશ્મીર, મણિપુર, મેઘાલયની એક-એક ખેલાડી હરાજીમાં સામેલ થશે. આ ઉપરાંત રેલવેના 19, ઉત્તરપ્રદેશના 17, દિલ્હીના 14, મહારાષ્ટ્રના 13, બંગાળ, પંજાબ, મધ્યપ્રદેશના 12, બરોડાના 10, આંધ્ર-તમીલનાડુના નવ, ઉત્તરાખંડ, કેરળ ઓરિસ્સાના 7, ઝારખંડના છ, હરિયાણા, હિમાચલ, હૈદરાબાદ, વિદર્ભ રાજસ્થાનના 5, ગુજરાત-ગોવાના ચાર-ચાર, છત્તીસગઢના ત્રણ ખેલાડીઓ ઉપર હરાજી થશે.

# અમૂલ-મધર ડેરીના દૂધના નમૂના ફેલ, દંડ ફટકારાયો..!

■ દિલ્હી-NCRમાં દૂધના નામે મીઠુ ઝેર વેચાઈ રહ્યું છે! - મીડિયા રિપોર્ટ

ગુજરાત | વંદન

દેશની જાણીતી અને છાસવારે દૂધ સહિતના પ્રોડક્ટમાં ભાવમાં વધારો ઝિંકનાર અમૂલ ડેરી દ્વારા સપ્લાઈ કરવામાં આવતા દૂધની ગુણવત્તા સામે સવાલો થઈ રહ્યાં છે. ડેરી ક્ષેત્રે ઈજારાશાહી ભોગવતી અમૂલ ડેરીને ગાઝિયાબાદ એડીએમ સિટી કોર્ટ દ્વારા 8.24 લાખ રૂપિયા અને અમૂલની સાથે સંલગ્ન મધર ડેરીને પણ 7.10 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કારણ કે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનની લેબ ચકાસણીમાં આ ડેરીના દૂધના નમૂના નિષ્ફળ નિવડ્યા. અર્થાત્ આ ડેરીના દૂધ હલ્કી ગુણવત્તાના કે ભેળસેળ યુક્ત માનવામાં આવ્યા છે. તેના પગલે અમૂલ ડેરી અને મધર ડેરીમાં હલચલ મચી ગઈ છે. ડેરી સત્તાવાળાઓનું એમ માનવું છે કે તેમના નામનો ઉપયોગ કરીને કોઈએ આવું કર્યુ હશે. અલબત્ત તેમનો આ ખુલાસો ગળે ઉત્તરે તેમ નથી.શિયાળાની ઋતુમાં દૂધની માંગ ઘણી વખત વધી જાય છે. પરંતુ શું તમે જાણો છો કે દિલ્હી-એનસીઆરમાં રહેતા લોકોને દૂધના નામે મીઠુ ઝેર વેચવામાં આવી રહ્યું છે. હા, રાજધાની દિલ્હીને અડીને આવેલા ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના રિપોર્ટમાં આ ચોંકાવનારો ખુલાસો થયો છે. તપાસમાં અમૂલ અને મધર ડેરી સહિત અનેક મોટી કંપનીઓના દૂધના સેમ્પલ ફેલ હોવાનું જાણવા મળ્યું છે. ADM સિટીની કોર્ટમાં સુનાવણી બાદ આ જાણીતી દૂધ કંપનીઓ સિવાય સિંભોલી સુગર મિલ, પિઝ્ઝા હટ સહિત 31 કંપનીઓ પર 33.95 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ગાઝિયાબાદમાં ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના આસિસ્ટન્ટ કમિશનર વિનીત કુમારે મીડિયાને જણાવ્યું કે મધર ડેરીમાંથી અમૂલ રિયલ મિલ્ક, અમૂલ ફ્રેશ ક્રીમ, ટોન્ડ મિલ્ક, અમૂલ ગોલ્ડ ફુલ ક્રીમ મિલ્ક, ઓપન મિલ્ક, ફુલ ક્રીમ અને ટોન્ડ મિલ્કના સેમ્પલ લેવામાં આવ્યા છે. માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું

આ દૂધ કંપનીઓ ઉપરાંત, વસુંધરાની સિંભોલી સુગર મિલની ખાંડ, સાહિબાબાદની મંગળા બ્રાન્ડ તલનું તેલ, ક્રોસિંગ રિપબ્લિક સ્થિત પિઝ્ઝા હટમાંથી સ્મોક્ડ પ્રકારનું લસણ અને કાળા મરી, બાલાજી ફ્લોર મિલમાંથી ઘઉંનો લોટ, કાલચીના ભોજપુરમાંથી માવા, વૈશાલી કે. કેપ્ટન રેસ્ટોબારમાંથી કાજુના ટુકડાના નમૂના લેવામાં આવ્યા હતા. રિપોર્ટ અનુસાર તમામ સેમ્પલને લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તપાસમાં નમુનાઓ ધોરણ મુજબ મળ્યા નથી. આ પછી, ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા મામલો એડીએમ સિટી બિપિન કુમારની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા સુનાવણી બાદ આ કંપનીઓ પર 33.95 લાખ રૂપિયાનો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. સંબંધિત કંપનીઓને દંડની રકમ એક મહિનામાં જમા કરાવવા માટે કહેવામાં આવ્યું છે.

## અમૂલ પર સૌથી વધુ દંડ ફટકારવામાં આવ્યો...




એક મીડિયા રિપોર્ટ અનુસાર દૂધની દિગ્ગજ કંપની અમૂલ પર સૌથી વધુ દંડ લગાવવામાં આવ્યો છે. પેઢી પર 8.24 લાખ રૂપિયા અને મધર ડેરી પર 7.10 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. સિમ્બોલી સુગર મિલ પર 3.70 લાખ રૂપિયા, પિઝ્ઝા હટ પર 2.30 લાખ રૂપિયા અને તલનું તેલ વેચતી મંગળા બ્રાન્ડ પર 2.50 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. હાલમાં, સમાચાર લખાય છે ત્યાં સુધી, કંપનીઓ દ્વારા કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

# ભાજપના નેતાએ અદાણી સામે ઉઠાવ્યો અવાજ-તમામ સંપત્તિ હસ્તગત કરો

■ સુબ્રમણયમ સ્વામી ઉવાચઃ અદાણી ગ્રૂપની હરાજી કરી નુકસાની ભોગવનારને મોદી સરકાર મદદ કરે...

ગુજરાત | વંદન

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણયમ સ્વામીએ કહ્યું કે કેન્દ્ર સરકારે અદાણી જૂથની સંપત્તિનું રાષ્ટ્રીયકરણ કરવું જોઈએ. યુએસ શોર્ટ સેલર રિપોર્ટને પગલે અદાણી ગ્રુપના શેરમાં તાજેતરના ભૂતકાળમાં નોંધપાત્ર વોલેટિલિટી જોવા મળી રહી છે. તે જ સમયે, વિરોધ પક્ષો આ મુદ્દાને સંસદમાં ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એક મીડિયા એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં સ્વામીએ આ વાત કહી છે.

અદાણી ગ્રૂપ સંબંધિત મુદ્દા પર સ્વામીએ કહ્યું કે હું અદાણી ગ્રૂપની તમામ સંપત્તિઓનું રાષ્ટ્રીયકરણ કરવા માંગુ છું અને પછી તેની હરાજી કરવા માંગુ છું અને તે પૈસાથી જેમના પૈસા ગુમાવ્યા છે તેમની મદદ કરવી. જોકે, તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે શું કોંગ્રેસે ક્યારેય અદાણી સાથે કોઈ ડીલ કરી નથી. હું તેમાંથી ઘણાને ઓળખું છું જેમણે અદાણી સાથે ઘણા સોદા કર્યા હતા, પરંતુ મને કોંગ્રેસની પરવા નથી. હું ઈચ્છું છું કે ભાજપની પવિત્રતા સ્થાપિત થાય. સામાન્ય લોકોનું માનવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કંઈક છુપાવી રહ્યા છે અને હવે તેમને સજા કરવાનું કામ સરકારનું છે.

જસ્ટિસ વિક્ટોરિયા ગૌરીની નિમણૂકના વિવાદ પર સ્વામીએ કહ્યું કે લોકશાહીમાં કોઈ પણ વ્યક્તિને પડકારી શકે છે. એક વ્યક્તિ તરીકે, આરએસએસના સભ્ય તરીકે, ભાજપના સભ્ય તરીકે તેણીએ જે કહ્યું હતું તેનું મૂલ્યાંકન ત્યાં સુધી કરી શકાતું નથી જ્યાં સુધી તે ન્યાયાધીશ ન બને અને પછી એવું વર્તન ન કરે. બીજું, મુખ્ય ન્યાયાધીશે યોગ્ય રીતે નિર્દેશ કર્યો છે તેમ, તેઓ હાલમાં વધારાના ન્યાયાધીશ છે. બે વર્ષ પછી રિવ્યુ થશે, તેથી તેમણે કાયદા મુજબ કાર્યવાહી કરવી પડશે.




## કેન્દ્રનું આ બજેટ ઉપયોગી નથીઃ સ્વામી

બજેટ અંગેનો અભિપ્રાય પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે આ કોઈ કામ માટેનું બજેટ નથી. બજેટમાં આવશ્યકપણે ચાર સ્તંભ હોવા જોઈએ. તમારો (સરકારનો) ઉદ્દેશ્ય શું છે? આ બજેટમાં કોઈ હેતુ જોવા મળ્યો નથી. તેમણે કહ્યું કે આવતા વર્ષે ભારતનો વિકાસ દર 6.5 ટકા રહેશે. ગયા વર્ષે શું થયું? 2019 થી અત્યાર સુધી જે થયું, અમે દર વર્ષે ત્રણ કે ચાર ટકાના દરે વૃદ્ધિ પામ્યા. તે 6 ટકા પર કેવી રીતે કામ કરશે? પ્રાથમિકતાઓના સંદર્ભમાં, શું કૃષિ એ પ્રાથમિકતા છે? અથવા ઉદ્યોગની પ્રાથમિકતા કે સેવાની પ્રાથમિકતા? તે વિશે કંઈ નથી. આપણે સંસાધનો ક્યાંથી મેળવીશું?

# ભારત પણ ચીનના જાસૂસી બલૂનનો શિકાર થયો, વિદેશી અખબારનો દાવો

■ તાજેતરમાં લેટિન અમેરિકા, અમેરિકામાં ચીનનો જાસૂસી બલૂન દેખાયો હતો

ગુજરાત | વંદન



અમેરિકા તથા લેટિન અમેરિકા પર દેખાયેલા ચીનના જાસૂસી બલૂન બાદથી ચીન અને અમેરિકા વચ્ચે ખેંચતાણની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે આ દરમિયાન એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. આ અહેવાલમાં દાવો કરાયો હતો કે આ ચાઈનીઝ જાસૂસી બલૂને ભારતને પણ નિશાન બનાવ્યું હતું. જોકે સરકાર તરફથી આ અંગે કોઈ ટિપ્પણી કરાઈ નથી. થોડા દિવસ પહેલા જ અમેરિકાએ મિસાઈલ દ્વારા બલૂનને તોડી પાડ્યો હતો. જોકે આ પહેલા પણ આકાશમાં બલૂન દેખાવાના અહેવાલ સામે આવી ચૂક્યા હતા.

ધ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા જણાવાયું હતું કે બલૂન દ્વારા જાસૂસી કરવાના પ્રયાસો હેઠળ જાપાન, ભારત, વિયેતનામ, તાઈવાન અને ફિલિપાઈન્સ સહિત અનેક દેશો અને ચીન માટે ઉભરતા વ્યૂહાત્મક હિતોવાળા ક્ષેત્રોમાં સૈન્ય સંપત્તિઓ સંબંધિત જાણકારી એકઠી કરાઈ હતી. આ અહેવાલ અનેક અજાણ્યા ડિફેન્સ તથા ગુપ્તચર અધિકારીઓના હવાલાથી ધ વોશિંગ્ટન પોસ્ટે પ્રકાશિત કર્યા હતા. અહેવાલ અનુસાર અધિકારીઓએ કહ્યું કે ચીનની પીપલ્સ લીબરેશન આર્મીની એરફોર્સ દ્વારા સંચાલિત આ આ જાસૂસી બલૂનને ૫ મહાટાપુઓ પર જોવામાં આવ્યો હતો.

એક વરિષ્ઠ ડિફેન્સ અધિકારીએ તો એવો પણ દાવો કર્યો હતો કે આ બલૂન પીઆરસી(ચીની લોકવાદી ગણરાજ્ય )ના બલૂનની ફ્લિટનો એક હિસ્સો છે. જેને નિરીક્ષણ કે જાસૂસી અભિયાન ચલાવવા માટે બનાવાયો છે. તેના દ્વારા અન્ય દેશોની સંપ્રભુતાનું ઉલ્લંઘન કરાયું છે. તાજેતરના વર્ષોમાં હવાઈ, ફ્લોરિડા, ટેક્સાસ અને ગુઆમમાં પણ ઓછામાં ઓછા ૪ બલૂન જોવા મળ્યા હતા.

# ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી માટે 16મીએ મતદાન યોજાશે

■ 60 બેઠકો ધરાવતી ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર વેગવાન

ગુજરાત | વંદન




ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીમાં એક તરફ ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે તો બીજી તરફ આજથી વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો પોતાના નિવાસસ્થાનેથી વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરશે. ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીમાં એક તરફ ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે. 60 સભ્યોની ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી માટે 16 ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થવાનું છે.

ભાજપે ત્રિપુરા વિધાનસભા ચૂંટણી માટે 55 વિધાનસભા બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા છે, જ્યારે ઈન્ડિજિનસ પીપલ્સ ફ્રન્ટ ઑફ ત્રિપુરા (IPFT) પાંચ બેઠકો પર ચૂંટણી લડશે. ડાબેરી-કોંગ્રેસ ગઠબંધને પણ તમામ 60 બેઠકો માટે તેના ઉમેદવારો જાહેર કર્યા છે. 60 બેઠકોમાંથી, CPI(M) એ 43 બેઠકો પર, કોંગ્રેસે 13 પર, CPIએ એક પર, RSPએ એક બેઠક પર અને એક પર ફોરવર્ડ બ્લોકના ઉમેદવારોની ઘોષણા કરી છે.

વર્ષ 2014માં સત્તામાં આવ્યા બાદથી મોદી સરકારે પૂર્વોત્તર ક્ષેત્રોના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું છે. સુરક્ષિત પૂર્વોત્તરના વિકાસ પર મુખ્ય ફોકસ સાથે વડાપ્રધાને પોતે આ પ્રદેશની 50 થી વધુ મુલાકાતો કરી છે. ત્રિપુરા માટે ભાજપના અંતિમ ઢંઢેરામાં નોકરીઓ, હોસ્પિટલોમાં AIIMS જેવી સુવિધાઓ, 7મા પગાર પંચનો પગાર મેટ્રિક્સ, વધારવા જેવા વચનોનો સમાવેશ થાય છે. રૂ. 2,000 સુધીનું માસિક સામાજિક પેન્શન, 3.8 લાખ પરિવારોને મકાનો પૂરા પાડવા, 53 ટકા પરિવારોને પીવાનું પાણી પૂરું પાડવાનો સમાવેશ થાય છે.

ચૂંટણી અધિકારી કિરણ ગીતેએ જણાવ્યું છે કે, ત્રિપુરામાં આ શ્રેણીના આઠ હજાર મતદારોએ ઘરેથી મતદાન કરવાનો વિકલ્પ પસંદ કર્યો છે. દરમિયાન ભાજપના વરિષ્ઠ નેતા અને સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય અગ્રણીઓ ભાજપના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે.

# ભારતઃ 59 ટકા વિસ્તારમાં ભૂકંપનું જોખમ

■ ગુરુગ્રામ દિલ્હી-NCR સૌથી જોખમી વિસ્તાર


■ 8 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શહેરો-નગરો ઝોન-5માં

ગુજરાત | વંદન

તાજેતરના ભૂકંપમાં તુર્કી અને સીરિયામાં હજારો લોકો માર્યા ગયા અને સેંકડો ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ. અત્યાર સુધીમાં 8000 લોકોના મોત થયા છે. આવી સ્થિતિમાં હવે લોકોના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે 'ભારત ભૂકંપ પ્રત્યે કેટલું સંવેદનશીલ છે?' સરકારના જણાવ્યા અનુસાર, ભારતનો લગભગ 59 ટકા જમીન વિસ્તાર વિવિધ તીવ્રતાના ભૂકંપ માટે સંવેદનશીલ છે. આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શહેરો અને નગરો ઝોન-5માં છે અને સૌથી વધુ તીવ્રતાના ધરતીકંપનું જોખમ છે. નેશનલ કેપિટલ રિજન (NCR) પણ ઝોન-4માં છે, જે બીજી સૌથી વધુ શ્રેણી છે.


વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી અને પૃથ્વી વિજ્ઞાનના રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે જુલાઈ 2021માં લોકસભામાં માહિતી આપી હતી કે "દેશમાં ધરતીકંપના રેકોર્ડ કરેલા ઈતિહાસને જોતા, ભારતના કુલ ભૂમિ વિસ્તારનો 59% ભાગ અલગ-અલગ ધરતીકંપની સંભાવના ધરાવે છે. તેમણે કહ્યું કે દેશના સિસ્મિક ઝોનિંગ મેપ મુજબ કુલ વિસ્તારને ચાર સિસ્મિક ઝોનમાં વર્ગીકૃત કરવામાં આવ્યો છે.

## ભૂકંપને પાંચ ઝોનમાં વિભાજીત કરવામાં આવે છે...



ઝોન 5 એ પ્રદેશ છે જ્યાં સૌથી વધુ તીવ્ર ધરતીકંપો આવે છે, જ્યારે સૌથી ઓછા તીવ્ર ધરતીકંપ ઝોન 2 માં થાય છે. દેશનો લગભગ 11% વિસ્તાર ઝોન 5 માં, 18% ઝોન 4 માં, 30% ઝોન 3 માં અને બાકીનો વિસ્તાર 2 માં આવે છે. ગુજરાત, હિમાચલ પ્રદેશ, બિહાર, આસામ, મણિપુર, નાગાલેન્ડ, જમ્મુ અને કાશ્મીર અને આંદામાન અને નિકોબાર ઝોન-5માં આવે છે.

## હિમાલયના પ્રદેશમાં સૌથી વધુ



સેન્ટ્રલ હિમાલયન ક્ષેત્ર એ વિશ્વના સૌથી સિસ્મિકલી સક્રિય પ્રદેશોમાંનો એક છે. 1905માં કાંગડા એક મોટા ભૂકંપથી પ્રભાવિત થયું હતું. તે જ સમયે, 1934 માં, બિહાર-નેપાળમાં ભૂકંપ આવ્યો હતો, જેની તીવ્રતા 8.2 માપવામાં આવી હતી અને તેમાં 10,000 લોકો માર્યા ગયા હતા. 1991માં ઉત્તરકાશીમાં 6.8ની તીવ્રતાના ભૂકંપમાં 800થી વધુ લોકો માર્યા ગયા હતા. જે બાદ 2005માં કાશ્મીરમાં 7.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં 80,000 લોકો માર્યા ગયા હતા.

## દિલ્હી અને ગુરુગ્રામમાં પણ ભૂકંપનો ખતરો

એક અહેવાલ મુજબ, દિલ્હી ત્રણ સક્રિય સિસ્મિક લાઇનની નજીક સ્થિત છેઃ સોહના, મથુરા અને દિલ્હી-મુરાદાબાદ. નિષ્ણાતો કહે છે કે ગુરુગ્રામ દિલ્હી-એનસીઆરમાં સૌથી જોખમી વિસ્તાર છે કારણ કે તે સાત ફોલ્ટ લાઈન પર આવેલું છે. જો આ સક્રિય થઈ જાય, તો ઉચ્ચ તીવ્રતાનો ધરતીકંપ આવી શકે છે અને તે વિનાશ સર્જશે. સિસ્મોલોજિસ્ટ્સનું કહેવું છે કે દિલ્હી-એનસીઆર હિમાલયની નજીક હોવાથી તે ટેક્ટોનિક પ્લેટ્સમાં ફેરફાર અનુભવે છે. હિમાલયના પટ્ટામાં કોઈપણ ભૂકંપ દિલ્હી-એનસીઆરને અસર કરી શકે છે.

# જમ્મુ-કાશ્મીરઃ આખી રાત હિટર ચાલુ રહેતા ગુંગળાઇ જવાથી પાંચના મોત

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં રહેતા મૂળ બિજનોરના પરિવારના પાંચ લોકોના ઘરમાં ગુંગળાઈ જવાથી મૃત્યુ નિપજ્યા હતા. રાત્રે હાડ થિજાવતી ઠંડીનો સામનો કરવા પરિવારે આખી રાત હીટર ચાલુ રાખતા આ બનાવ બન્યાનું બહાર આવ્યું છે. મૃત્યુ પામનાર પરિવાર છેલ્લા 15 વર્ષથી અહીં રહેતો હતો. મૃત્યુ પામેલામાં 35 વર્ષીય મોહમ્મદ માજીદ,

તેની 30 વર્ષીય પત્ની શહાના ઉપરાંત બાળકો ફૈઝાન (ઉ.7), અબુઝર (ઉ.5) અને એક નવજાત બાળકનો સમાવેશ થાય છે. આ પરિવાર અહીં ભાડાના મકાનમાં રહેતો હતો પાડોશીઓએ જોયું કે પરિવારના લોકો કોઈ પતિક્રિયા નથી આપી રહ્યા ત્યાર બાદ સ્થાનિક ડોકટરને બોલાવાયા. ડોકટરે તપાસ કરી તમામને મૃત જાહેર કર્યા હતા. સ્વાસ્થ્ય તંત્રના જણાવ્યા અનુસાર તમામે ગુંગળાઈ જવાથી જીવ ગુમાવ્યા છે.

## સરકારોએ કઈ રીતે કામ કરવુ જોઈએ... એવી સૂફિયાણી સલાહ આપનારામાંથી કેટલા મતદાન માટે જતાં હશે..?

# મતદારો વધ્યા પણ મતદાનની ટકાવારી વધતી નથી, કરે તો ક્યા કરે..?!

ગુજરાત | વંદન

ભારતમાં સરકારોની વારંવાર ટીકા ટીપ્પણી-આલોચના કરનારાઓની સંખ્યાં કાંઇ ઓછી નથી સરકારોએ કઇ રીતે કામ કરવુ જોઇએ એવી સૂફિયાણી સલાહ આપતાં પાનના ગલ્લે ઉભા ઉભા મસાલો મસળતા લોકોમાંથી કેટલા મતદાન માટે જતાં હશે..? એવા લોકોને પણ મતદાન મથક સુધી લઇ જવાના પ્રયાસો ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. વસ્તીની સાથે મતદારોની સંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે પણ મતદાનની ટકાવારીમાં એટલો વધારો થતો નથી.

ભારતમાં 1951 થી અત્યાર સુધીમાં કુલ મતદારોની સંખ્યામાં લગભગ છ ગણો વધારો જોવા મળ્યો છે અને આ વર્ષે આ સંખ્યા 94.50 કરોડને વટાવી ગઈ છે.જો કે, આમાંથી લગભગ એક તૃતીયાંશ મતદારોએ છેલ્લી લોકસભા ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો ન હતો. આ કારણે ચૂંટણી પંચ વધુને વધુ મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે વધારાના પ્રયાસો કરી રહ્યું છે.

વર્ષ 1951 માં, જ્યારે પ્રથમ સામાન્ય ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર કરવામાં આવી હતી, ત્યારે ભારતમાં 17.32 કરોડ નોંધાયેલા મતદારો હતા અને 45.67% મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વર્ષોથી નોંધાયેલા મતદારોની સંખ્યામાં ક્રમશઃ વધારો થયો છે અને ત્યારપછીની ચૂંટણીઓમાં તેમની ભાગીદારી પણ વધી છે. 1957ની સામાન્ય ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા 19.37 કરોડ હતી અને 47.74 ટકા મતદારોએ મતદાન કર્યું હતું.

મતદાનની ટકાવારી 75 ટકા સુધી લઈ જવાની ચર્ચા વચ્ચે, ચૂંટણી પંચે 30 કરોડ મતદારોનો મુદ્દો ઉઠાવ્યો જેઓ 2019ની લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા આવ્યા ન હતા. આ 30 કરોડ મતદારોની શ્રેણીમાં શહેરી વિસ્તારના લોકો, યુવાનો અને સ્થળાંતર કરનારાઓનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શહેરી મતદારોની ઉદાસીનતા તરફ ધ્યાન દોર્યું છે . આ વર્ષે ઘણા રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી અને આવતા વર્ષે સૂચિત લોકસભા ચૂંટણીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચનો હેતુ મતદાનની ટકાવારી વધારવાનો છે.

1962 ની સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વખત, ચૂંટણી પ્રક્રિયામાં લોકોની ભાગીદારી 50 ટકાને વટાવી ગઈ, જ્યારે 21.64 કરોડ મતદારોમાંથી 55.42 ટકાએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો. વર્ષ 2009 સુધીમાં, નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા વધીને 71.70 કરોડ થઈ ગઈ હતી, પરંતુ મતદાનની ટકાવારી માત્ર 58.21 ટકા હતી, જે 1962ના મતદાન કરતાં નજીવો વધારો છે.

2014ની સામાન્ય ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા 83.40 કરોડ હતી અને મતદાનની ટકાવારી વધીને 66.44 થઈ હતી.2019ની સામાન્ય ચૂંટણીમાં 91.20 કરોડ નોંધાયેલા મતદારો હતા અને 67.40 ટકા મતદારો મતદાન કરવા માટે મતદાન મથકો પર પહોંચ્યા હતા. આ વર્ષે 1 જાન્યુઆરીએ કુલ મતદારોની સંખ્યા 94,50,25,694 હતી.

દેશમાં દર વર્ષે 25 જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે. તે દેશના


(અનુસંધાન પેજ નં.6 પર)






## બોલો, લોકસભાની 2019ની ચૂંટણીમાં 30 કરોડ મતદારોએ મતદાન જ ના કર્યું...

# સિદ્ધાર્થ-કિયારા એકબીજાના બન્યા: શાહી મહેલમાં 7 ફેરા લીધા



## શાહી બારાતમાં રાજસ્થાનના રજવાડાઓની ઝલક જોવા મળી

બોલિવૂડના ફેમસ કપલ કિયારા-સિદ્ધાર્થના લગ્ન થઈ ગયા છે. સિદ્ધાર્થ વરરાજા બન્યો અને જેસલમેરની સૂર્યગઢ પેલેસ હોટેલમાં કન્યા કિયારા સાથે સાત ફેરા લીધા. હવે બંને સાત જન્મના સાથી બની ગયા છે. બારાતે શાહી શૈલીમાં એન્ટ્રી લીધી હતી. શાહી બારાતમાં રાજસ્થાનના રજવાડાઓની ઝલક જોવા મળી હતી. શાહી બારાતની આગેવાની હાથી, ઘોડા, ઊંટ અને અન્ય લવજામા દ્વારા કરવામાં આવી હતી. જેથી આ લગ્નને સંપૂર્ણપણે રાજસ્થાની ટચ મળી શકે. લગ્નમાં ભારે લવજામા ઉપરાંત વિન્ટેજ કાર પણ સામેલ કરવામાં આવી હતી. આ વિન્ટેજ કારમાં મલ્હોત્રા પરિવારના સભ્યો બેઠા હતા. શાહી લગ્નમાં રાજસ્થાની લવાજની સંપૂર્ણ વ્યવસ્થા સૂર્યગઢ મહેલ પેલેસ હોટેલ દ્વારા કરવામાં આવી છે. હોટલમાં છેલ્લા 3 દિવસથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## લગ્નમાં 50 થી વધુ હસ્તીઓએ હાજરી આપી

સિદ્ધાર્થ અને કિયારા અડવાણીના લગ્નમાં 50 થી વધુ હસ્તીઓએ હાજરી આપી હતી. જેમાં ઈશા અંબાણીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત લગ્ન માટે રાજસ્થાની સંગીત, પંજાબી સંગીત, ફ્યુઝન, સૂફી સંગીતના અલગ-અલગ મેળાવડા સજાવવામાં આવ્યા. રોક બેન્ડનું પ્રદર્શન અદભૂત રહ્યું.

## ચીનમાં રિલીઝ થશે શ્રીદેવીની ફિલ્મ ઈંગ્લિશ-વિંગ્લિશ




શ્રીદેવીની 'ઈંગ્લિશ વિંગ્લિશ' દિવંગત અભિનેત્રીની સૌથી પ્રિય ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. ગૌરી શિંદે દ્વારા નિર્દેશિત આ ફિલ્મ લગભગ 11 વર્ષ પહેલા એટલે કે વર્ષ 2012માં રિલીઝ થઈ હતી અને આ ફિલ્મમાં આદિલ હુસૈન, સુજાતા કુમાર અને પ્રિયા આનંદે પણ શાનદાર અભિનય કર્યો હતો. શ્રીદેવીની ફિલ્મ 2012 ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં તેના વર્લ્ડ પ્રીમિયર માટે પસંદ કરવામાં આવી હતી. દર્શકો અભિનેત્રી શ્રીદેવી અને તેના અભિનયના વખાણ કરતાં થાક્યા નથી. હવે પ્રખ્યાત ફિલ્મ અભિનેત્રી શ્રીદેવીની પાંચમી પુણ્યતિથિ પર 'ઈંગ્લિશ વિંગ્લિશ' 24 ફેબ્રુઆરીએ ચીનમાં રિલીઝ થવા જઈ રહી છે.

સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીદેવી 15 વર્ષ પછી ગૌરી શિંદેની દિગ્દર્શિત પ્રથમ ફિલ્મ ઈંગ્લિશ વિંગ્લિશ સાથે મોટા પડદા પર પરત ફરી. આ ફિલ્મ ગૌરીની પોતાની માતાથી પ્રેરિત હતી. જેઓ વ્યવસાય ચલાવતી હતી પરંતુ ઈચ્છતી હતી કે તે અંગ્રેજી શીખી શકે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન પણ ખાસ ભૂમિકામાં છે.

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં વાત કરતા શ્રીદેવીના પતિ બોની કપૂરે કહ્યું, "ચીનમાં રીલિઝ થનારી શ્રીદેવીની આ બીજી ફિલ્મ હશે, પરંતુ કમનસીબે તેની બંને ફિલ્મો તેના મૃત્યુ બાદ રિલીઝ થઈ હતી. મોમ તેની પ્રથમ ફિલ્મ હતી અને આ ફિલ્મે ચીનમાં ખૂબ સારો બિઝનેસ કર્યો હતો. લોકોએ પણ આ ફિલ્મને ઘણો પ્રેમ આપ્યો. મને પૂરી આશા છે કે ઈંગ્લિશ વિંગ્લિશ પણ તેનો જાદુ ફેલાવવામાં સફળ રહેશે." શ્રીદેવીની 'મૉમ'એ ચીનમાં સૌના દિલ જીતી લીધા હતા. તે ચીનમાં 8મી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ છે. તમને જણાવી દઈએ કે, શ્રીદેવીનું મૃત્યુ તેની પુત્રી જાહ્નવી કપૂરની ડેબ્યુ ફિલ્મ ધડકની રિલીઝ પહેલાં જ થયું હતું. આ દરમિયાન તેમની સૌથી નાની પુત્રી ખુશી કપૂર પણ આ વર્ષે ફિલ્મોની દુનિયામાં પદાર્પણ કરી રહી છે. તે ઝોયા અખ્તરની 'ધ આર્ચીઝ'માં સુહાના ખાન અને અગસ્ત્ય નંદા સાથે જોવા મળશે.



## ગ્રે કલરની બિકીની અને બ્લેક સ્કાર્ફમાં મૌનીએ રોયે દેખાયો કાતિલ અંદાજ

ટીવી અભિનેત્રી મૌની રોય જેટલી સુંદર છે તેટલી જ તે એક સારી કલાકાર પણ છે. અભિનેત્રીએ ટીવીની સાથે સાથે ફિલ્મોમાં પણ ઘણું નામ કમાવ્યું છે. મૌની રોયે તાજેતરમાં એક ફોટોશૂટ કરાવ્યું છે, જેની તસવીરો સોશિયલ મીડિયા પર પણ જોરદાર વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં એક્ટ્રેસ બ્લેક સ્કાર્ફમાં લપેટી ગ્રે કલરની બિકીની પહેરેલી જોવા મળી રહી છે. આ લુક સાથે અભિનેત્રીએ સુંદર નેકલેસ પણ પહેર્યો છે. આ તસવીરો મૌનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરી છે. આને શેર કરતા અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું કે, 'માત્ર હૃદય જ જોઈ શકે છે જે આંખોથી પણ દેખાતું નથી.'

## સામંથાના ફેન્સને 'શાકુંતલમ્' માટે વધુ રાહ જોવી પડશે...

સામંથા રૂથ પ્રભુ દક્ષિણની શ્રેષ્ઠ અભિનેત્રી છે. તેણે એકથી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તાજેતરમાં, સામંથાએ તેની બીમારી વિશે ખુલાસો કર્યો હતો, જેના પછી અભિનેત્રીના ચાહકો ખૂબ નિરાશ થયા હતા. હાલમાં જ સામંથાએ તેના સોશિયલ મીડિયા પર ફિલ્મ 'શાકુંતલમ'ની કેટલીક તસવીરો શેર કરી હતી, જેના પછી અભિનેત્રીના ચાહકો તેની ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે સમાચાર આવી રહ્યા છે કે 'શાકુંતલમ'ની રિલીઝ ડેટ ફરી બદલવામાં આવી છે. શાકુંતલમના નિર્માતાઓએ કહ્યું છે કે આ ફિલ્મ હવે 17 ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં નહીં આવે. નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. કૃપા કરીને જણાવી દઈએ કે આ ફિલ્મ અસલમાં તેલુગુમાં રિલીઝ થવાની છે, પરંતુ તે એક પાન ઈન્ડિયા ફિલ્મ છે. આ ફિલ્મનું લેખન અને નિર્દેશન ગુણશેખરે કર્યું છે. જારી કરાયેલા નિવેદનમાં લખવામાં આવ્યું છે કે, અમને તમને જણાવતા અફસોસ થાય છે કે અમે આ 17મી ફેબ્રુઆરીએ 'શાકુંતલમ'ને રિલીઝ કરી શકીશું નહીં. નવી રિલીઝ ડેટ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે'.


ફિલ્મની રિલીઝ ડેટ ફરી બદલાઈ, નવી ડેટ ટૂંકમાં જાહેર કરાશે

## રવિના ટંડનને બોલિવૂડમાં બોડી શેમિંગનો શિકાર બનવું પડ્યું હતું

### 'મોટી જાંઘવાળી' પર સાંભળવા મળતા હતા મેણાં-ટોણાં

'મસ્ત મસ્ત ગર્લ' તરીકે જાણીતી બનેલી રવિના ટંડન 90ના દાયકામાં ફિલ્મી પડદા પર પ્રભુત્વ ધરાવે છે અને આજે પણ તેની લાઈમલાઈટમાં છે. રવિના ટંડનના પિતા રવિ ટંડન તેમના સમયના મોટા દિગ્દર્શક હતા. આ કારણે રવિનાને ભલે ફિલ્મો મેળવવા માટે સંઘર્ષ ન કરવો પડ્યો હોય, પરંતુ તેણે બોડી શેમિંગનો ઘણો સામનો કરવો પડ્યો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લોકોના ટોણા સાંભળ્યા. રવિના ટંડને હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યુમાં નેવુંના દાયકાના તે દિવસો વિશે જણાવ્યું હતું જ્યારે તેના શરીરના ભાગોને ટોણા મારવામાં આવતા હતા.

રવિના ટંડને વધુમાં જણાવ્યું કે, તેણે લોકોએ બોડી શેમ કરતા શું-શું અનાપ-શનાપ કહ્યું હતું. તેણે કહ્યું, 'મારા માટે ઘણી બધી વાતો કરવામાં આવી હતી. ક્યારેક તેને 'થંડર થાઈઝ', ક્યારેક મિસ યે, ક્યારેક મિસ તે અને 90 કિલોની કહેવામાં આવતું હતું. ખરેખર તો હું જાડી હતી. મેં મારી કારકિર્દીની શરૂઆત 16 વર્ષની ઉંમરે કરી હતી. હું જાડી હતી. જોકે મને હવે તેનાથી કોઈ ફરક નથી પડતો. મને આ રીતે જીવવું ગમે છે અને આની સાથે જ સારું લાગે છે.




રવિના ટંડને કહ્યું છે કે તેને તે મેગેઝિનમાં પ્રકાશિત થયેલી વાર્તાઓના કેટલાક શીર્ષકો યાદ છે. તેના વિશે જ નહીં અન્ય હિરોઈન વિશે પણ આડેધડ લખવામાં આવતુ હતું. રવિનાએ આગળ કહ્યું, 'તેણે મહિલાઓને સપોર્ટ કરવાને બદલે શું કરતી હતી? આ મહિલા સંપાદકો પહેલા હીરોના પ્રેમમાં પડતા અને પછી હીરો ગમે તે કહે, તે તેમના માટે છેલ્લી વાત બની જતી. જો હીરો કોઈ સ્ત્રીને ખરાબ દેખાડવા માંગતો હોય તો તે સ્ત્રીને શેમ કરવામાં આવતી હતી. મેગેઝિનમાં તે સ્ત્રીની બહુ ખોટુ લખાતુ હતું. આવી વાતો લખાતી હતી કે તેનો કારણે કરિયર બરબાદ થઈ થાય. આવી ઘણી બનાવટી વાતો તે સમયના સામયિકોમાં લખવામાં આવી હતી કારણ કે હીરો ઈચ્છતો હતો. હીરોએ કહ્યું હોત કે સારું છે, હવે તેના વિશે આ રીતે લખો.. અને તેની વાત સ્વીકારવામાં આવતી હતી. જોકે, રવિના ટંડને આ દરમિયાન કોઈ અભિનેતા કે અભિનેત્રી કે ફિલ્મ સંપાદકનું નામ લીધું ન હતું. પરંતુ ચોંકાવનારા ખુલાસા ચોક્કસ કર્યા છે.

## આગામી સમયમાં 'નાગિન 6'માં આવશે અદભુત-અનેરૂ ટ્વિસ્ટ

### એકતા કપૂરે શોને ફરી TRP ટ્રેક પર લાવવા માટે નવું પગલું ભર્યું

ટીવી ક્વીન એકતા કપૂરના સુપરહિટ શો 'નાગિન સીઝન 6'ને લઈને એક નવું અપડેટ સામે આવ્યું છે. તેજસ્વી પ્રકાશના ચાહકો માટે સારા સમાચાર છે કે નાગિન 6 ટૂંક સમયમાં ઑફ-એર થવાનું નથી, પરંતુ તે હવે એપ્રિલ સુધી ચાલશે. એકતા કપૂરે હવે આ શોને ફરી TRP ટ્રેક પર લાવવા માટે એક નવું પગલું ભર્યું છે. અહેવાલો અનુસાર, 'નાગિન 6'માં કેટલાક રસપ્રદ ટ્વિસ્ટ લાવવામાં આવશે જેથી દર્શકોની રુચિ શોમાં જળવાઈ રહે.ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા એકતા કપૂરનો સુપરનેચરલ શો 'નાગિન 6' બંધ થવાના સમાચાર આવ્યા હતા. એકતા કપૂરે સોશિયલ મીડિયા પર લાંબી વિદાયની પોસ્ટ પણ શેર કરી હતી. આ સિવાય નાગિન 6 ની સ્ટાર કાસ્ટ પણ અંતિમ એપિસોડ માટે શૂટિંગ કરતી જોવા મળી હતી. પરંતુ હવે સમાચાર છે કે આ સીરિયલ એપ્રિલ સુધી બંધ નહીં થાય. શોની લોકપ્રિયતા જોઈને એકતા કપૂરે તેને બે મહિનાનું એક્સટેન્શન આપવાનો નિર્ણય કર્યો છે.

મળતી માહિતી મુજબ 'નાગિન 6' ને બે મહિનાનું વધુ એક્સ્ટેંશન મળ્યું છે અને શો માટે એક નવો ટ્રેક પણ રજૂ કરવામાં આવશે. મતલબ કે આ શો હજુ બે મહિના સુધી પ્રસારિત થશે. શોની નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે, "નાગિનને બે મહિનાનું એક્સટેન્શન મળ્યું છે અને તે એપ્રિલમાં ઑફ-એર થઈ જશે. નિર્માતાઓ એક નવો ટ્રેક રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે પરંતુ તેના વિશે કંઈપણ જાહેર કરવામાં આવ્યું નથી. પ્યારને જોઈને મેકર્સ ઈચ્છે છે કે શો વધુ બે મહિના લંબાવો.




## 'કંતારા'ની ગર્જના ફરી ગૂંજશે, 2024 માં રિલીઝ થશે પ્રિક્વલ




ફિલ્મ 'કંતારા 2'થી વિશ્વભરમાં સનસનાટી મચાવનાર અભિનેતા-દિગ્દર્શક ઋષભ શેટ્ટી હવે ટૂંક સમયમાં આ ફિલ્મનો પહેલો ભાગ એટલે કે પ્રિક્વલ લઈને આવી રહ્યો છે. રિષભ શેટ્ટીએ પ્રીક્વલ સંબંધિત એક ખાસ અપડેટ શેર કરી છે, જેનાથી ચાહકો ઉત્સાહિત છે. માત્ર 16 કરોડ રૂપિયાના બજેટમાં બનેલી 'કંતારા 2' એક દેવતાની પૌરાણિક કથા હતી, જે અગાઉ માત્ર કન્નડ ભાષામાં જ રિલીઝ થઈ હતી. પરંતુ ફિલ્મને મળેલા જબરદસ્ત પ્રતિસાદ અને માંગને કારણે તેને સમગ્ર ભારતમાં રિલીઝ કરવામાં આવી. અને પછી 'કંતારા'એ શું કર્યું તે બધાએ બતાવ્યું. આ ફિલ્મે 400 થી 450 કરોડની રેકોર્ડ કમાણી કરી હતી.

ત્યારથી ચાહકો કંતારાના આગામી ભાગની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આગળના ભાગમાં વાર્તા શું હશે તે જાણવા તે આતુર હતા. પરંતુ ઋષભ શેટ્ટીએ કહ્યું છે કે તે ફિલ્મનો આગળ નહીં પરંતુ પહેલો ભાગ લાવશે. ઉલ્લેખનીય છે કે 'કાંતારા'એ સિનેમાઘરોમાં તેની રજૂઆતના 100 દિવસ પૂર્ણ કર્યા છે. આ ફિલ્મ હજુ પણ ઘણી જગ્યાએ સિનેમાઘરોમાં બતાવવામાં આવી રહી છે. આની ઉજવણી કરવા માટે, મેકર્સે તાજેતરમાં એક સક્સેસ પાર્ટી આપી હતી. આ દરમિયાન ઋષભે જણાવ્યું કે તેણે 'કાંતારા'ની પ્રિક્વલની વાર્તા લખવાનું શરૂ કરી દીધું છે. રિષભે કહ્યું કે તે 'કંતારા 2' છે પરંતુ તેની પ્રિક્વલ સ્ટોરી હશે. ઋષભ શેટ્ટીએ જણાવ્યું કે 'કાંતારા'ની પ્રિક્વલ 2024માં રિલીઝ થશે. રિષભ જણાવે છે કે તેને પ્રિક્વલ માટે ક્યારે અને કેવી રીતે વિચાર આવ્યો. તેણે કહ્યું, 'પ્રીક્વલ બનાવવાનો વિચાર મારા મગજમાં ત્યારે આવ્યો જ્યારે હું 'કંતારા 2'નું શૂટિંગ કરી રહ્યો હતો. હાલમાં, અમે આ માટે વધુ વિગતો મેળવી રહ્યા છીએ. હાલમાં આ ફિલ્મ માટે રિસર્ચ ચાલી રહ્યું છે અને તેથી કંઈપણ કહેવું વહેલું ગણાશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### એક રૂપિયાની પણ રાહત આપવાના બદલે માત્ર તેનો અમલ લંબાવાયો

# નવી જંત્રીના અમલમાં નાગરીકોને હવે બે મહિનાની રાહત, 15મી એપ્રિલથી અમલ

ગુજરાત | વંદન

રાજ્યની ભાજપ સરકારે બિલ્ડર એસોસિએશનની આંશિક માંગણીનો સ્વીકાર કરીને નવી જંત્રીમાં કોઈ ઘટાડો કરવાને બદલે માત્ર તેના અમલમાં રાહત આપીને હવે બે મહિના બાદ 15મી એપ્રિલથી નવી જંત્રીનો અમલ થશે. બિલ્ડર એસોસિએશને મે મહિના સુધી અમલ મોકૂફ રાખવાની રજૂઆત કરી હતી. પરંતુ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર મે મહિના બદલે 15 એપ્રિલ સુધી નિર્ણય મોકૂફ રાખ્યો છે. એટલે કે રાજ્ય સરકારે નવી જંત્રી કે જેમાં 100 ટકાનો વધારો ઝિંક્યો છે તેમા એક રૂપિયાની પણ રાહત આપવાના બદલે માત્ર તેનો અમલ બે મહિના લંબાવાયો છે. બિલ્ડર એસોસિએશન દ્વારા સરકારના આ નિર્ણયને આવકાર આપવાના સાથે એવી લાગણી વ્યક્ત કરી કે જો મહિના સુધી અમલ મોકૂફ રખાયો હોત તો સારૂ ગણાત.રાજ્યમાં નવી જંત્રી અંગે સરકારનો એક મહત્વનો નિર્ણય આજે 11મી ફેબ્રુઆરીએ સામે આવ્યો છે. જેમા નવી જંત્રીના દરના અમલની સમય મર્યાદા વધારાઈ છે. નવી જંત્રીનો અમલ હવે 15મી એપ્રિલથી થશે. અગાઉ 4 ફેબ્રુઆરીથી નવી જંત્રીનો દર અમલમાં મુકાયો હતો. હવે નવી



જંત્રીનો અમલ 15મી એપ્રિલથી થશે. આમ, નવી જંત્રીના અમલમાં બે મહિનાની રાહત અપાઇ છે. નોંધનીય છે કે, નવી જંત્રીના દરનો અમલ હાલ પુરતો મોકૂફ રખાયો છે. અગાઉ નવી જંત્રીમાં 100 ટકાનો વધારો કરતા બિલ્ડર્સ એસોસિશને વિરોધ કર્યો હતો. બિલ્ડર્સ એસોસિએશને મે સુધીના સમયની માગ કરી હતી.

નવી જંત્રીમાં 100 ટકાનો વધારો કરતા બિલ્ડર્સ એસોસિશન દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો, સાથે જ આ મામલે સરકાર સાથે બેઠકોનો દોર પણ ચાલ્યો હતો. જે બાદ હવે સરકાર દ્વારા નવી જંત્રીના અમલને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના રિયલ એસ્ટેટ ક્ષેત્ર અને જન-સામાન્યના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે તાજેતરમાં જંત્રી દરમાં કરેલો વધારો ...અનુસંધાન પાના નં.06

### જંત્રી એટલે શું અને તે કોણ નક્કી કરે છે?

- જંત્રી એટલે કે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવતું લૅન્ડ વૅલ્યૂ સર્ટિફિકેટ. જંત્રી એટલે જમીન કે કોઈપણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ માટે સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા લઘુતમ ભાવ.
- જો તમારો વેચાણ દસ્તાવેજ જંત્રી કરતા વધુ હશે તો જ સરકારી ચોપડે તમે તે પ્રૉપર્ટીના માલિક છો તેવી નોંધણી થશે નહીંતર નોંધણી નહીં થાય.
- જંત્રીના ભાવથી કોઈપણ પ્રોપર્ટીનો દસ્તાવેજ કરતી વખતે તમારે કેટલી સ્ટેમ્પ ડ્યુટી અને કેટલો રજિસ્ટ્રેશન ચાર્જ ચૂકવવો એ નક્કી કરવામાં મદદ મળે છે. બીજા રાજ્યોમાં તેને સર્કલ રેટ તરીકે ઓળખવામાં આવે છે.
- રાજ્ય સરકાર દ્વારા જમીન અને મિલકતની બજાર કિંમતના આધારે નિયમિત સમયે સમીક્ષા કરવામાં આવે છે. અને ત્યાર બાદ સર્કલ રેટ એટલે કે જંત્રીના દર નક્કી કરવામાં આવે છે.

### રાજ્યમાં 23 જેટલી સ્કૂલોમાં ગુજરાતી ભાષા ફરજિયાત નથી ભણાવાતી

# ગુજરાતી નહીં ભણાવતી શાળાઓનું લિસ્ટ આપો, હાઈકોર્ટનો સરકારને આદેશ

ગુજરાત | વંદન

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવા મામલે જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. જે અરજીના આધારે આજે ગુજરાત હાઈકોર્ટની સરકારને ટકોર કરી હતી. હાઈકોર્ટ દ્વારા ગુજરાતી નહીં ભણાવતી શાળાઓનું લિસ્ટ આપવાનો આદેશ કર્યો હતો. હાઈકોર્ટ દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, ગુજરાતી અભ્યાસ કરાવવામાં શાળાઓને શું તકલીફ થઈ રહી છે? ગુજરાતી નહીં ભણાવતી શાળાઓને સરકારની નોટિસ ફટકારવાનો આદેશ કરવામાં આવ્યો છે.

અગાઉની સુનવણીમાં સરકારે હાઈકોર્ટમાં રજુ કરેલા સોગંધનામામાં જણાવ્યું હતું કે,



રાજ્યમાં 23 જેટલી સ્કૂલોમાં ગુજરાતી ભાષા ફરજિયાત નથી ભણાવાતી હોવાનું ધ્યાને આવ્યું છે. હવે પરિપત્રનું પાલન નહીં કરનાર સ્કૂલો સામે પગલાં લેવામાં આવશે. બીજી બાજુ એવો દાવો કરવામાં આવ્યો છે કે રાજયની 109 સ્કૂલોમાં ગુજરાતી ફરજિયાત પણે ભણાવવામાં નથી આવી રહ્યું. હાઈકોર્ટ અગાઉ સરકારની નીતિનું ચૂસ્ત પણે પાલન કરવું પડશે તેવી ટકોર કરી ચૂકી છે.

અગાઉ હાઈકોર્ટમાં થયેલી અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, સરકારી સ્કૂલોમાં ગુજરાતી ભાષાને ભણાવાતી નથી જેને લીધે બાળકનો સર્વાંગી વિકાસ થઇ શકતો નથી. માતૃભાષા અભિયાન હેઠળ સરકારે 2018માં પોલિસી બનાવી છે તેમાં તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોમાં ગુજરાતી ભાષાને મરજિયાત ...અનુસંધાન પાના નં.06

### ટ્રેનમાં એકસાથે 156 પ્રવાસીઓ મુસાફરી કરી શકશે

# ગુજરાત દર્શન માટે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનનો 28મીથી પ્રારંભ

ગુજરાત | વંદન

ગુજરાતને બેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટીનેશન તરીકે ડેવલપ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં વાઈબ્રન્ટ ગુજરાતના વારસાને દર્શાવવા માટે ભારત સરકારની એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ ભારતીય રેલ્વે અત્યાધુનિક ભારત ગૌરવ ડીલક્સ એસી પ્રવાસી ટ્રેન શરૂ કરવા જઈ રહી છે.

ગુજરાતને બેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટીનેશન તરીકે ડેવલપ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં વાઈબ્રન્ટ ગુજરાતના વારસાને દર્શાવવા માટે ભારત સરકારની એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ ભારતીય રેલ્વે અત્યાધુનિક ભારત ગૌરવ ડીલક્સ એસી પ્રવાસી ટ્રેન શરૂ કરવા જઈ રહી છે. આ ટ્રેન દ્વારા ગરવી ગુજરાત યાત્રા 28 ફેબ્રુઆરીએ દિલ્હીના સફદરગંજ સ્ટેશનથી શરૂ થશે.



આ પ્રવાસમાં વાઈબ્રન્ટ ગુજરાતનો વારસો પ્રદર્શિત કરવામાં આવશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી કોચ હશે. આ ટ્રેન દિવસે અંદાજે આઠ કલાક ચાલશે. આ દરમિયાન 3500 કિલોમીટરની યાત્રા પૂર્ણ કરવામાં આવશે. રેલવે યાત્રાના આ પેકેજનું પ્રથમ સ્ટોપેજ કેવડિયા ખાતે રાખવામાં આવ્યું છે. જ્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટી આકર્ષણનું કેન્દ્ર બનશે.

ભારત ગૌરવ ડીલક્સ એસી ટુરિસ્ટ ટ્રેનમાં ચાર ફર્સ્ટ એસી કોચ, બે સેકન્ડ એસી કોચ હશે. ...અનુસંધાન પેજ નં. 6 પર

### સ્પેશિયલ ડેઝિગ્નેટેડ પોટા જજ શુભદા કૃષ્ણકાંત બક્ષીનો ચુકાદો

# 2003ના મોદીની હત્યાના કાવતરા કેસમાં 6 કથિત આતંકીઓ નિર્દોષ

ગુજરાત | વંદન

અમદાવાદમાં એક વિષેષ અદાલતે આતંકવાદના આરોપના 6 આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા, લગભગ 20 વર્ષ બાદ તેમના



પર કથિત રીતે ગોધરા રમખાણ દરમિયાન મુસ્લિમ સમુદાયને થયેલા નુકસાનનો બદલો લેવા માટે હૈદરાબાદ અને ગુજરાતના મુસ્લિમ યુવાનોને આતંકવાદી તાલીમ માટે પાકિસ્તાન મોકલવાનો આરોપ હતો. મોહમ્મદ અબ્દુલ કવિ, ગુલામ જાફર શેખ, મોહમ્મદ આદિલ, અબ્દુલ રઝાક અબ્દુલ કરીમ શેખ, મોહમ્મદ શકીલ મોતીઉલ્લા શેખ અને મોહમ્મદ યુસુફ શેખ સામે IPC કલમ 120B (ગુનાહિત કાવતરું), 212 (ગુનેગારને આશ્રય આપવો), 121, 121(a) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (રાજ્ય સામે યુદ્ધ ચલાવવું), 122 (શસ્ત્રો એકત્ર કરવા) અને 123 (યુદ્ધ ચલાવવાના ઈરાદાથી છુપાવવું) અને આર્મ્સ એક્ટ અને પ્રિવેન્શન ઑફ ટેરરિઝમ એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ ગુનો નંદાયો હતો. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા અને હત્યા કરવાના કથિત હેતુથી પાકિસ્તાનમાં જઈને આતંકવાદી તાલીમ લેવા અને આતંકવાદના કૃત્યો આચરવાના ઈરાદે ગયેલા પાંચ લોકો સામે RSS, બજરંગ દળ અને અન્ય જમણેરી હિંદુ સંગઠનોના નેતાઓ દ્વારા 2003માં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ મામલે 31 જાન્યુઆરીના ચુકાદામાં, સ્પેશિયલ ડેઝિગ્નેટેડ પોટા જજ શુભદા કૃષ્ણકાંત બક્ષીની કોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદ પક્ષના 15 સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી બે પ્રતિકૂળ બન્યા હતા અને ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હતા, અને કોર્ટે નોંધ્યું હતું કે, અન્યના મૌખિક પુરાવા સાક્ષીઓએ પણ "ખૂબ આત્મવિશ્વાસ પ્રેરિત કર્યો નથી".

# આણંદમાં કબૂતરબાજીના કૌભાંડનો પર્દાફાશ, 173 નકલી સર્ટિફિકેટ મળી આવ્યાં

- એસઓજી પોલીસે રોનક પંડ્યા નામના શખ્સની કરી અટકાયત

ગુજરાત | વંદન

રાજ્યમાં વધુ એકવાર કબુતરબાજીના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આણંદ એસઓજીએ નકલી સર્ટિફિકેટના આધારે વિદેશ મોકલવાનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. ચાંગા ચારુસેટ યુનિવર્સિટી પાસે આવેલી પ્રાઈમ કોમ્પ્લેક્ષમાંથી દેશની જુદી જુદી યુનિવર્સિટીની શૈક્ષણિક સંસ્થાના નકલી સર્ટિફિકેટ મળી આવ્યા છે.

આણંદના પ્રાઈમ કોમ્પ્લેક્ષમાંથી કબૂતરબાજીનો કૌભાંડ ઝડપાયું છે. જ્યાંથી



દેશની વિવિધ યુનિવર્સિટીના નકલી સર્ટિફિકેટ મળી આવ્યા છે. 16 ઓરિજનલ સહિત 189 નકલી સર્ટિફિકેટ મળી આવ્યા છે. જેમાં 173 જેટલા નકલી સર્ટિફિકેટ મળી આવ્યા છે. જે સમગ્ર મામલે પોલીસે રોનક પંડ્યા નામના શખ્સની અટકાયત કરી છે. જ્યાંથી SOGએ કુલ 85 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે તેમજ પોલીસ તપાસમાં અનેક ખુલાસાઓ સામ આવી શકે છે જેને લઈ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## વેસ્ટ ઇઝ બેસ્ટ....



વેસ્ટ એટલે ભંગાર બીન ઉપયોગી અને જેનું સ્થાન કચરા પેટી કે ભંગારીયાઓને ત્યાં હોય એવી ચીજવસ્તુઓમાંથી સરસ મજાની કલાકૃતિ તૈયાર કરીને શહેરના સુભાષબ્રિજ સર્કલ ખાતે મુકવામાં આવી છે. પ્રથમ નજરે તે કોઈ માનવ આકૃતિ કે નૌકા જેવી જણાય છે. શહેરના આકર્ષણોમાં એક વધારો થયો છે.(તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

# ઈન્દ્રનીલ રાજ્યગુરૂ સહિત 7 નિર્દોષ જાહેર

ગુજરાત | વંદન

ગુજરાતમાં 2017ની વિધાનસભા ચૂંટણી દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસે ટોળાશાહી રૂપે ધસી જઈને હૂમલાનો પ્રયાસ કરવાના ગુનામાં તત્કાલીન ઉમેદવાર ઈન્દ્રનીલ રાજયગુરૂ તથા અન્ય કોંગ્રેસના આગેવાનો પર ફરિયાદ નોંધાતા કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આજે કોર્ટે ઈન્દ્રનીલ રાજ્યગુરુ સહિત કોંગ્રેસના તમામ આગેવાનોને નિર્દોષ જાહેર કર્યા હતા.

...અનુસંધાન પેજ નં. 6 પર




### 10 વર્ષ બાદ બજેટમાં નવા કરવેરાનો ઉમેરો કરવામાં આવ્યો

# શહેરીજનોને રાહતઃ ત્રણ વર્ષ સુધી પ્રોપર્ટી ટેક્સ જુના જંત્રી દરે વસુલાશે

- નવી જંત્રીમાં શહેરના કરદાતાઓને ભાજપે આપી રાહત

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ 2023- 24નું રૂ. 9482 કરોડનું બજેટ મ્યુનિ. ભાજપના સત્તાધીશોએ સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કર્યું છે. જેમા અમદાવાદના કરદાતાઓને રાહત આપતા એક નિર્ણયમાં એવી જાહેરાત કરવામાં આવી છે કે, રાજ્ય સરકારે જંત્રીના દરમાં 100 ટકાનો વધારો કર્યો છે. જો તે મુજબ પ્રોપર્ટી ટેક્સ વસુલવામાં આવે તો કરદાતાઓ ઉપર બમણું બોજ વધી શકે ઉપરાંત આગામી લોકસભાની ચૂંટણીઓને પણ ધ્યાનમાં રાખીને એમ નક્કી કરવામાં આવ્યું છે કે, ત્રણ વર્ષ સુધી પ્રોપર્ટી ટેક્સ જુની જંત્રીના દર મુજબ વસુલ કરવામાં આવશે.

કમિશનર દ્વારા મુકાયેલા રૂ. 8400 કરોડના ડ્રાફ્ટ બજેટમાં રૂ.



તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

1082 કરોડનો વધારો કરવામાં આવ્યો છે. કમિશનર દ્વારા સૂચવેલા પ્રોપર્ટી ટેક્સમાં ભાજપના સત્તાધીશોએ આંશિક ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે શહેરમાં ફેલાતા પ્રદૂષણને રોકવા માટે નવો એન્વાયર્નમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ ચાર્જ તરીકે યુઝર ચાર્જ લેવાનું પણ કમિશનરે સૂચન કર્યું હતું, જેમાં આંશિક ઘટાડો કરવામા આવ્યો છે.

વર્ષ 2023- 24નું 9482 કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે રજૂ કર્યું છે, જેમાં કમિશનર દ્વારા વિકાસનાં કાર્યો પાછળ રૂપિયા 3500 કરોડ ફાળવવામાં આવ્યા હતા. એમાં 474 કરોડનો વધારો કરી 3974 કરોડનાં વિકાસનાં કામો મૂકવામાં આવ્યાં છે. લોકોની સુવિધાને લઈને નવા અનેક આયોજનો મૂક્યાં છે. રોડ રસ્તા, ગટર, પાણી, બ્રિજ, પાર્કિંગ, ટ્રાફિક, ટ્રાન્સપોર્ટેશન, હેલ્થ, હોસ્પિટલ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, કોમ્યુનિટી હોલ, જાહેર સુવિધાઓ, બાગબગીચા, નેચરલ પાર્ક, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને સ્માર્ટસિટી હેઠળ અનેકવિધ નવાં આયોજનો મૂકીને અમદાવાદના નાગરિકોને સારામાં સારી સુવિધાઓ મળી રહે એવું આયોજન ચાલુ વર્ષના બજેટમાં કરવામાં આવ્યું છે.

અમદાવાદીઓએ 3 હજાર કરોડ રૂપિયાનો ટેક્સ ભર્યો નથી. તેથી 31 માર્ચ સુધી જો કર ચૂકવે તો 100 ટકા વ્યાજ માફી મળશે. કોર્પોરેશનની મુખ્ય આવકનો સ્ત્રોત ટેક્સ છે. દર વર્ષે 1200 કરોડથી વધુની આવક ટેક્સ મારફતે થતી હોય છે, પરંતુ AMCને 3 હજાર કરોડથી વધુની રકમનો ટેક્સ કરદાતાઓ પાસેથી લેવાનો બાકી નીકળે છે. છેલ્લા 20 વર્ષથી ઘણા એવા ટેક્સ ધારકો છે જેઓએ પોતાનો ટેક્સ ભર્યો નથી. આવા બાકી લેણા ટેક્સની ઉઘરાણી કરવા માટે AMCના ભાજપના સત્તાધીશોએ આજે એક મહત્વનો નિર્ણય કર્યો છે. આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં છેલ્લા ...અનુસંધાન પાના નં.06

### બોપલ વિસ્તારમાં જીમ્નેશિયમ બનાવવા રૂ.1.70 કરોડ

અમદાવાદ શહેરના નાગરિકો સ્વસ્થ જીવન મેળવી શકે અને યુવાનો ખડતલ બને તથા સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકે તે હેતુસર બોપલ વિસ્તારમાં જીમ્નેશિયમ બનાવવાના કામ માટે રૂા. 1.70કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.